CMYK CMYK

RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૦ વૈશાખ સુદ - ૪   શનિવાર, તા.૧૧-૦૫-૨૦૨૪   અંક : ૧૧૭ વર્ષ : ૧૯   email :rajkot@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# ધો. 10નું છેલ્લા 30 વર્ષનું રેકોર્ડબ્રેક 82.56% રીઝલ્ટ

## 100% પરિણામ સાથે ભાવનગર જિલ્લાનું તલગાજરડા અને અમદાવાદ ગ્રામ્યનું દાલોદ કેન્દ્ર ટોચ પર : ગત વર્ષ કરતા A1 ગ્રેડ વિદ્યાર્થીઓની સંખ્યા ચાર ગણી વધી

અમદાવાદ,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ માસમાં યોજાયેલી ધોરણ ૧૦ની પરીક્ષાનું પરિણામ આજે ૧૧ મે, ૨૦૨૪ને શનિવારે જાહેર કરવામાં આવ્યું છે.ધો.૧૦નું છેલ્લા પાંચ વર્ષમાં રેકોર્ડબ્રેક ૮૨.૫૬ ટકા રિઝલ્ટ આવ્યું છે. જ્યારે ગત વર્ષ ૨૦૨૩ કરતા ૧૭.૯૪ ટકા પરિણામ વધ્યું છે. આ વર્ષે એટલે કે ૨૦૨૪ના વર્ષનું છેલ્લા ૩૦ વર્ષનું રેકોર્ડબ્રેક રિઝલ્ટ આવ્યું છે. આ વર્ષે છોકરાઓ કરતા છોકરીઓએ બાજી મારી છે, ૨૦૨૩ કરતા આ વર્ષે ૧૭.૯૪ ટકા વધુ પરિણામ આવ્યું છે. સૌથી વધુ ગાંધીનગર જિલ્લાનું ૮૭.૨૨ ટકા પરિણામ આવ્યું છે. ગત વર્ષ કરતા છ૧ ગ્રેડ વિદ્યાર્થીઓની સંખ્યા ચાર ગણી વધી છે. ગત વર્ષે છ૧ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૧૧૧ હતી. જ્યારે આ વર્ષે છ૧ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૩,૨૪૭ પહોંચી છે.આ વખતે કુલ ૬૯૯૫૯૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમનું પરિણામ ૮૨.૫૬% આવ્યું છે. સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર - દાલોદ (જિલ્લો અમદાવાદ ગ્રામ્ય) ૧૦૦%, તલગાજરડા( જિલ્લો ભાવનગર) ૧૦૦% રહ્યા છે. જ્યારે સૌથી પરિણામ ધરાવતો જિલ્લો ગાંધીનગર રહ્યો છે જેનું પરિણામ ૮૭.૨૨% આવ્યો છે. જ્યારે સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલલો પોરબંદર ૭૪.૫૭% રહ્યો છે. ૧૦૦% પરિણામ ધરાવતી શાળાઓની વાત કરીએ તો આ વખતે ૨૦૨૩ની તુલનાએ આવી સ્કૂલોની સંખ્યા વધીને ૧૩૮૯ને આંબી ગઈ છે જે ૨૦૨૩માં ૨૭૨ જ હતી. ૦% પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા આ વખતે ઘટી છે જે ૭૦ની આજુબાજુ છે.

## સંતરામપુરના પરથમપુરમાં આજે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ફરી મતદાન

### પરથમપુર એક બુથ પર ૭ મેએ બુથ કેપ્ચર કરવામાં આવ્યું હતું

દાહોદ,
દાહોદ લોકસભા બેઠકના સંતરામપુર તાલુકાના પરથમપુર બુથ પર ફરી મતદાન થઈ રહ્યું છે. પરથમપુર બુથ પર સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયું છે જે સાંજે ૬ વાગ્યા સુધી યોજાશે. ચૂંટણી પંચ દ્વારા બુથનું લાઈવ વેબ કાસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે. મહત્ત્વપૂર્ણ છે કે મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં આવેલા પરથમપુરના એક બુથ પર ભાજપના નેતાના પુત્ર દ્વારા ૭ મેએ ચૂંટણી દરમિયાન બુથ કેપ્ચર કરવામાં આવ્યું હતું.

## સર્જિકલ સ્ટ્રાઈક થઈ પણ હતી કે નહીં ? તેલંગાણાના મુખ્યમંત્રીએ ઉઠાવ્યા સવાલ

### ફરી એક વખત પુલવામા આતંકી હુમલા અને બાલાકોટ સર્જિકલ સ્ટ્રાઈકની ચર્ચા શરૂ

નવીદિલ્હી,
લોકસભા ચૂંટણી વચ્ચે ફરી એક વખત પુલવામા આતંકી હુમલા અને બાલાકોટ સર્જિકલ સ્ટ્રાઈકની ચર્ચા શરૂ થઈ ગઈ છે. તેલંગાણાના મુખ્યમંત્રી અને કોંગ્રેસ નેતા રેવંત રેડ્ડીએ જમ્મુ કાશ્મીરના પુલવામામાં થયેલા



આતંકી હુમલા અને તે પછી પાકિસ્તાનમાં ઘુસીને કરવામાં આવેલી બાલાકોટ સર્જિકલ સ્ટ્રાઈક પર સવાલ ઉઠાવ્યા છે. તેલંગાણાના મુખ્યમંત્રીએ પુલવામા હુમલાને ઈન્ટેલિજન્સ ફેલિયર ગણાવતા કહ્યું કે ભાજપે સર્જિકલ સ્ટ્રાઈકનો રાજકીય ફાયદો ઉઠાવ્યો હતો.

તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ કહ્યું, "પુલવામા હુમલો IB અને ઈન્ટેલિજન્સનો ફેલિયર હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેના પર કઈ કર્યું નથી, તે બાદ સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી. સર્જિકલ સ્ટ્રાઈકનો ભાજપે ફાયદો ઉઠાવ્યો છે.

## કેજરીવાલ ૧ જૂન સુધી જામીન મુક્ત : ચૂંટણી પ્રચાર કરી શકશે

નવીદિલ્હી,
દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તિહાર જેલમાંથી બહાર આવી ગયા છે. સુપ્રીમ કોર્ટે શુક્રવારે (૧૦ મે) તેમને ૧ જૂન સુધી વચગાળાના જામીન આપ્યા છે. તેમને ૨ જૂને કોઈપણ સંજોગોમાં આત્મસમર્પણ કરવા માટે કહેવામાં આવ્યું છે.

કેજરીવાલ દિલ્હી લિકર પોલિસી કેસમાં ૪૦ દિવસ (૧ એપ્રિલ)થી તિહાર જેલમાં બંધ છે. કોર્ટે બપોરે ૨ વાગ્યે એક જ લાઈનમાં પોતાનો ચુકાદો જાહેર કર્યો. જો કે, તેમના વકીલે ૪ જૂન સુધી મુક્ત કરવાની વિનંતી કરી હતી, જેને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી. કોર્ટે કહ્યું કે ચૂંટણી પ્રક્રિયા ૧ જૂનના રોજ સમાપ્ત થશે.

જસ્ટિસ સંજીવ ખન્નાએ કહ્યું, 'ઈડીએ ઓગસ્ટ ૨૦૨૨માં કેસ નોંધ્યો હતો.



માર્ચ (૨૦૨૪)માં તેમની ધરપકડ કરવામાં આવી હતી. દોઢ વર્ષ સુધી ED ક્યાં હતી? ધરપકડ પછીથી અથવા અગાઉ થઈ શકતી હતી. AAP નેતા અને મંત્રી આતિશીએ કહ્યું, 'આ સત્યની જીત છે. બંધારણ અને લોકશાહીને બચાવવા માટે આગળ આવવા બદલ હું સુપ્રીમ કોર્ટનો આભાર માનું છું.

## લદ્દાખમાં ૬૬ દિવસથી ચાલી રહેલી ભૂખ હડતાલ સ્થગિત

### અહીં થનારી લોકસભા ચૂંટણીના ૧૦ દિવસ પહેલા અસ્થાયી રૂપે ભૂખ હડતાલને સ્થગિત કરી

લદ્દાખ,
લદ્દાખમાં વિવિધ સમૂહો દ્વારા છેલ્લા ૬૬ દિવસોથી જારી ભૂખ હડતાલને શુક્રવારે હંગામી ધોરણે સ્થગિત કરી દેવાઈ. સર્વોચ્ચ સંસ્થા લેહે અહીં થનારી લોકસભા ચૂંટણીના ૧૦ દિવસ પહેલા અસ્થાયી રૂપે ભૂખ હડતાલને સ્થગિત કરી છે.

આ પ્રદર્શનને જળવાયુ ઉપવાસનું નામ અપાયું હતું. લદ્દાખ સંસદીય ક્ષેત્ર માટે ૨૦મેના રોજ વોટિંગ થવાનું છે. ભૂખ હડતાલની શરૂઆત સોનમ વાંગચુક દ્વારા લદ્દાખને રાજ્યનો દરજ્જો આપવા, સંવિધાનની છઠ્ઠી અનુસૂચી હેઠળ લાવવા, લદ્દાખ માટે એક વધારાની સંસદીય સીટ અને તેની સ્થાપનની માંગણીના સમર્થનમાં ૨૧ દિવસના ઉપવાસ સાથે કરાઈ હતી.

## કર્ણાટક સેક્સ સ્કેન્ડલ : દેવરાજ ગૌડાની ધરપકડ

### ૧ એપ્રિલના રોજ નોંધાયો હતો કેસ : પીડિતાનો આરોપ- ૧૦ મહિના સુધી યૌન શોષણ કર્યુ

કર્ણાટક,
બીજેપી નેતા અને એડવોકેટ જી દેવરાજ ગૌડાની શુક્રવારે (૧૦ મે) રાત્રે હસન સાંસદ પ્રજવલ રેવન્ના સાથેના અશ્લીલ વીડિયોના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, દેવરાજ ગૌડાને ચિત્રદુર્ગ જિલ્લાની હિરીયુર પોલીસે ગુલિહાલ ટોલ ગેટ પર પેન ડ્રાઈવમાં વીડિયો લીક કરવા બદલ ધરપકડ કરી છે.

હસન પોલીસને દેવરાજની ધરપકડ કરવા માટે એક બાતમીદાર પાસેથી માહિતી મળી હતી. આ પછી ચિત્રદુર્ગ પોલીસે ઈનપુટના આધારે શોધ શરૂ કરી. જે બાદ તે ગુલિહાલ ટોલ પર પકડાયો હતો. હસન પોલીસ આ કેસમાં પ્રજવલનું નિવેદન નોંધવા માંગે છે. દેવરાજે જ ભાજપ નેતૃત્વને રેવન્નાના અનેક મહિલાઓના જાતીય શોષણ વિશે ચેતવણી આપી હતી અને હસનમાંથી ત્રહ્રજી સાંસદને લોકસભાની ટિકિટ આપવા સામે ચેતવણી આપી હતી.

ગૌડા વિરુદ્ધ એપ્રિલમાં એક મહિલાએ ફરિયાદ નોંધાવી હતી. આરોપ છે કે ગૌડાએ તેની મિલકત વેચવામાંમદદ કરવાના બહાને લગભગ દસ મહિના સુધી તેનું શોષણ કર્યું. મહિલાના પતિએ પણ ગૌડા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે દેવરાજ તેમના ઘરમાં ઘુસી ગયો હતો, તેને ધમકી આપી હતી અને તેની સાથે ગેરવર્તન કર્યું હતું. FIR મુજબ ગૌડા છેલ્લા ૧૦ મહિનાથી મહિલાને હેરાન કરી રહ્યો હતો. તે મહિલાને એકાંત સ્થળે લઈ ગયો હતો, જ્યાં તેણે તેની છેડતી કરી હતી અને મહિલા અને તેના પતિને મારી નાખવાની ધમકી આપી હતી.

## જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની આવકમાં થયો વધારો

### ૧૦ કિલોના એક કેરીના બોક્સનો ભાવ ૮૦૦થી વધુ નોંધાયો

જુનાગઢ,
કેસર કેરીની આવકમાં વધારો જોવા મળ્યો છે. જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ગીર પંથકની કેસર કેરીની આવક વધી છે. શુક્રવાર ૧૧,૦૦૦ થી વધુ કેરીના બોક્સની આવક નોંધાઈ છે. ૧૦ કિલોના એક કેરીના બોક્સનો ભાવ ૮૦૦થી વધુ નોંધાયો હતો.

ગીરની કેસર કેરીની આવક દિવસેને દિવસે વધી રહી છે. માર્કેટિંગ યાર્ડ કેરીના બોક્સથી ઉભરાયું છે. એક દિવસમાં ૧૧ હજારથી વધુ બોક્સની આવક નોંધાઈ હતી. હાલ કેરીની સિઝન ગત વર્ષ કરતાં મોડી ચાલી રહી છે કારણ કે આ વર્ષે વાતાવરણના ફેરફારના લીધે કેરીના પાકનું ઉત્પાદન મોડું થયું છે. એક માસ કેરીની સીઝન મોડી ચાલી રહી છે. ઉત્પાદન સારું હોવાથી કેરીની આવકમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. કેરીની સીઝનની શરૂઆતમાં આવક ઓછી હતી તેની સામે ૨૫૦૦થી ૩,૦૦૦ સુધી કેરીના બોક્સના ભાવ બોલાયા હતા.

## ઈન્દોરના અક્ષય કાંતિ બમ સામે ધરપકડ વોરંટ

### કલમ ૩૦૭ લાગવા છતાં મુદતમાં ગેરહાજર; કોર્ટમાં વકીલે પારિવારિક કારણ આપ્યું

ઈન્દોર,
છેલ્લી ઘડીએ પોતાના પક્ષ સાથે ગદ્દારી કરનાર ઈન્દોરના અક્ષય કાંતિ બમ સામે ધરપકડ વોરંટ જાહેર થયું છે. કોંગ્રેસે અક્ષય બમને ઈન્દોરથી લોકસભાના ઉમેદવાર બનાવ્યા હતા. એપ્રિલના છેલ્લા સપ્તાહમાં આ જૂના કેસમાં બમ વિરુદ્ધ કલમ ૩૦૭માં અચાનક વધારો કરવામાં આવ્યો હતો. આ પછી, નાટકીય ઘટનાક્રમ સાથે બમે કોંગ્રેસમાંથી પોતાનું નામ પાછું ખેંચ્યું અને ભાજપમાં જોડાયા હતા.

આ સમગ્ર ઘટના બાદ આ કેસની પ્રથમ સુનાવણી ૧૦ મેના રોજ નક્કી કરવામાં આવી હતી. જેમાં અક્ષયે વકીલ મારફતે પારિવારિક કાર્યક્રમ હોવાથી અને પિતાએ બિમારીમાં બેડ રેસ્ટને ટાંકીને હાજર નહીં રહેવાને કારણે માફી માગી હતી. કોર્ટે અરજી ફગાવી દીધી હતી. ૮મી જુલાઈ સુધીમાં બંનેની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવા માટેનો આદેશ આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે આજની મુદતમાં ગેરહાજર રહેલા અક્ષય મંત્રી કૈલાશ વિજયવર્ગીય સાથે કાર્યક્રમોમાં દેખાયા હતા.

ફરિયાદીના વકીલ મુકેશ દેવલે કહ્યું કે ૨૦૦૭માં નોંધાયેલા રમખાણ, મારામારીના કેસમાં ગયા મહિને કોર્ટના આદેશ પર કલમ ??૩૦૭ વધારવામાં આવી હતી. તેની સુનાવણી ૧૦ મેના રોજ થઈ હતી. શરૂઆતમાં ફરિયાદી પક્ષે યુનુસ પટેલ દ્વારા અરજી રજૂ કરવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે આ કેસમાં અક્ષય અને તેના પિતા સામે ગંભીર કલમો ઉમેરવામાં આવી છે, તેથી તેમના જામીન રદ કરવા જોઈએ.બીજી તરફ આરોપી અક્ષયના વકીલે અરજીમાં એવી રજૂઆત કરી હતી કે અક્ષય આજે પારિવારિક અને સામાજિક કાર્યક્રમોમાં વ્યસ્ત છે. મુદતમાં હાજરીમાંથી મુક્તિ આપવા વિનંતી કરી હતી.

## કોંગ્રેસનો હાથ આતંકવાદીઓ અને પાકિસ્તાન સાથે છે- ભાજપના પ્રવકતા શહેઝાદ પૂનાવાલા

નવીદિલ્હી,
ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ કોંગ્રેસના નેતા મણિશંકર ઐયરના નિવેદનની આકરી ટીકા કરી છે. તેમણે કહ્યું છે કે કોંગ્રેસનો પાકિસ્તાન પ્રત્યેનો પ્રેમ અટકી રહ્યો નથી. પૂનાવાલાએ કહ્યું, 'હવે કોંગ્રેસ પાકિસ્તાનને સન્માન આપવાની વાત કરી રહી છે જે આતંકવાદીઓને ભારતમાં મોકલે છે. આતંકવાદીઓ અને પાકિસ્તાન સાથે કોંગ્રેસનો હાથ દેખાઈ રહ્યો છે અને હવે તેનો વધુ એક પુરાવો સામે આવ્યો છે.પૂનાવાલાએ મણિશંકર ઐયરના નિવેદનને લઈને ગાંધી પરિવાર અને કોંગ્રેસ પર સવાલો ઉઠાવ્યા અને કહ્યું કે, 'કોંગ્રેસ પરિવારના નજીકના મણિશંકર ઐયર, જે એક સમયે પીએમ મોદીને હટાવવા માટે પાકિસ્તાનની મદદ લેવા ગયા હતા, તે હવે પાકિસ્તાનની તાકાત અને શક્તિની વાત કરી રહ્યા છે. તેના પરમાણુ બોમ્બ બતાવે છે. મણિશંકર ઐયર ભારતમાં આતંકવાદીઓને મોકલનાર પાકિસ્તાનને સન્માન આપવાની વાત કરી રહ્યા છે, જ્યારે એ જ કોંગ્રેસના નેતા આપણી સેના માટે અપમાનજનક ભાષા વાપરે છે.

## સમગ્ર વિશ્વમાં બ્લેકઆઉટનો ખતરો : વૈજ્ઞાનિકોએ જાહેર કર્યું એલર્ટ

### આ અઠવાડિયાના અંતમાં ભયંકર સૌર વાવાઝોડું પૃથ્વી સાથે ટકરાશે : ૨૦૦૫ પછી આ પહેલું સૌર તોફાન

વોશિંગ્ટન,
સૂર્યમાંથી આવતી એક તોફાની તરંગી તાકાત ઝડપથી પૃથ્વી તરફ આગળ વધી રહી છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે બે દાયકામાં પ્રથમ વખત સૂર્યથી ચાલતું જીઓમેગ્નેટિક તોફાન (સૌર તોફાન) પૃથ્વી પર ત્રાટકવાનું છે. અમેરિકાની સાયન્ટિફિક એજન્સી નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA) એ ચેતવણી જારી કરીને કહ્યું છે કે આ ઉપગ્રહો માટે પડકાર બની શકે છે. આ સિવાય પાવર ગ્રીડ ફેલ થવા, કોમ્યુનિકેશન નેટવર્ક અને ઈલેક્ટ્રોનિક ઈક્વિપમેન્ટને મોટો ખતરો છે.અમેરિકન એજન્સીએ કહ્યું કે આ સૌર તોફાન આ અઠવાડિયાના અંતમાં પૃથ્વી પર ટકરાશે. ૨૦૦૫ પછી આ પહેલું સૌર તોફાન છે.

આનાથી સમગ્ર વિશ્વમાં બ્લેકઆઉટ અને ઉચ્ચ આવર્તન રેડિયો તરંગોનો ખતરો ઉભો થયો છે. રિપોર્ટ અનુસાર ટ્રાન્સ પોલર એરિયામાં ઉડતા પ્લેનને લઈને એલર્ટ જારી કરવામાં આવ્યું છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે તસ્માનિયાથી બ્રિટન સુધીના આકાશમાં આ ચમક જોવા મળશે.

વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે આ એક ગંભીર શ્રેણી (G4) જીઓમેગ્નેટિક તોફાન છે. અગાઉ ૨૦૦૫માં જ્યારે હેલોવીન સોલાર સ્ટોર્મ આવ્યું ત્યારે સ્વીડનમાં અંધારપટ છવાઈ ગયો હતો. તે જ સમયે, દક્ષિણ આફ્રિકામાં પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ અસર થઈ હતી. વાસ્તવમાં, સૌર વાવાઝોડાની અથડામણને કારણે, પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રમાં ફેરફાર જોવા મળે છે, જે પાવર પ્લાન્ટ અને નેવિગેશન સિસ્ટમને અસર કરે છે.

### અવકાશયાન પોતાનો રસ્તો ગુમાવી શકે છે

વૈજ્ઞાનિકોના મતે સોલાર સ્ટોર્મના કારણે મેગ્નેટિક ફિલ્ડમાં ફેરફાર થાય છે જેના કારણે પાવર લાઈનમાં વધારાનો કરંટ આવી શકે છે અને અંધારપટનો સામનો કરવો પડી શકે છે. આ ઉપરાંત લાંબી પાઈપલાઈનમાંથી પણ વિજળી વહી શકે છે જેના કારણે મશીનો ખરાબ થવાનો ભય રહે છે. આ સિવાય અવકાશયાન પોતાનો રસ્તો ગુમાવી શકે છે. નાસાએ તેના અવકાશયાત્રીઓની સુરક્ષા માટે એક ટીમ બનાવી છે.કબૂતરોમાં હાજર જૈવિક હોકાયંત્ર પણ આ સૌર વાવાઝોડાથી અસરગ્રસ્ત થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, કબૂતર એવા પક્ષીઓ છે જેની દિશાની સમજ ખૂબ વધારે પડતી હોય છે. નાસાના અભ્યાસ મુજબ, સૌર વાવાઝોડા દરમિયાન કબૂતરોની સંખ્યા ઘટે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે લોકોએ અગાઉથી જ લાઈટિંગની વ્યવસ્થા કરવી જોઈએ.

CMYK CMYK

## રાદડિયા-સંઘાણી બાદ નારણ કાછડીયા ભાજપ સામે બગડ્યા

# કોંગ્રેસ અને આપમાંથી કાર્યકરો સવારે આવે અને સાંજે હોદ્દો મળી જાય છે: નારણ કાછડીયા

અમરેલી,

લોકસભાની ચૂંટણી પૂરી થતા જ ભાજપના નેતાઓનો આંતરિક વિવાદ ઉભરો બનીને બહાર ઠલવાઈ રહ્યો છે. ભાજપે કરેલા ભરતી મેળાથી ભાજપના જ અનેક નેતાઓ અને કાર્યકર્તાઓ નારાજ થયા છે. લોકસભાની ચૂંટણીમાં તેની અસર પણ જોવા મળી હતી. ત્યારે હવે લોકસભાની ચૂંટણી પત્યા પછી ભાજપના દિગ્ગજ નેતા નારણ કાછડિયાની નારાજગી સામે આવી છે. સંઘાણી બાદ ભાજપના બીજા દિગ્ગજ નેતાએ પ્રદેશ નેતૃત્વ પર લગાવ્યા ગંભીર આરોપ લગાવ્યા છે.



અમરેલીમાં જેની ટિકિટ કાપીને ભરત સુતરિયાને ભાજપે ટિકિટ આપી હતી, તે નારણ કાછડીયાએ જાહેરમાં ભાજપનો વિરોધ વ્યક્ત કર્યો છે. અમરેલીના નારણ કાછડીયાએ ભાજપ માટે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો છે. નારણ કાછડીયાએ પક્ષ વિરોધ સ્ફોટક નિવેદનો કર્યા છે. ભાજપના ભરતી મેળા વિશે એક કાર્યક્રમમાં નારણ કાછડીયાએ કહ્યું કે, કાર્યકર્તાઓને ઉભો કરતા દસ વર્ષ લાગે છે. કાર્યકર્તાઓને તોડવાની કોઈ કોશિશ ના કરે, કાર્યકર્તાની પાછળ અમે બેઠા છીએ. કોંગ્રેસ અને આપમાંથી કાર્યકરો સવારે આવે અને સાંજે હોદ્દો મળી જાય છે. બીજે દિવસે કેબિનેટના મંત્રીના પદ મળી જાય.. સંગઠનના પદ મળી જાય.. ધારાસભ્યની ટિકિટો મળી જાય.. તમે પાર્ટીમાં નિયમ પ્રમાણો લો, આપણે સરવાળો કરવાનો છે, બાદબાકી નથી કરવાની તે અમે જાણીએ છીએ. કાર્યકર્તાઓને પાર્ટીમાં લો, પરંતુ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓના ભોગે નહીં.

આમ, પક્ષપલટુઓ પ્રત્યે નારણ કાછડીયાએ ભારોભાર નારાજગી વ્યક્ત કરી હતી. આ મુદ્દે તેમણે આગળ કહ્યું કે, ભાજપના કાર્યકર્તા ૩૫-૩૫ વર્ષથી કામ કરતો હોય અને પાર્ટીના ઝંડા લગાવતો હોય.. નારા લગાવતો હોય.. અને તમે કાલે સવારે લઈ આવો એ સ્ટેજ પર બેસે અને સિનિયર કાર્યકર્તા સામે બેઠો હોય તે કેટલા અંશે વ્યાજબી કહેવાય?''

# કેનેડાના વિઝા અપાવવાના નામે શિક્ષકને છેતરી ૧૬ લાખ ચાંઉ કયા

વડોદરા,

વડોદરાના એક શિક્ષક સાથે કેનેડામાં વિઝા અપાવવાના નામે ઠગાઇ થતાં આઇ સ્કવેર ઈન્ટરનેશનલ નામના એજન્ટના ત્રણ સંચાલક સામે ગુનો નોંધાયો છે.

ગોરવાના પરિશ્રમ પાર્કમાં રહેતા નરેન્દ્રભાઇ મહારે કહ્યું છે કે, સોશ્યલ મીડિયા પર ભૂમિ પુરોહિતની કેનેડા માટેની જાહેરાત જોઇ તેનો સંપર્ક કરતાં વાતચીત થઇ હતી. ભૂમિ અને તેના ભાઇ અંકિત પુરોહિતે તેઓ અમદાવાદ અને વડોદરામાં કામ કરતા હોવાની વાત




કરી હતી. તેમણે ૨૩ લાખ નક્કી કર્યા હતા અને તે પૈકી મેં કુલ ૧૬.૪૯ લાખ ચૂકવ્યા હતા. બંને ભાઇ બહેને જુદી જુદી જગ્યાએ બોલાવી વાતચીત કરી હતી. પરંતુ પ્રોસેસ કરી નહતી. તેમની સાથે અમદાવાદમાં ઓફિસ ધરાવતા સોહમ પટેલે પણ મુલાકાત કરી હતી અને તેણે રૃપિયા આપશો તો જ વકીલ પાસપોર્ટ પ્રિન્ટિંગ માટે મોકલશે તેમ કહી રૂપિયા પડાવ્યા હતા. પરંતુ રૂપિયા લીધા પછી પણ કોઇ કાર્યવાહી કરી નહતી અને ઓફિસ બંધ કરી દીધી છે. જેથી મારો અસલ પાસપોર્ટ પણ મળ્યો નથી.

ગોત્રી પોલીસે આ અંગે ભૂમિ અજીતભાઇ પુરોહિત, અંકિત અજીતભાઇ પુરોહિત(બંને રહે. ઈશાનિયા ફ્લોરેન્ઝા, ઉંડેરા રોડ, વડોદરા) અને સોહમ પ્રફુલ્લભાઇ પટેલ(સારથી એપાર્ટમેન્ટ, સર્વોદય સ્કૂલ પાસે કે કે નગર, અમદાવાદ) સામે ગુનો નોંધ્યો છે.

## હરણી બોટકાંડ : વડોદરા કોર્ટે ૧૧ આરોપીના શરતી જામીન મંજૂર કર્યા

વડોદરા,

આ વર્ષે જાન્યુઆરીમાં વડોદરાના હરણી લેકમાં ભુલકાઓ અને શિક્ષકો ભરેલી બોટ પલટી ગઇ હતી. આ ઘટનામાં કુલ ૧૪ લોકોના કરુણ મોત નિપજ્યા હતા. આ ઘટના પોલીસ દ્વારા સ્પેશિયલ ઈન્વેસ્ટીગેટીવ ટીમની રચના કરવામાં આવી હતી. ટીમે એક પછી એક અલગ-અલગ જગ્યાઓથી ૨૦ આરોપીઓની ધરપકડ કરી હતી. અગાઉ ચાર મહિલા આરોપી તેજલ દોશી, નેહા દોશી, નૂતન શાહ અને વૈશાખી શાહની જામીન અરજી વડોદરાની કોર્ટે ફગાવી દેતાં તેમણે ગુજરાત હાઇકોર્ટમાં જામીન અરજી કરી હતી. જેમાં કોર્ટે શરતી મંજૂરી સાથે જામીન આપ્યા હતા, જે બાદ શુક્રવારે આ મામલે વડોદરા કોર્ટે ૧૧ આરોપીઓના શરતી જામીન મંજૂર કર્યા હોવાનું સામે આવ્યું છે. જેમાં બીનીત કોટીયા, ગોપાલ શાહ, ધર્મીલ શાહ, ધર્મીન બાથાણી, દિપેન શાહ, રશ્મિકાંત પ્રજાપતિ, જતીન દોષી, વેદ પ્રકાશ યાદવ, અલ્પેશ ભટ્ટ સહિત ૧૧ આરોપીઓનો સમાવેશ થાય છે.

# નીટની પરીક્ષામાં ૧૬ પરીક્ષાર્થીઓને પાસ કરવાના હતા

## મોટાભાગના રાજય બહારના, મહીસાગર જિલ્લામાંથી ખેડા કલેકટરને પણ ફરિયાદ થઈ હતી

ગોધરા

ગોધરાની નીટની પરીક્ષામાં એક પરીક્ષાર્થી દીઠ ૧૦ લાખ રૂપીયા લઇ ૧૬ પરીક્ષાર્થીઓને પાસ કરવાના હતા. જેમાં પોલીસ પાસે ૧૬ પરીક્ષાર્થીઓના નામમાંથી મોટા ભાગના પરીક્ષાર્થીઓ રાજય બહારના હોવાથી સમગ્ર કૌભાંડ આંતરરાજય હોવાની પ્રબળ શકતાઓ સેવાઇ રહી છે.

ગોધરાની જય જલારામ સ્કૂલમાં ફરજ બજાવતા શિક્ષક અને નીટ પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રિટેન્ડેન્ટ તુષાર ભટ્ટ નીટના પરીક્ષાર્થીઓને પાસ કરવા વડોદરાના રોય ઓવરસીઝના સંચાલક પરશુરામ રોય પાસે એક વિદ્યાર્થી દીઠ ૧૦ લાખ રૂપિયામાં સોદો નક્કી થયો હતો. જેમાં



પોલીસે તુષાર ભટ્ટના મોબાઇલના વોટસઅપ ચેટીંગની તપાસ કરતા ૧૬ પરીક્ષાર્થીઓને નીટની પરીક્ષામાં પાસ કરવાના હતા. પોલીસ તપાસમાં હાલ ૧૬ નીટની પરીક્ષાના પરીક્ષાર્થીઓના નામ મળ્યા છે. જેમાંથી મોટા ભાગના પરીક્ષાર્થીઓ રાજય બહારના હોવાનું પોલીસને લાગી રહ્યું છે.

## વંથલીના રવની ગામમાં પિતા અને પુત્રની ગોળી મારીને હત્યા

### ૮ માર્ચ ૨૦૨૩માં રવની ખાતે એક મર્ડર થયું હતું, મૃતકે તેની બાતમી આપી હતી

જૂનાગઢ

જૂનાગઢના વંથલીના રવની ગામે મોડી રાત્રે પિતા-પુત્રની હત્યા કરવામાં આવી છે. અગાઉના મનદુખ રાખીને પિતા-પુત્રાની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. જિશાન સાંઘ અને તેના પિતા રફિક સાંઘની વાડીમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ મામલે પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

કેશોદના ડીવાયએસપી બીસી ઠક્કરે કહ્યુ કે, મૃતક જિહાનનું બંદૂકની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. ૮ માર્ચ ૨૦૨૩માં રવની ખાતે એક મર્ડર થયું હતું. આ મૃતકે તેની બાતમી આપી હતી જે મામલે પોલીસ સ્ટેશનમાં ગુનો પણ નોંધવામાં આવ્યો છે.

# વરસાદની ચાર સિસ્ટમ સક્રિય થતા ૧૧થી ૧૫ મે સુધી ગુજરાતમાં વરસાદની આગાહી

ગાંધીનગર,

ગુજરાત પાસે વરસાદની ચાર સિસ્ટમ સક્રિય થઈ છે. ૧૧થી ૧૫ મે સુધી ગુજરાતમાં વરસાદની આગાહી છે. આમ આ ચાર દિવસ રાજ્યમાં પ્રી-મોનસૂન એક્ટિવિટી જોવા મળશે. ૧૧મીએ નર્મદા, તાપી, ડાંગ અને વલસાડમાં વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ૧૪મીએ સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૪મીએ સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટમાં આગાહી કરવામાં આવી છે. જ્યારે ૧૫મીએ તાપી, ડાંગ, નવસારી, વલસાડમાં આગાહી કરવામાં આવી છે.

આમ ગુજરાતમાં આગામી સમયમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળશે. આ અસરના લીધે



૧૧થી ૧૩ મે દરમિયાન માવઠુ પણ પડશે. વલસાડ, દીવદમણમાં હળવા વરસાદની આગાહી છે. દાદરા-નગર હવેલીમાં વરસાદી ઝાપટું પડવાનું પૂર્વાનુમાન છે. આ ઉપરાંત ગરમીમાં પણ આંશિક રાહત મળશે. ગરમીનું પ્રમાણ ૩ ડિગ્રી સુધી ઘટવાનું અનુમાન છે.

### જુનાગઢમાં વાતાવરણમાં પલટો, ગિરનાર પર્વત પર ભારે પવન ફૂંકાયો

**ગુજરાતમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. ત્યારે જુનાગઢમાં વાતાવરણમાં એકા એક પલટો આવ્યો છે. જુનાગઢમાં ગિરનાર પર્વત પર ભારે પવન ફુંકાયો છે. જો કે તેની કોઈ અસર રોપ – વે સેવા પર જોવા મળી નથી. આ અંગે જાણકારોનું કહેવું છે કે ઉનાળાના મધ્યમાં સવારના સમયે આ પ્રકારે પવન ફૂંકાવાની ઘટના બનતી હોય છે. બીજી તરફ હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્રમાં આગામી ચાર દિવસ બાદ વરસાદ પડવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાતમાં વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.**

## ગુજરાત હાઈકોર્ટે સુરત કોર્ટના PSP તરફેના હુકમને રદ કર્યો

**સુરત કોર્ટે ૧૨૫ કરોડની બેંક ગેરેન્ટી અને ૩૦૦ ઓફિસ ન વેચવા સુરત ડાયમંડ બુર્સને હુકમ કર્યો હતો**




સુરત

વિશ્વવિખ્યાત સુરતના ડાયમંડ બુર્સનું નિર્માણ PSP કંપનીએ કર્યું હતું. જેના કોન્ટ્રાક્ટ અને ચુકવણીઓને લઈને બાકી લેણા માટે PSPએ સુરતની કોર્ટમાં અરજી કરી હતી. જે સંદર્ભે કોર્ટે PSP તરફે ચુકાદો આપતા સુરતની કોર્ટે સુરત ડાયમંડ બુર્સને ૧૨૫ કરોડની બેંક ગેરેન્ટી આપવા અને બેંક ગેરેન્ટી વગર ૪,૬૦૦માંથી ૩૦૦ ઓફિસ નહી વેચવા હુકમ કર્યો હતો. જેને SDBએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જો કે, હાઈકોર્ટે સુરતની કોર્ટના હુકમને રદ કરતા તેને અયોગ્ય ગણાવ્યો હતો.

સુરત ડાયમંડ બુર્સનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. વિશ્વમાં હિરા ઉદ્યોગ માટે તે ભારતની શાખ સમાન છે. જેનું કન્સ્ટ્રક્શન PSP કંપની દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે SDB નોન પ્રોફિટ ઓર્ગેનાઇઝેશન છે. જે કંપની એક્ટ અંતર્ગત રજિસ્ટર છે.

# અખાત્રીજે ભૂમિપુત્રોએ ભૂમિ, પશુઓ, ઓજારોનું પૂજન કર્યું



### અખાત્રીજમાં હવે આધુનિકતા બળદ-ગાડાના બદલે ટ્રેક્ટર-ટ્રોલીનું પૂજન કરી ખેતરમાં ટ્રેક્ટરથી ખેડાણના દ્રશ્યો

ગાંધીનગર,

વૈશાખ સુદ-૩ એટલે અખાત્રીજ નો દિવસ એટલે શુભકાર્યો તેમજ પ્રસંગો માટેનો વર્ષનો શ્રેષ્ઠ દિવસ અને ખેડૂતોના ખેતી કામ માટેનું નવું વર્ષ અખાત્રીજના દિવસે અરવલ્લી જીલ્લાના ભૂમિપુત્રોએ ભૂમિ પૂજન તથા પશુઓ અને ખેતીના ઓજારોની પૂજનવિધિ કરવાની સાથે ખેતરમાં જઈ ક્ષેત્રપાળનો દીવો ધૂપ કરી કંસાર અને ખીચડીના પ્રસાદ ધરાવી વહેંચણી કરી નવા કૃષિ વર્ષનો પ્રારંભ હર્ષોલ્લાસ સાથે કર્યો હતો. મેઢાસણ ગામે યુવા ખેડૂતોમાં અનેરો ઉલ્લાસ જોવા મળ્યો હતો અરવલ્લી જીલ્લામાં શુક્રવારે વહેલી સવારે અખાત્રીજ ના દિવસે પૂજનવિધિ પૂર્ણ કરી જગતનો તાત નવા કૃષિ વર્ષની ઉજવણીમાં જોતરાયો હતો સભ્યો સાથે હર્ષોલ્લાસથી પોતાના ઓજારો હળ તૈયાર કરી પશુઓ અને બળદોના શીગડાને રંગરોગાન કરી નવા પોશાકો ધારણ કરી સાગમટે ગ્રામ અને શહેરી વિસ્તારના ભૂમિપુત્રોએ હળ જોડી દઈ ખેતર ખેડી ખાતમુહર્ત કર્યું હતું .

# કોંગ્રેસે મારી સાથે ગદ્દારી કરી : નિલેશ કુંભાણી



### હું મારા કાર્યકર્તાઓને મળીશ પછી નક્કી કરીશ કે રાજકારણમાં રહેવું કે નહીં કોંગ્રેસે મને સસ્પેન્ડ કર્યો છે

સુરત

ચૂંટણી વોટિંગ પૂર્ણ થયા બાદ ગેરલાયક ઠરેલા સુરતના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી મીડિયા સામે આવ્યા છે. તેમને મીડિયા સાથે વાત કરતા કહ્યું કે 'કોંગ્રેસે મારી સાથે ગદ્દારી કરી છે. અત્યાર સુધી ભાજપ સાથે કોઈ સંપર્ક નથી કે ભાજપ સાથે કોઈ લેવા-દેવા પણ નથી. આટલા દિવસથી હું મારા ઘરે જ હતો. મારા ટેકેદારો કોંગ્રેસના કાર્યકરો જ હતા. હું ભાજપની નહી પણ મારી ગાડીમાં ફોર્મ ભરવા ગયો હતો. ધક્કા મુક્કી ના થાય એટલે હું પાછળના દરવાજાથી ગયો હતો. મારે કોઈના પર આરોપ લગાવીને કોઈને મોટા નથી બનાવવા માંગતો. હું મારા કાર્યકર્તાઓને મળીશ પછી નક્કી કરીશ કે રાજકારણમાં રહેવું કે નહી. કોંગ્રેસે મને સસ્પેન્ડ કર્યો છે. કોંગ્રેસના સુરતના કાર્યકરો કામ નહતા કરતા. મારુ ફોર્મ કોંગ્રેસના વકીલોએ જ ભર્યું હતું. મારા ટેકેદારો અને કાર્યકરોએ કોંગ્રેસ સાથે બદલો લીધો અને હું મારા ટેકેદારો અને કાર્યકરોના સમર્થનમાં છું. હું મારો પોતાનો વોટ આપવા માટે પણ હું ઘરેથી બહાર નહતો નીકળ્યો.'

સુરત લોકસભા બેઠક પર નિલેશ કુંભાણી કોંગ્રેસના ઉમેદવાર હતા. પરંતુ, ટેકેદારોની ખોટી સહીના ખુલાસા બાદ નાટ્યાત્મક રીતે તેમનું ફોર્મ રદ થયું હતું. ચૂંટણી લડવા પહેલાં જ કોંગ્રેસ સુરત લોકસભા બેઠક હારી ગયું હતું.

# સુરેન્દ્રનગરની ૧૦૦થી વધુ આંગડિયા પેઢી રાતોરાત બંધ

## રાજ્યમાં CID ક્રાઈમના દરોડા બાદ લાગ્યા તાળા


અમદાવાદ

અમદાવાદ અને સુરત સહિત રાજ્યની અલગ અલગ આંગડિયા પેઢી પર CID ક્રાઇમ બ્રાન્ચના દરોડા બાદ સુરેન્દ્રનગરની ૧૦૦થી વધુ આંગડિયા પેઢીને તાળા મારવામાં આવ્યા છે. સુરેન્દ્રનગરમાં આવેલી ૧૦૦થી વધુ આંગડિયા પેઢીને રાતો રાત બંધ કરવામાં આવી છે. આંગડિયા પેઢી બંધ થતા કરોડોના વહીવટ અટકી ગયા છે.

CID ક્રાઇમની વિવિધ ટીમ દ્વારા ૨૫થી વધુ આંગડિયા પેઢીઓ પર પાડવામાં આવેલા દરોડામાં જપ્ત કરવામાં આવેલી રોકડનો આંક ૧૫ કરોડ પર પહોંચ્યો છે. સાથે સાથે હજુ પણ કેટલાંક આર્થિક વ્યવહારોને આધારે તપાસ કર્યા બાદ રોકડ મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ CID ક્રાઇમની સાથે ઈન્કમટેક્ષની એક ટીમ પણ તપાસ કરી રહી છે.

પ્રાથમિક તપાસમાં દુબઈથી હવાલા થયાની કડી મળતા ED પણ હવે આ કેસની તપાસમાં સક્રિય થઇ છે. બીજી તરફ CID ક્રાઇમ IPL સટ્ટાના કરોડો રૂપિયાના આર્થિક વ્યવહારને લઇને તપાસ કરી રહી છે. પોલીસે દરોડા દરમિયાન લેપટોપ, પેન ડ્રાઇવ અને આર્થિક વ્યવહારોની નોંધના કાગળોનો મોટો જથ્થો પણ જપ્ત કરાયો છે. તપાસમાં આગામી સમયમાં મોટા ખુલાસા થશે. આ ઉપરાંત, CID ક્રાઇમ દ્વારા આગામી સમયમાં પણ દરોડાની કાર્યવાહી કરવામાં આવશે.

# અમદાવાદ જગન્નાથ રથયાત્રાનું કાઉન્ટડાઉન શરૂ અખાત્રીજે ત્રણેય રથની કરવામાં આવી પૂજા



અમદાવાદ

અમદાવાદ જગન્નાથ મંદિર દ્વારા ભગવાન જગન્નાથની ૧૪૭મી રથ યાત્રાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આજે ત્રીજના દિવસે અખાત્રીજના પવિત્ર રથની પૂજા કરવામાં આવી હતી. ત્રણેય રથ ભગવાન જગન્નાથનાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રના વિશેષ રીતે શણગાર કરવામાં આવ્યા હતાં

ભગવાન જગન્નાથના રથની વિશેષ પૂજા કરવામાં આવી છે. તેમની સાથે બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રના રથની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. મંત્રોચાર સાથે વિધિ કરવામાં આવી હતી અને રથની આરતી કરવામાં આવી હતી આ પુજા જગન્નાથ મંદિરના મહંત અને ટ્રસ્ટી મહેન્દ્ર ઝા દ્વારા કરવામાં આવી હતી અને મેયર, ધારાસભ્ય અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતા

એ યાદ રહે કે ભગવાન જગન્નાથ રથયાત્રા નીકળે તે પહેલાં અને રથનું સમારકામ કરવામાં આવતું હોય છે તે સમારકામની શરૂઆત અખાત્રીજના દિવસે થી કરવામાં આવે છે ભગવાન જયારે રથયાત્રા નીકળે છે ત્યારે રથ પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર હોય છે રથ ના કલર આકર્ષક કેન્દ્ર બનતું હોય છે. રથના પૈડાં સહિતનું સમારકામ કરવામાં આવે છે. ૧૪૬ વર્ષથી ચાલી આવતી પરંપરાને આજે પણ જીવનત રાખવામાં આવી રહી છે. ૧૪૬ મી રથયાત્રાની તૈયારી શરૂ કરવામાં આવી છે તમામ વિધિ પરંપરા પ્રમાણે કરવામાં આવે છે.

# અમરેલી જિલ્લામાં આત્મહત્યાના ૬ બનાવો:રાજુલામાં પત્ની પિયર જતાં પતિએ નગ્ન હાલતમાં ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી:

અમરેલી જિલ્લામાં વિવિધ કારણોસર ૨ મહિલા સહિત ૬ વ્યક્તિએઆત્મહત્યાનો માર્ગ લઈ મહામૂલી જિંદગીનો અંત આણી લીધો હતો. આ પૈકીના એક બનાવમાં રાજુલા પંથકની એક પરિણીતા પિયર ચાલી જતા પાછળથી પતિએ નગ્ન હાલતમાં ગળાફાંસો ખાઈ લીધો હતો. બીજા બનાવમાં પ્રેમમાં પાગલ બનેલી ભાભીએ ઝેર પી લઈ આત્મહત્યા કરી લીધી હતી. જેમાં ભાભીના વિરહમાં પ્રેમી દીયરે પણ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. અમરેલી જીલ્લામા યમરાજા એ પડાવ નાખતા કાળચક્ર ફરી વળેલ હતું.અમરેલી ધારી અને રાજુલા પંથકમાં અલગ અલગ કારણોસર ૨ મહિલા સહિત ૬ વ્યક્તિઓએ આત્મહત્યા કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ પ્રથમ ઘટનામા ધારી તાલુકાના જીરા ગામના અશ્વિન ભરતભાઈ ચારોલીયા ને તેની કુટુંબી ભાભી સાથે પ્રેમ સબંધ હોવાથી બંને એ એક માસ પહેલા ઝેરી દવા પી લીધેલ હતી જેમાં પ્રેમિકા ભાભી નું મોત નીપજેલ હતું.અને પોતે બચી ગયેલ હતો.પોતાની પ્રેમિકા એવી ભાભી ના મોત થી પ્રેમ સબંધમા લાગી આવતા ગઈ કાલે પોતાની મેળે દોરડા વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું ધારી પોલીસમાં ભરતભાઈ માવજીભાઈ ચારોલિયા એ જાહેર કરેલ હતું.

બીજી ઘટનામા ધારીના વાઘાપરા વિસ્તારમાં રહેતા વિક્રમ



પ્રફુલભાઈ પાટડીયા ઉ. ૨૧ નામના યુવાને કોઈ અગમ્ય કારણોસર ઝેરી પાવડર પી જતાં મોત નીપજયાનું પ્રફુલભાઈ કાળુભાઈ પાટડીયાએ ધારી પોલીસમા જાહેર કરેલ હતું.

ત્રીજી ઘટનામા અમરેલી તાલુકાના વાંકિયા ગામે હનુમાન શેરીમા જુના કોળીવાડમા રહેતિ રાધાબેન જીવનભાઈ પાટડીયા ઉ.૨૩ એ કોઈ અગમ્ય કારણોસર ઘરે સ્લેબના હુકમાં ચૂંદડી વડે ગળાફાસો ખાઈ આપઘાત કરી લીધાનું ભીખાભાઈ સવજીભાઈ પાટડીયા એ પોલીસમાં જાહેર કરેલ હતું.

ચોથી ઘટનામા અમરેલી તાલુકાના વડેરા ગામની રાજીબેન શામજીભાઈ બારૈયા ઉ. ૯૧ નામની વૃધ્ધા દશ વર્ષથી માનસિક રોગની બીમારીથી પીડાતા હતા.જેનાથી કંટાળી જઈ ઝેરી દવા પી જતા મોત થયાનું કાળુભાઈ શામજીભાઈ બારૈયા એ પોલીસમા જાહેર કરેલ હતું.

પાંચમી ઘટનામા રાજુલા ના ખાભલીયાપરૂ લીલાપિર ની ધાર વિસ્તારમાં રહેતા રમેશભાઈ ભોળાભાઈ વેગડ ની પત્ની આઠ દિવસથી પોતાના પિયર ગયેલ હતી.ત્યારે ઘરે એકલા રહેલા રમેશભાઈ એ કોઈ અગમ્ય કારણોસર ઘર ની ઓસરીમા સાડી વડે નગ્ન હાલતમાં ગળાફાસો ખાઈ લીધાનું કૈલાશબેન રમેશભાઈ વેગડે રાજુલા પોલીસમા જાહેર કરેલ હતું.

છઠ્ઠી ઘટનામાં અમરેલી શહેરના ધારી રોડ ઉપર આવેલ રોકડનગર મા રહેતા વિમલ વિનુભાઈ કાલેણા ઉ.૨૩ નામના યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે રૂમમાં ઓછાડ વડે પંખા સાથે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું વિનુભાઈ બચુભાઈ કાલેણા એ પોલીસમાં જાહેર કરેલ હતું.

# લીલીછમ હરિયાળી સાથે જલક્રાંતિ સર્જતું લાઠી તાલુકાનું પીપળવા ગામ



અમરેલી:અમરેલીમાં આવેલું એક એવું ગામ કે જેને ત્યાંના લોકો પર્યટન સ્થળ બનાવવા ઈચ્છી રહ્યા છે.ગામમાં હજારો વૃક્ષો વાવી અને ચેકડેમો બંધાવી ગામને હરિયાળી અને જળક્રાંતિ માટે વતન પ્રેમી દાતાઓ અને લોકોએ ટેક લીધી છે. પીપળવા ગામના લોકો માત્ર સરકારની ગ્રાન્ટો પર જ નિર્ભર રહેવાને બદલે લોકોની સહભાગિતા અને દાતાઓના સહકારથી ભંડોળ ભેગું કરી ગામને અનેક સુવિધાઓ આપી વિકાસ તરફ આગળ વધારવામાં આવી રહ્યું છે.લાઠી તાલુકાના પીપળવા ગામ વિકાસ માટે હરણ ફાળ ભરી રહ્યું છે. એક જૂની છાપ ધરાવતું ગામડાએ વિકાસ તરફ હરણફાળ ભરી છે. આ નાનકડા ગામમાં થોડા સમયની અંદર જ અનેક વિકાસના કામો કરવામાં આવ્યા છે.ગામમાં ભવ્ય મુખ્ય પ્રવેશ દ્વારો બનાવવામાં આવ્યા છે. ઢસા કે લાઠી તરફથી પસાર થતા જ આ દ્વારા ગામની શોભા વધારી રહ્યા છે. તો ગામમાં મોક્ષધામ જેમાં પણ આધુનિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત આરોગ્ય કેન્દ્ર પણ દાતાઓના સહયોગથી શરૂ કરવામાં આવ્યા છે. ટિફિનની સુવિધા પણ નિઃશુલ્ક રીતે પુરી પાડવામાં આવી રહી છે. જેનો લાભ વૃદ્ધો અને એકલવાયું જીવન જીવતા લોકો લઇ રહ્યા છે. તો ગાયોને નબળા વર્ષમાં ઘાસચારો પણ પૂરો પાંડવવામાં આવે વ્યવસ્થા ગોઠવાઈ છે.અહીં ગામમાં લોકો અને ખેડૂતોને પાણી માટે કોઈ તકલીફ ન પડે. તે માટે દાતાઓના સહકારથી વહી જતા પાણીને રોકવા માટે ૨૦ થી ૨૫ ડેમોને ઊંડા કરી અંદાજે ૧૬ એકર જમીનમાં આંબરડી સુધી નદીના પટમાં ભવ્ય સરોવરો બનાવવામાં આવી રહ્યા છે. તેમાં જીસીબી, ઈટાચી સહિતના મશીનો રાત દિવસ ધમધમી રહ્યા છે. ગામના સુરત ખાતે રહેતા વતન પ્રેમી દાતાઓએ છેલ્લા ૧ વર્ષમાં ૫ હજાર જેટલા વૃક્ષી વાવવામાં આવ્યા છે અને ટેક લીધી છે કે, ગામમાં વર્ષો સુધી વૃક્ષોનું વાવેતર અને તેની સંભાળ રાખવામાં આવશે અને ગામમાં હરિયાળી અને જળક્રાંતિ સર્જવામાં આવશે.

# સફળતાના કોઈ સીમાડા નથી હોતા એ સુત્રને સાર્થક કરતી તનીરા વાકોટ

ઉના:

સફળતાના કોઈ સીમાડા નથી હોતા અને બુદ્ધિને કદી તાળા નથી હોતા. એક સામાન્ય પરિવારમાંથી આવતી અને સિમાસી ગામ માં રહેતા સામાન્ય પરિવારની દીકરીએ ધોરણ ૧૨ સાયન્સમાં ડોળાસા કેન્દ્રમાં ૩ સ્થાન મેળવ્યું છે. કહેવાય છે કે શિક્ષણ અને આવડત કોઈપણ જ્ઞાતિ જાતિ કે ધર્મની જાગીર નથી. મુસ્લિમ પરિવાર માંથી આવતી તનિરા બેનુ હુસેન ભાઈ વાકોટ એ ૯૩.૮૯ ઈ સાથે ડોળાસા કેન્દ્રમાં ૩ સ્થાન પ્રાપ્ત કર્યું છે ડોળાસા કેન્દ્રમાં ૩ સ્થાન પ્રાપ્ત કરનાર તનીરા વાકોટ ના પિતા સામાન્ય અને મધ્યમ પરિવાર માંથી આવે છે હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા હુસેન ભાઈ વાકોટ આખો દિવસ હીરા નાં કારખાના માં મહેનત કરી તેનું અને તેના



પરિવાર નું ગુજરાન ચલાવે છે હીરા ઉદ્યોગ ચલાવનાર પિતાએ પોતાની પુત્રીને ભણાવવા માટે કોઈપણ પ્રકારની કચાસ રાખી નથી. ડોળાસા કેન્દ્રમાં ધોરણ ૧૨ સાયન્સમાં ૩ સ્થાન પ્રાપ્ત કરનાર તનીરા વાકોટ તેના પિતાની મહેનત એળે ન જાય તે માટે રાત દિવસ માત્ર ભણતરમાં જ ધ્યાન આપ્યું છે અને આજે તેને પિતાએ ધારેલી સફળતા પ્રાપ્ત કરી છે હુસેન ભાઈ વાકોટ ને ચાર દીકરીઓ છે અને ચારેચાર દિકરીઓ ભણવામાં ખૂબ જ હોશિયાર અને ખુબજ મહેનતુ છે તેમજ તનીરા વાકોટ સિવાય હુસેન ભાઈ ની ૩ પુત્રીઓ તમામ વર્ગ માં પહેલા નંબર લાવી પાસ થયેલ હોય તેમજ હુસેન ભાઈ વાકોટ નુ એક સપનું છે કે દીકરી ઓ ને કરિયાવર માં દહેજ નાં હોય તો ચાલશે પણ એજયુકેશન જરૂર આપવું છે એવા મંત્ર ને સાથે લઈ ને ચાલનાર હુસેન ભાઈ વાકોટ ને ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ અને તેમની પુત્રી ને પણ ઘાંચી મુસ્લીમ સમાજ નું ગૌરવ વધાર્યું અને સીમાસી ગામ નું નામ રોશન કરવા બદલ ખુબ ખુબ અભિનંદન

# જૂનાગઢ જિલ્લા ભાજપમાં પણ ભડકો:જવાહર ચાવડાના પુત્ર, જવાબદારોએ ભાજપને હરાવવા પ્રયાસ કર્યો: અરવિંદ લાડાણી

## ભાજપના હોદ્દેદારોએ મને હરાવવા સંમેલન બોલાવ્યું હતું :લાડાણીની પ્રદેશ પ્રમુખને પત્ર લખીને ફરિયાદ

જૂનાગઢ: અમરેલી બાદ હવે જૂનાગઢમાં પણ ભાજપમાં ઉકળતો ચરૂ સામે આવ્યો છે. માણાવદર વિધાનસભાની પેટા ચૂંટણીના ભાજપના ઉમેદવારે પૂર્વ મંત્રી જવાહર ચાવડાના પુત્ર અને ભાજપના હોદ્દેદારોએ તેમને હરાવવા માટે સંમેલન બોલાવ્યું હોવાની પ્રદેશ પ્રમુખને પત્ર લખીને ફરિયાદ કરતા જૂનાગઢ જિલ્લા ભાજપમાં ભડકો થયો છે. આ સમગ્ર મામલે જેના પર આક્ષેપ થયા છે તે ભાજપના હોદ્દેદારો દાવાને ફગાવી કહે છે કે ભાજપના જ અમુક નેતાઓના ઈશારે લાડાણીએ ફરિયાદ કરી છે.તાજેતરમાં માણાવદરના કોંગી ધારાસભ્ય અરવિંદ લાડાણી કોંગ્રેસમાંથી રાજીનામું આપી





ભાજપમાં જોડાયા અને ભાજપે તેમને ટિકિટ આપી પેટા ચૂંટણી લડાવી છે. આજે માણાવદર બેઠકના ભાજપના ઉમેદવાર અરવિંદ લાડાણીએ પ્રદેશ ભાજપ પ્રમુખને ફરિયાદ કરી છે કે, ગત તા. ૪ના પૂર્વ મંત્રી અને ભાજપના નેતા જવાહર ચાવડાના માણાવદર સ્થિત નૂતન મિલ ખાતે ૮૦૦થી ૧૦૦૦ કાર્યકરોનું તેમના પુત્ર રાજ ચાવડાએ સંમેલન બોલાવ્યું હતું. જેમાં તાલુકા ભાજપના પ્રમુખ મહામંત્રી શહેર ભાજપના મહામંત્રી સહિતનાઓએ લોકસભા પોરબંદર બેઠકના ઉમેદવાર મનસુખ માંડવીયા અને માણાવદર વિધાનસભાની પેટા ચૂંટણીના ઉમેદવાર અરવિંદ લાડાણીને હરાવવા માટે અપીલ કરી હતી. પત્રમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, પૂર્વ મંત્રી જવાહર ચાવડાના પુત્રએ હાજર લોકોને 'મારા પપ્પાની હારનો બદલો લેવાનો છે. જેથી લાડાણીને હરાવી કોંગ્રેસના ઉમેદવારને જીતાડવાના છે' તેવું આહવાન કર્યું હતું આ અંગેની પ્રદેશ ભાજપ પ્રમુખને ફરિયાદ કરી છે.આ ઉપરાંત પ્રદેશ ભાજપ પ્રમુખને લખેલા પત્રમાં લાડાણીએ એવો પણ ઉલ્લેખ કર્યો છે કે, જવાહર ચાવડાના પુત્ર રાજ ચાવડા મતદાનના દિવસે મેંદરડા તાલુકા કોંગ્રેસના પ્રમુખ ધીરૂભાઈ કુંભાણી સાથે મેંદરડાના અલગ અલગ પાંચ ગામના બુથમાં જોવા મળ્યા હતા. આ સમગ્ર મામલે ભાજપના આગેવાન જીવાભાઇ મારડિયાએ પ્રતિ આક્ષેપ કર્યો છે કે 'અરવિંદ લાડાણી જે આક્ષેપ કરે છે તે પાયા વિહોણા છે, અમે તમામે ભાજપનું જ કામ કર્યું છે પરંતુ લાડાણી ભાજપના અમુક નેતાઓના ઈશારે આવી ખોટી ફરિયાદ કરી રહ્યા છે.' આમ, જૂનાગઢ જિલ્લામાં ભાજપમાં ઉકળતો ચરૂ હવે ચરમસીમાએ પહોંચ્યો છે.

# ધોરણ ૧૨(સાયન્સ)ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે માર્ગદર્શન સેમીનાર

રાજકોટ:ધોરણ ૧૨ના વાલીઓઅને વિદ્યાર્થીઓને અનેક પ્રશ્નો મૂંઝવતા હોય છે. ત્યારે હર હંમેશ સામાજિક દાયિત્વ નિભાવતી સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ સેલ્ફ ફાઈનાન્સ ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજ-વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ, સર્વપ્રથમ આર્કીટેક્ચર કોલેજ શ્રી ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેક્ચર તથા કીચ સ્કૂલ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન દ્વારા તારીખ ૧૨ મે, રવિવારનાં રોજ સવારે ૯:૩૦ વાગ્યે, હેમુ ગઢવી હોલ, રાજકોટ ખાતે ઉપરોક્ત વિષયોને આવરી લેતા સેમીનારનું વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એ.સી.પી.સી. પ્રવેશ પ્રક્રિયા, નાટાની માહિતી, વિવિધ સ્કોલરશીપ, વિવિધ બ્રાંચ અને તેમાં ઉપલબ્ધ તકો ગુજરાતમાં ઉપલબ્ધ કોલેજ-બ્રાંચ અને સીટ, યુનિવર્સિટી-કોલેજ-બ્રાંચની પસંદગી, ગુજરાત બહાર ઉપલબ્ધ તકો વગેરે પ્રશ્નો ના સચોટ, સત્ય અને તલસ્પર્શી જવાબો મળી રહેશે.

પ્રસ્તુત સેમિનારમાં ૨૫ વર્ષોના અનુભવી તજજ્ઞો દ્વારા આ સેમીનારમાં માર્ગદર્શન આપવામાં આવશે. આ તકે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીના પૂર્વ વાઈસ ચાન્સેલર શ્રી ડૉ. નવીનભાઈ શેઠ પણ ખાસ ઉપસ્થિત રહેશે.

ધોરણ ૧૨(વિજ્ઞાન પ્રવાહ) ના A,B તથા AB ગ્રુપના તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને સેમિનારનો લાભ લેવા અનુરોધ છે. ૬૦ મિનિટના સેમીનારમાં ૬૦ વર્ષના કારકિર્દી અને જીવન ઘડતર વિશે માહિતી આપવામાં આવશે.

વીવીપી માં એડમિશન ને લગતી વધુ માહિતી માટે એન્જીનીયરીંગ માટે શ્રી નંદનભાઈ દવે- ૬૩૫૧૯૭૫૦૬૪, આર્કિટેક્ચર તથા ઈન્ટિરિયર ડિઝાઇનિંગ માટે શ્રી રજનીભાઈ રૂપારેલિયા-૯૪૨૮૨૦૦૬૯૮ નો સંપર્ક કરવો.

સેમીનારની સફળતા માટે વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજનાં આચાર્ય શ્રી ડો. તેજસ પાટલીયાના માર્ગદર્શન હેઠળ એડમિશન કમિટીના કન્વીનર ડો. અલ્પેશ આડેસરા, ડૉ. નીરવભાઈ મણિયાર તથા તમામ વિભાગીય વડાઓ, પ્રાધ્યાપક ગણ અને કર્મચારીગણ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.સેમીનારના આયોજન માટે વીવીપીના ટ્રસ્ટીઓ શ્રી કૌશિકભાઈ શુક્લ, શ્રી હર્ષલભાઈ મણિયાર, ડો. સંજીવભાઈ ઓઝા તથા ડો. નરેન્દ્રભાઈ દવે દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# માખાવડના આંગણે "રામચરીત માનસ” શુભારંભ કરાવતા મોરારીબાપૂ

રાજકોટ:મોગલધામ ખરેડાના વ્યવસ્થાપક કિશોરભાઈ ગજેરા જણાવતા કહે છે કે, માખાવડ આંગણે ગૌધામ ગૌશાળાના લાભાર્થે આઈ શ્રી જાહલમાઁ મોગલધામ આશ્રમ ખરેડા આયોજીત, શ્રી રામચરીત માનસ જ્ઞાનયજ્ઞ નુ તા.૯ થી ૧૭ સુધી આયોજન કરવામા આવ્યુ છે જેનુ ગઈ કાલે તા.૯ ના પ્રથમ દિવસે પોથીયાત્રા યોજીને વિધ્વાન તેમજ આંતરરાષ્ટ્રીય કથાકાર એવા વક્તા ડો. મહાદેવપ્રસાદ મહેતાને ઢોલ-નગારા તેમજ બેંડની સુરાવલી સાથે પોથી અર્પણ કરી યજમાનો, દાતાઓ તેમજ ગ્રામજનોએ અભીવાદન ઝીલ્યુ હતુ.આવા વિશેષ ભવ્યાતીત તેમજ દિવ્યાતીત સપ્તાહના આયોજનમા વિશ્વવંદનીય સંત, રામ કથાના પ્રણેતા તેમજ જેઓ રામ મંદિર નિર્માણ કાર્ય માટે હરહંમેશ તત્પર રહ્યા એવા વિરલ વ્યકતીત્વ એટલે કે પૂ. મોરારી બાપુ. તેઓ તલગાજરડા થી છેક રાજકોટના માખાવડ ગામે હેલિકોપ્ટર મારફતે



પહોંચ્યા હતા ત્યારે કથા સ્થળ એ ફૂલહાર પહેરાવી યજમાન પરીવારે તેમને આવકાર્યા હતા તેમજ તેમના વરદ્ હસ્તે દિપ પ્રાગટય યોજાયુ ત્યારે જાણે ચાર ચાર "મ એટલે કે પ્રેરણા મોગલધામની, આયોજન માખાવડનુ, ઉપસ્થીતી મોરારીબાપુની, વક્તા મહાદેવપ્રસાદ નુ સમન્વય થયુ હોય એવુ લાગી રહ્યુ હતુ.જેમને ૫૦ વર્ષ કરતા પણ વધુ સમયથી રામ ચરીત માનસની કથા કરી હોય એવા પૂ.બાપુ કે જેમની કથામા આધ્યાત્મિક સામર્થ્ય અને સાહિત્યિક કુશળતાનું સંમળાઈ હોય છે એવા બાપુના કંઠે રામચરીત માનસનુ મહત્વ સમજાવાતા બોલ્યા હતા કે, "રામચરિત માનસ" હનુમાનજીના શક્તિ અને આદર્શોનું માનવ પ્રકાર છે. તે સંસ્કૃત મહાકાવ્ય છે જે વાલ્મીકિ દ્વારા રચાયું હતું.તેનું મુખ્ય વિષય રામાયણ, ભગવાન રામની જીવન વાતે આવતું છે. આ ગ્રંથ હિંદુઓની ધાર્મિક સાહિત્ય માં એક મહત્વની સ્થાનિકતા ધરાવે છે અને ભારતીય સંસ્કૃતિનું ભવ્ય અંગ હોવાનું માનીતું છે. તે જ્ઞાન, ધર્મ, નીતિ, અને આદર્શોની માનવતાને સંમાનની સૂચી છે. તેની વાણીમાં રામની વીરતા, ધર્મનિષ્ઠતા, અને સહૃદયતાનું મહત્વપૂર્ણ સંદેશ છે જે માનવતાને આધ્યાત્મિક સંપત્તિ અને આદર્શોની દિશામાં મોક્ષ અને શાંતિ મળવાનું સિદ્ધ કરે છે. રામચરિત માનસ માનવ સમાજ માટે આધ્યાત્મિક અને નૈતિક માર્ગદર્શનનો એક મૂળભૂત સ્ત્રોત છે.આ તકે કિશોરભાઈ પૂ. નિર્મળ સ્વામી, ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણી, જીલ્લા આગેવાન નાગદાનભાઈ ચાવડા વિગેરે આગેવાનો ઉપસ્થીત રહ્યા હતા.

# ૧૨ મે, “મધર્સ ડે”-મા તે મા બીજા બધા વગડાના વા




માનવીય જીવનમાં બાળકનાં જન?મ પછી એની આસપાસ અનેક સબંધો આપમેળે બંધાય છે પણ મા સાથેનો સંબંધ તો જન્મ પહેલા જ બંધાય જાય છે. માતાજીની મૂર્તિ સમી ‘માતા’નાં વાત?સલ?ય પ્રત?યે કૃતજ્ઞતા વ?યકત કરવા તેમજ તેનું ઋણ અદા કરવા માટે જગતભરમાં મધર્સ-ડે (માતૃદિન)ની ઉજવણી પ્રતિ વર્ષ મે માસનાં બીજા રવિવારે કરવામાં આવે છે. એક માન્યતા અનુસાર આ માતૃદિનની ઉજવણી સર્વપ્રથમ ઇ.સ. ૧૯૦૮માં ફિલાડેલ?ફિયામાં કરવામાં આવી હતી તો કેટલાક લોકો એમ પણ માને છે કે માતૃદિનની ઉજવણી કરવાનો શ્રેય અમેરિકાન મહિલા અન્ના એમ. જાર્વિસને જાય છે. એવું કહેવામાં આવે છે કે અમેરિકન કાર્યકર અન્ના જાર્વિસ તેમની માતાને ખૂબ પ્રેમ કરતા હતા. જેના કારણે તેમણે ક્યારેય લગ્ન પણ કર્યા નહોતા અને તેમને કોઈ બાળકો પણ નથી. માતાના અવસાન પછી, તેમણે તેમના માતા પ્રત્યેના પ્રેમને વ્યક્ત કરવા માટે આ દિવસની ઉજવણી કરવાનું શરૂ કર્યું. જેના પછી અમેરિકન રાષ્ટ્રપતિ વુડરો વિલ્સને ૯ મે, ૧૯૧૪ નાં રોજ તેને એક કાયદા તરીકે પસાર કર્યો. આ કાયદામાં લખ્યું છે કે મેના બીજા રવિવારને “મધર્સ ડે” ઉજવવામાં આવશે ત્યારથી તે સમગ્ર વિશ્વમાં વ્યાપકપણે ઉજવવામાં આવે છે.

‘તૈતરયોપનિષદ’માં એક સંસ?કૃત વાકય છે, ‘માતૃ દેવો ભવ’ એટલે કે ‘માતા’ દેવ તુલ?ય છે. ભગવાન કૃષ્ણની માતા જશોદા મા એ તો આ માતૃત્વની ઊંડાઈ સાબિત કરી છે. તે વિશ્વનાં સૌથી આદર્શ માતા મનાય છે. ભારતીય સંસ્કૃતિએ માતાને દેવ સમાન ગણી તેનું ગૌરવ વધાર્યું છે. માતાનાં વાત્સલ્યથી અને સંસ્કાર સિંચનથી બાળકનું જીવન ઘડાય છે. માતા હતાશની આશ છે, ભાંગ્યાની ભેરૂ છે, નાસીપાસની પ્રેરણા છે, વિશ્વનું સર્વોત્તમ તીર્થધામ છે, માતાના ચરણતળે જ સ્વર્ગ છે. જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે છે. માતાનાં વાત?સલ?યનું નિર્મળ ઝરણું સતત ગતિમાન હોય છે. તેમની કદર કરવી જોઈએ અને તેનું સાચા અર્થમાં સન્માન કરવું જોઈએ. ઘરની મા ને રડાવી મંદિરને મા ને ચુંદડી ઓઢાડે તો મંદિરની મા ખુશ તો ન જ થાય પણ ખફા જરૂર થાય. સમાજમાં વૃદ્ધાશ્રમ વિહીન વ્યવસ્થાનું નિર્માણ કરીએ તે જ મધર્સ ડેની સાચી ઉજવણી છે. સમાજમાં ઘણા વડીલો સંતાન વિહોણા કે પુત્ર વિહોણા હોય છે ત્યારે માતા પિતાને સાચવવાની જવાબદારી દીકરીઓએ, જમાઈએ પણ લેવી જોઈએ. ઘણા વડીલોને સંતાન નથી હોતા તો તેમની આજુબાજુના પાડોશીઓ, નજીકના સબંધીઓ, તેમના ગામના લોકો, તાલુકાના લોકોએ તેમની કાળજી લેવી જોઈએ તે જ ભારતીય સંસ્કૃતિની શીખ છે.

# ઉનામાં રહેતો સાત વર્ષનો રિધમ બાંભણીયા નેશનલ કરાટેમાં પ્રથમ

ઉના : ઉનામાં રહેતો સાત વર્ષનો વિદ્યાર્થીએ નેશનલ કરાટેમાં ભાગ લીધો હતો. અને આ નેશનલ કરાટે સ્પર્ધામાં

પ્રથમ સ્થાનને સિધ્ધિ પ્રાપ્ત કરી શાળા, પરિવાર અને ગામનું નામ રોષશ કર્યુ હતું.નેશનલ કરાટે લીગ સિજન કુમરહત્તી હિમાચલ પ્રદેશમાં યોજાઈ હતી. જેમાં ઉના શહેરનાં નવસારી વિસ્તારમાં રહેતો કોળી સમાજના દીકરા અને




સ્વામીનારાયણ સ્કુલમાં અભ્યાસ કરતો રિધમ વિપુલભાઈ બાંભણીયાએ કરાટે સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ નેશનલ કરાટેમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પોતાના પરિવાર, ઉના પંથક તેમજ સ્કુલનું ગૌરવ વધાર્યું હતું. તેમના કોચ રમેશભાઈ ભટ્ટ દ્વારા આ બાળકને વિશેષ ટ્રેનિંગ આપવામાં આવી હતી. નેશનલ કરાટેમાં પ્રથમ આવતાજ શાળાના શિક્ષકો સ્ટાફ અને પરીવારજનો એ અભિનંદન પાઠવ્યા હતા.

# પરશુરામ ભગવાનના જન્મની ભવ્ય ઉજવણી

નવિન જોષી ઊના:સમાચાર ઊના: આજરોજ અજરા અમર બ્રહામણો ના આરાધ્ય દેવ શ્રી, પરશુરામ ભગવાન ના પ્રાગટય દિવસ અક્ષય તૃતીયા ના દિવસે ઊના સમસ્ત બ્રહ્મ સમાજ સહ પરિવાર સાથે પરશુરામ ભગવાન ના જન્મ ઉત્સવ ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી બપોર ના તમામ બ્રહ્મ પરિવારે પોતાના કામ ધંધા બંધ રાખી બ્રહ્મ સમાજ ની વાડી એ પધારી ભગવાન પરશુરામ નું શાસ્ત્રોક્ત વિધિ પૂર્વક પૂજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ શણગારેલ રથ મા પરશુરામ ની મૂર્તિ નું પ્રતીક રાખી અને પરશુરામ ની વેશ ભૂષા ધારણ કરેલ બાળકો ને બેસાડી ગગન ભેદી જય પરશુરામ ના નારાઓ સાથે ભવ્ય શોભા યાત્રા નીકળી હતી જે ટાવર ચોક, પોસ્ટ ઓફીસ ચોક, વાસા ચોક, સોની બજાર, લુહાર ચોક, આનદ બજાર, ત્રિકોણ બાગ, પોલીસ લાઈન થઈ કન્યા વિદ્યાલય ખાતે પૂર્ણ થઈ હતી આ શોભા યાત્રા નું વિવિધ સંસ્થાઓ દ્વારા ઠંડા સરબત થી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ભગવાન



પરશુરામ ની મહા આરતી યોજાઈ હતી અને ત્યાર બાદ બે હજાર થી વધુ લોકો એ મહાપ્રસાદ નો લાભ લીધો હતો. રાત્રિ ના સંગીત સંધ્યા મા બ્રહ્મ કલાકારો એ ગીત સંગીત અને હાસ્ય રસ થી લોકોને મનોરંજન આપેલ હતું.

# પાટોત્સવ નિમિતે હોમાત્મક લઘુરુદ્ર કાર્યક્રમ યોજાયો

ઉના:ઉનાના ગરાળ ગામે શ્રી ક્રિષ્નેશ્વર મહાદેવ મંદિરે ૧૩મો પાટોત્સવ નિમિતે હોમાત્મક લઘુરુદ્ર કાર્યક્રમ યોજાયો હતો. આ ધાર્મિક કાર્યક્રમમાં મહંતશ્રી અમરગીરીબાપુ ગુરૂશ્રી ક્રિષ્નાનંદગીરીજી મહારાજ ભૂતડાદાદા આશ્રમ ખાતે ૧૩મો પાટોત્સવ કાર્યક્રમમાં સાધુ-સંતો મહંતો સહીત દુર દુરથી પધારેલા ભકતો આ ધાર્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. અને બપોરે બહોળી સંખ્યામાં ભકતો એ મહાપ્રસાદીનો લાભ લીધો હતો.

આ ધાર્મિક કાર્યક્રમ સવારથી હોમાત્મક લઘુરુદ્ર, રૂદ્રાઅભિષેક,



સોડસોપચાર પૂજન, મહાપ્રસાદ, બિડાહોમ સહીત સાંજ સુધી કાર્યક્ર્મ યોજાયો હતો. આ ધાર્મિક પ્રસંગ મહંત શ્રી અમરગીરી ગુરૂશ્રી ક્રિષ્નાનંદગીરીજી ભૂતડાદાદા આશ્રમ ગરાળ તથા સમસ્ત ગરાળ ગામ દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેવાભાવી યુવાનોએ ભારે જહેમત ઉઠાવી સેવા આપી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ૮૦ના દાયકાની ચૂંટણી

એક સમયે ગુજરાતમાં માધવસિંહ સોલંકી ની બોલબાલા હતી તેમના નેતૃત્વ નીચે ગુજરાતે તે સમયે ૧૮૨ માંથી ૧૫૯ બેઠકો જીતીને તહેલકો મચાવી દીધો હતો. આની પાછળનું કારણ તેનું નેતૃત્વ અને ચૂંટણીની એક અનોખી થીયરી કારણભૂત હતી તેથી તે સમયે લોકો ખામ થિયરી તરીકે ઓળખે છે ચૂંટણીમાં જંગી જીતો અપાવનાર આ થિયરી આજની પેઢીના કોંગ્રેસના નેતાઓ તથા કાર્યકરોને ખબર નથી.

જે રાજકીય પક્ષ પોતાના ભૂતકાળને ભૂલી જાય છે ભૂતકાળની સફળતાને ભૂલી જાય છે તે પક્ષ કોઈ સંજોગોમાં જીતી શકતો નથી તે પણ એક હકીકત છે કોંગ્રેસમાં પણ એમ જ બન્યું છે માધવસિંહ સોલંકીના સમયમાં કોંગ્રેસને જંગી બહુમતી કેવી રીતે મળી તેના કારણો તપાસવાની આજ કોઈ પાસે સમય નથી આની જાણકારી નથી ઇતિહાસ ભુલાયો અને પડતી શરૂ થઈ ગઈ કોંગ્રેસને પણ એ જ હાલ થયા છે બીજા તબક્કાના મતદાન પછી કોંગ્રેસની છાવણીમાં માયુષી છવાયેલી છે. માધવસિંહ સોલંકીના સમયમાં જે ખામ થિયરીનો અમલ કરવામાં આવ્યો હતો. એ જાણવા જેવી છે

જ્યારે-જ્યારે ગુજરાતમાં ચૂંટણી જીતવા માટે રાજકીય સમીકરણો બેસાડવાની ચર્ચા થાય, ત્યારે 'ખામ' સમીકરણની અચૂકપણે ચર્ચા થાય. નેતા માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં કોંગ્રેસે ૧૮૨માંથી ૧૪૯ બેઠક જીતી હતી, જે આજપર્યંત એક રેકર્ડ છે.ગત વિધાનસભા ચૂંટણી દરમિયાન ૧૫૧ બેઠક જીતવાનું લક્ષ્યાંક મૂકીને ભાજપે નવો કીર્તિમાન સ્થાપવા માટે પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમાં કારમી નિષ્ફળતા મળી હતી. ગત ચૂંટણીમાં પાર્ટી ૯૯ પર સમેટાઈ ગઈ હતી.

ભાજપનો આરોપ છે કે 'ખામ'ના કારણે લગભગ એક દાયકા સુધી ગુજરાતીઓ વિભાજિત થઈ ગયા હતા અને ગામડાં સુધી તેની લ્હાય અનુભવાઈ હતી. કથિતપણે રાજકારણમાં ઉચ્ચ જ્ઞાતિઓના પ્રભુત્વને સમાપ્ત કરવા માટે આ સમીકરણ ઘડવામાં આવ્યું હતું.

જો KHAM સમીકરણમાં 'K' (ક્ષત્રિય-ઠાકોર), 'H' (હરિજન, શિડ્યુલ્ડ કાસ્ટ), 'છ' (આદિવાસી, શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ) તથા 'ર' મુસ્લિમોને સાથે રાખીને ચૂંટણી જીતવાનાં સમીકરણ ગોઠવવામાં આવે છે

એંશીના દાયકામાં માધવસિંહ સોલંકી ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમો ખામ થિયરીને એક મંચ પર લાવ્યા હતા.

KHAM સમીકરણમાં 'K' (ક્ષત્રિય-ઠાકોર), 'H' (હરિજન, શિડ્યુલ્ડ કાસ્ટ), 'છ' (આદિવાસી, શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ) તથા 'M' મુસ્લિમોને સાથે રાખીને ચૂંટણી જીતવાનાં સમીકરણ ગોઠવવામાં આવ્યા હતા.

ખામની સફળતાને ટાંકવા માટે ૧૯૮૫નાં ચૂંટણીપરિણામોને ટાંકવામાં આવે છે, જેમાં કોંગ્રેસ પાર્ટીને ૧૮૨માંથી ૧૪૯ બેઠક મળી હતી.

# મહારાજા ભાવસિંહજી-રજાનાં સુધારાઓ

**ઈ.સ. ૧૯૧૨માં દુષ્કાળ પડ્યો હતો આ દુષ્કાળ ગામડાઓમાં "ઢેફા કાળ" તરીકે પ્રખ્યાત થયો હતો**

**દુષ્કાળ રાહત સમિતિઓને રાજયે લોકભાગીદારી પ્રથાથી કામકરતી કરી હતી**

**૧ એપ્રિલ ૧૯૦૨ના રોજ ભાવનગર ખાતે ભાવનગર દરબાર સેવિંગ્ઝ બેન્કનો જન્મ થયો**

**"રાજ્યો રચાતા હશે ભુજ બળથી, પણ ટેકે છે સદ્ ગુણોથી."**

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

વી.સં.૧૯૫૬ના દુષ્કાળ પછી વી.સં.૧૯૬૮માં એટલે કે ઇ.સ. ૧૯૧૨માં સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં અમુક ભાગમાં દુષ્કાળ પડ્યો હતો. આ દુષ્કાળ ગામડાઓમાં "ઢેફા કાળ" તરીકે પ્રખ્યાત થયો હતો. છપ્પનિયા દુષ્કાળના ખરાબ અનુભવ પછી રાજય અને પ્રજાએ પશુઓના ચારાના સંગ્રહને જરૂરી ગણ્યો હોવાથી આ દુષ્કાળમાં પ્રમાણમાં મુશ્કેલીઓ ઓછી વેઠવી પડી હતી. કહેવાય છેને કે દરેક પરિસ્થિતી કઈક શીખવીને જાય છે. આ દુષ્કાળમાં દુષ્કાળ રાહતસમિતિઓ અને કેટલકેમ્પ શરૂ થયા હતા. દુષ્કાળ રાહત સમિતિઓ ને રાજયે લોકભાગીદારી પ્રથાથી કામકરતી કરી હતી. જેટલી રકમ રાહત સમિતિ એકત્ર કરે તેટલી જ રકમ ભાવનગર રાજય પોતાના તરફથી આપશે તેવી યોજના રાજયે અમલમાં મૂકી હતી. બીજી અગત્યની બાબત એહતી કે રાજય આ સમિતિઓના કાર્યમાં કોઈહસ્તશેપ કરતું નહીં. સમિતિઓને સ્વતંત્રતા અને પ્રોત્સાહન મળતા આ રાહતસમિતિઓએ ખુબ જ પ્રસંશાપાત્ર કામગીરી બજાવી. આમ રાજય અને લોકસંસ્થાઓ દ્વારા મુશ્કેલીના સમયે દુષ્કાળ રાહતકાર્ય કરવામાં આવ્યા હતા. જે અન્ય રાજયો કે વિસ્તારમાં બન્યા ન હોતા.

ભાવસિંહજીના સમયના નાણાંકીય સુધારા :

ભાવસિંહજી-રજા વિવિધક્ષેત્રે સુધારા કરવાની મહેચ્છા ધરાવતા હતા પરંતુ પરંતુ રાજયની નાણાકીય પરિસ્થિતી તે માટે સાનુકૂળ ન હતી. ગૌરીશંકર ઓઝાના પૂત્ર વિજયશંકર ઓઝા (વજલભાઇ) નાદુરસ્ત તબિયતના કારણે રાજીનામું દઈ ઇ.સ. ૧૯૦૨માં નિવૃત્ત થયા. ભાવસિંહજીએ પોતાના હજુર સેક્રેટરીશ્રી પ્રભાશંકર દલપતરામ પટ્ટણીની ઇ.સ. ૧૯૦૨માં મુખ્યદીવાન તરીકે નિમણૂક કરી. તેમની સાથે મસલત કરીને ભાવસિંહજીએ ૨૦લાખ રૂપિયાના ૫% વ્યાજના ૨૦વર્ષની મુદતના 'ભાવનગર સ્ટેટ બોન્ડ' બહાર પાડ્યા. ભાવનગર ઉપરાંત બ્રિટિશ હિન્દ, બર્મા અને દક્ષિણ આફ્રિકાથી પણ લોકોએ આ બોન્ડ ખરીદવામાં રસ દાખવ્યો હતો. ભાવનગર રાજયની સારી પ્રતિષ્ઠાને હિસાબે આ બોન્ડો થોડી મુદતમાં જ ખપી ગયા અને 'કરજ ન રાખે લેશ.' પ્રમાણે રાજયે વિજયશંકર ગૌરીશંકર ઓઝા પાસેથી લીધેલી રૂપિયા ત્રીશ લાખની લોન ભરપાઈ કરી દીધી.

આજથી ૧૨૨ વર્ષ પહેલા ભાવસિંહજી બીજા પોતાના રાજ્યની રેલ્વે તથા બંદરોના વિકાસ માટેની મનોકામના ધરાવતા હતા. પરંતુ આ વિકાસકાર્યો કરવા માટે મોટાપ્રમાણમાં નાણાની જરૂરીયાત હતી. રાજયના લોકોને રાજય અને રાજવીમાં ખુબજવિશ્વાસ અને શ્રદ્ધા હતા તે ભાવસિંહજી જાણતા હતા. આ વિશ્વાસ સાથે ભાવસિંહજીને બેન્ક શરૂ કરવાનો વિચાર આવ્યો જેનાથી ૧ એપ્રિલ ૧૯૦૨ના રોજ ભાવનગર ખાતે "ભાવનગર દરબાર સેવિંગ્ઝ બેન્ક"નો જન્મ થયો. આ દિવસ ભાવનગર રાજયના ઇતિહાસમાં સુવર્ણપૃષ્ટમાં આલેખાયો છે. પછીથી આ બેન્કનું નામ 'ભાવનગર દરબાર સેવિંગ્ઝ બેંક' રાખવામાં આવેલ. બેન્કમાં થાપણ પર ૩.૭૫ % વ્યાજ આપવામાં આવતું. ભાવનગર રાજય ઉપરાંત બ્રિટીશ હિન્દ, રંગુન, ઝાંઝીબાર વગેરે જગ્યાએથી લોકો બેન્કમાં નાણા રોકવા લાગ્યા. આ બેન્કનું ખાતું 'બેંક ઓફ બોમ્બે'માં મુંબઈ ખાતે ખોલવામાં આવેલ. તેથી કાગદી ચલણ (નોટો) ની લેવડ દેવડ શરૂથઇ. જેને નાણાકીય વ્યવહાર માટે આધુનિક યુગના પગરણ સમાન ગણી શકાય. રોકડ રૂપિયાના બદલે નોટોનું ચલણ વધ્યું. જેથી ઘણી અનુકુળતાઓ વધી. આ બેંક શરૂઆતમાં રાજયના હિસાબી વિભાગના એક ભાગતરીકે કાર્યકરતી હતી. ઈ.સ. ૧૯૧૮થી તેને અલગ સ્વતંત્ર કરવામાં આવી. બેન્કે વેપાર અને અન્ય પ્રવૃત્તિઓને ધિરાણ આપવાનું શરૂ કર્યું. ભાવનગરમાં વીજળીની સગવડતા માટે બેન્કે રૂ. ૩લાખની શાખ 'ગોધરા વીજળી કંપની' ને આપી હતી. તેમ જ વહાણવટાના વિકાસ માટે 'ભારત લાઈન લીમીટેડ'ને રૂ. ૩૦લાખનું ધિરાણ આપ્યું હતું.

ભાવસિંહજી બીજા ગાદીએ આવ્યા ત્યારે રાજ્યમાં ૧૯૨ કી.મી રેલ્વે લાઈન હતી. તેની વાર્ષિક આવક રૂપિયા ૫લાખ હતી. બેંક શરૂ થતા લોકોના નાણા બેંક પાસે આવતા રાજયે તેના થકી નવીરેલ્વે લાઈનો નાખવી શરૂ કરી. (ઢસા થી કુંડલા, શિહોરથી પાલીતાણા અને બોટાદથી જસદણ) જે બ્રાંચ લાઈનો થવાથી કુલ ૪૮૦ કિ.મી. થઇ. તેની આવક ૩૦ થી ૩૫લાખ રૂ. જેવી થઇ. જે ભાવસિંહજીની દીર્ઘ દ્રષ્ટિનું પરિણામ હતું. સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપના થતા આ બેંક ('ભાવનગર દરબાર સેવિંગ્ઝ બેંક') 'સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર'માં વિલીન થઇ. સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર ની શાખો વિશ્વભરમાં હતી. પરંતુ તેનું હેડ ક્વાટર ભાવનગર ખાતે રખાયું હતું. થોડા વર્ષો પહેલા બેન્કોના મર્ઝ કરવાના પ્રસંગે 'સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર'નું તા.૧૩ ઓગસ્ટ ૨૦૦૮ નારોજ 'સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા'માં વિલીનીકરણ કરવામાં આવ્યું. આજે ભાવસિંહજીએ સ્થાપેલ બેંક 'સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા'માં વિલીન થયેલી બેન્ક તેરીકે વિશ્વ ભરમાં કાર્યકરી રહી છે.

આરોગ્ય માટેના પ્રયાસો.

ભાવનગર રાજય દરેક ક્ષેત્રમાં પ્રજાલક્ષી અને કલ્યાણકારી યોજનાઓ વિચારીને જ કાર્યો કરનાર તરીકે પંકાયું હતું. તેમની કલ્પના તબીબી સહાય અને જાહેર આરોગ્યની બાબતમાં કેટલી સ્પષ્ટ હતી, તેનો ખ્યાલ વીસમી સદીની શરૂઆતમા ઈ.સ.૧૯૦૩માં રાજયમાં પ્લેગની મહામારી ફેલાણી ત્યારે ભાવનગરના મહારાજા ભાવસિંહજીબીજાએ પ્રજાની સુખાકારી માટે અસરકારક પગલા લઇ પ્રજાકલ્યાણ ક્ષેત્રે પોતાની નીતિના દર્શન કરાવ્યા હતા.

ઈ.સ. ૧૯૦૩માં પ્લેગના રોગની શરૂઆત ઓગસ્ટ માસ દરમ્યાન તળાજા મહાલમાં થયેલ. નવેમ્બર સુધીમાં ભાવનગર રાજ્યના ભાવનગર, સિહોર, ઉમરાળા, તળાજા, ધોળા, વરતેજ, કુંડલા, બુધેલ, રાજુલા, ગઢડા, બોટાદ, મહુવા અને જેસર એમ કુલ ૧૩ પ્રાદેશિક વિસ્તાર હતા તે તમામમાં ફેલાઈ ગયેલ. રાજ્ય અને પ્રજાને આ રોગથી વ્યાપક નુકશાન થવા પામ્યું હતું. રાજ્યના કુલ ૫૨૬૨ લોકો રોગના ભોગ બન્યા હતા. જેમાંથી ભાવનગરના ૩૨૧૧ સાથે કુલ ૪૨૨૦ લોકોને બચાવી શકાયા ન હોતા. આ આકડાઓ પરથી ખ્યાલ આવે છે કે રોગની ભયાનકતા કેટલી હતી. આ ભયાનકતાથી ગભરાયા વગર ભાવનગર રાજ્યે પ્રજાકલ્યાણ માટે કેટલાક ઝડપી અને વ્યાપક નિર્ણયો લઇ લોકકલ્યાણ નાં કાર્યો કર્યા હતા. (૧) ભાવનગર સહીત તમામ પ્રાદેશિક વિસ્તારમાં કામચલાઉ ધોરણે દવાખાના શરૂ કરાયા. (૨) રોગગ્રસ્ત વિસ્તારોમાંથી અન્ય સ્થળે લોકોને સ્થળાંતર કરવામાં રાજ્ય તરફથી મદદ અને વ્યવસ્થા કરવામાં આવી હતી. (૩) રાજ્યદવારા દરેકઘરમાં દવાનો છંટકાવ કરી સંપૂર્ણરીતે ચેપી જંતુઓથી મુક્ત કરવામાં આવેલ. અધિકારીઓ ને સિધ્ધિ દેખરેખ રાખવા ફરમાન કરાયું હતું. (૪) ઓપરેશનની કાર્યવહી રાજ્યના મુખ્ય મેડીકલ ઓફિસરની જાત દેખરેખ તળે થતી હતી. આ રીતે જડપી અને અસરકારક પગલાં ભરીને ભાવસિંહજીએ પોતાના રાજયની પ્રજાની સુખાકારી માટે પગલાં લઈને પોતાની પ્રજા કલ્યાણક્ષેત્રે નીતિના દર્શન કરાવ્યા હતા. ભાવસિંહજી બીજાને આયુર્વેદ પ્રત્યે ખુબ આદર હતો. તેઓ પોતાની અંગત દેખરેખ નીચે 'અભ્રકભસ્મ' વગેરે ઉંચી કિંમતના રસાયણો બનાવડાવતા હતા. સિહોર ખાતે અસ્માલ વૈદ્ય હાડવૈદ્ય તરીકે ખ્યાત હતા. તેમની પ્રખ્યાતી મુંબઈ સુધી હતી. તે સમયના પોલી. એજન્ટ લેફ. કર્નલ જે.એમ. હંટરે(૧૮૯૬-૧૯૦૧)તેમની પ્રશંસા કરતા કહ્યું હતું કે "હુતો ભાવનગર આ અંગે તમને સલાહ દેવા આવેલો, પરંતુ તેના બદલે મેં અહીં રહીને આ અંગે ઘણું નવું જાણ્યું છે."


ભાવસિંહજી બીજાનાં શાશન દરમ્યાન દુષ્કાળ, પ્લેગ રોગ જેવા કુદરતી આફતના બનાવો બનવા પામેલા પરંતુ આફતોનો મક્કમતાથી સામનો કરી પ્રજાકલ્યાણના કામો કરી ને તેમણે સાબિત કરી બતાવ્યું. "રાજ્યો રચાતા હશે ભુજ બળથી, પણ ટેકે છે સદ્ ગુણોથી." આ સુત્ર ચરિતાર્થ કરી બતાવ્યું.

## કેવું જશે આપનું આવતું અઠવાડિયું







**મેષ - (અ, લ, ઈ) :-** આ સમયે ઘણા ગ્રહો નક્ષત્રોની અનુકૂળ હિલચાલ તમને તમારા સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપવા માટે પ્રોત્સાહિત કરશે. તેથી, તેનો સારો અને યોગ્ય લાભ લો. તમને આ અઠવાડિયે આર્થિક જીવનમાં ભાગ્ય મળશે, પરંતુ જો તમે આ સમય દરમિયાન કોઈ રોકાણ કરવા માંગતા હો, તો પ્રથમ વાસ્તવિકતાઓનું મૂલ્યાંકન કરો અને માત્ર ત્યારે જ રોકાણ કરો. નહીં તો તમારા પૈસા અટવાઈ શકે છે. સ્વજનો સાથેના તમારા સંબંધોને નવજીવન આપવામાં તમને આ અઠવાડિયે વિશેષ સફળતા મળશે. વળી, ઘરેલુ બાબતો અને લાંબા સમયથી બાકી રહેલા ઘરકામ માટે આ સમય સારો સપ્તાહ સાબિત થશે. આ અઠવાડિયે, તમારા પ્રેમી અને રોમાંસ તમારા મન અને હૃદય પર પ્રભુત્વ ધરાવશે. જેથી તમે કરો છો તે બધા કાર્યોમાં તમે તેમની ગેરહાજરીનો અનુભવ કરશો. આવી સ્થિતિમાં, તમારે ઓફિસથી ઝડપી રજા લેવી જોઈએ અને પ્રેમીને મળવાનું પણ નક્કી કરવું જોઈએ. જોબ પેઝા સાથે સંકળાયેલા લોકોને આ અઠવાડિયામાં, ઘણી વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. કારણ કે સંભવ છે કે જો તમે ઇચ્છતા ન હોવ તો પણ તમે આવી ભૂલ કરી શકશો, જેના કારણે તમે તમારા સિનિયરો દ્વારા બદનામ થઈ શકે છે.





**વૃષભ - (બ, વ, ઉ)** આ અઠવાડિયે તમે માનસિક અને શારીરિક રીતે થાક અનુભવી શકો છો. આવી સ્થિતિમાં, થોડો આરામ અને પૌષ્ટિક આહાર લેવાથી, તમારી શક્તિનું સ્તર વધારવું અને તેમાં સુધારો કરવો. કારણ કે આમ કરવાથી તમારા સ્વાસ્થ્ય માટે ખાસ કરીને સારું સાબિત થશે. આ અઠવાડિયામાં તમારા મનમાં સર્જનાત્મક વિચારોની કોઈ કમી રહેશે નહીં, પરંતુ તમારા માટે આ વિચારોને યોગ્ય દિશામાં વાપરવા અને તેમાંથી સારા નાણાકીય લાભ મેળવવું મહત્વપૂર્ણ રહેશે. કારણ કે યોગ બનાવવામાં આવી રહ્યો છે તેથી જ એક મહાન નવો વિચાર તમને આર્થિક લાભ કરશે. તેથી, બિનજરૂરી વસ્તુઓ પર સમય બગાડો નહીં, તમારા પ્રયત્નોને યોગ્ય દિશામાં ચાલુ રાખો. સુખી અને અદ્ભુત અઠવાડિયા માટે, તમારું ઘર મહેમાનોથી ભરાઈ શકે છે. આ સાથે, પરિવાર સાથેની સામાજિક પ્રવૃત્તિઓ પણ પરિવારના સભ્યોને ખુશ રાખવામાં મદદ કરશે. આ અઠવાડિયે તમારી લવ લાઇફના પરિપ્રેક્ષ્યમાં, તમને તમારા જીવનમાં શાંતિ મેળવવાની તક મળશે. બીજી તરફ, જો તમે હજી પણ કોઈ પ્રેમ પ્રણયથી દૂર જતા રહ્યા હોવ, તો આ સમય દરમિયાન તમે તમારી જાતને એક સારા વ્યક્તિ સાથે પ્રેમ સંબંધમાં બાંધવાનો પ્રયત્ન પણ કરશો. એટલે કે, તમે આ અઠવાડિયામાં કોઈ ખાસ વ્યક્તિને મળી શકો છો.





**મિથુન - (ક, છ, ઘ) :-** આ અઠવાડિયે, ઘરના અથવા પરિવારના ઉપચાર સંબંધિત ખર્ચમાં નોંધપાત્ર વધારો જોવા મળશે. આને કારણે તમારે આર્થિક સંકટની લાગણીને કારણે માનસિક તાણ અને અસ્વસ્થતાનો પણ સામનો કરવો પડી શકે છે. તેથી પોતાને શાંત રાખવાનો પ્રયાસ કરો, અન્યથા અન્યના નબળા સ્વાસ્થ્યની સાથે, તમારે તમારા પૈસા તમારા પોતાના નબળા સ્વાસ્થ્ય પર પણ ખર્ચ કરવા પડશે. ઘણા બધા ઉતાર-ચડાવ પછી આ રાશિના ચિહ્નોની આર્થિક બાજુ આખરે સામાન્ય દેખાશે. કારણ કે ત્યાં એવી સંભાવના છે કે, જો તમે અઠવાડિયાના પ્રારંભિક દિવસે તમને સારા પરિણામ નહીં આપે, તો પણ ધીમે ધીમે તમારી પાસે જુદા જુદા સંપર્કોથી પૈસા હશે. તેથી, આ અઠવાડિયે નસીબનો યોગ્ય લાભ લઈ તમારા પૈસા બચાવવા તરફ પ્રયાસો કરો. આ અઠવાડિયે તમે તમારા સૂચનો અને તમારા અભિપ્રાયને મિત્રો અને સંબંધીઓ પર લાદતા જોશો. જો કે તમને આમ કરવાનું ટાળવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે આ ફક્ત તમારી છબી માટે ખાસ ફાયદાકારક સાબિત થશે નહીં. ,લટાનું, તમે બીજાઓને ગુસ્સો કરીને તમારી સામે ઊભા પણ થઈ શકો. આ અઠવાડિયે, આ રાશિનો વતની મૂળ તેના પ્રેમીને અને પ્રેમિકાને તેના પ્રેમ દર્શાવવા માટે તમામ પ્રયત્નો કરશે.




**કર્ક - (ડ, હ) :-** આ અઠવાડિયાની શરૂઆત તમારા માટે ઊર્જાથી ભરેલી નથી, અને તમે નાની નાની બાબતોમાં પણ નારાજ દેખાશો. આવી સ્થિતિમાં તમારે થોડુંક શાંત થવાની જરૂર રહેશે, નહીં તો તમારું તામસી સ્વભાવ તમારું આરોગ્ય બગાડી શકે છે. આ અઠવાડિયે, જો તમે તમારી આર્થિક સ્થિતિને મજબૂત કરીને પૈસા કમાવવા માંગતા હો, તો તમારા માટે સફળતાનો મંત્ર એ છે કે તમારે તમારા નાણાં ફક્ત એવા લોકોની સલાહ પર જ રોકાણ કરવું જોઈએ કે જેઓ મૂળ વિચારસરણી છે અને તમારા કરતા વધુ અનુભવી છે. માત્ર ત્યારે જ તમે તમારી સંપત્તિ સુરક્ષિત કરતી વખતે નફો પ્રાપ્ત કરી શકશો. આ અઠવાડિયે, તમે ઘરના કામમાં રસ લઈને ઘરની અન્ય મહિલાઓને મદદ કરી શકો છો. આ તમને કુટુંબમાં વધતા માન અને સન્માનની સાથે અન્ય સભ્યો સાથેના તમારા સંબંધને મજબૂત બનાવવામાં મદદ કરશે. આ અઠવાડિયે પ્રેમની શોધમાં, એકલા લોકો કોઈને પણ આંધળા વિશ્વાસ કરી શકે છે. જેના કારણે તેઓને પછીથી મુંહ ની ખાવી પડશે. આ કિસ્સામાં, રોમાંસ અને પ્રેમના કિસ્સામાં, આ સમય દરમિયાન, તમારે તમારા મનનો ઉપયોગ કરવાની સૂચના આપવામાં આવે છે.





**સિંહ - (મ, ટ) :-** આપણું આરોગ્ય જીવનની વાસ્તવિક મૂડી છે, આ વસ્તુને આ અઠવાડિયામાં તમારા જીવનમાં અપનાવી લો, તમે તેને અમલમાં મૂકશો. જેના કારણે તમે ઘરે અને તમારા કાર્યસ્થળમાં વધુ સારું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા માટે, દરેક માનસિક તાણને બાયપાસ કરીને, લોકો સાથે ખુલ્લેઆમ મજાક કરશો. જો પૈસા કે જમીન સંબંધિત કોઈ બાબત કોર્ટમાં સસ્પેન્ડ કરવામાં આવી હતી, તો આ અઠવાડિયે, તેનો નિર્ણય તમારા પક્ષમાં આવશે. જેની સાથે તમને માત્ર પૈસા જ નહીં મળે, પરંતુ તમારી નબળી આર્થિક સ્થિતિ પણ ઘણી હદ સુધી પાટા પર આવી જશે. આ અઠવાડિયે તમે કોઈ જૂના મિત્ર, જીવનસાથી અથવા કોઈ બીજા સાથે પ્રેમી જોઈને થોડા દુઃખી થઈ શકો છો. આ કારણોસર, તમે પરિવાર સાથે સમય વિતાવવાનું ટાળતા, એકલા રહેવાનું પસંદ કરશો. આ અઠવાડિયામાં એકલ વતની માટે દરરોજ વિરોધી લિંગ વ્યક્તિ સાથે પ્રેમ કરવાની તેમની આદત બદલવા માટે સૌથી વધુ જરૂરી બનશે. ખાસ કરીને જો તમે હવે કોઈની સાથે વાસ્તવિક પ્રેમ સંબંધમાં જોડાવા માંગતા હો, તો તમારે તમારી બધી ખરાબ ટેવો બદલવી પડશે.




**કન્યા - (પ, ઠ, ણ) :-** આ અઠવાડિયે તમારે આવી બધી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેવાની જરૂર પડશે, જે તમને હળવા કરશે. ઉપરાંત, આવા કાર્યોથી દૂર રહો, જે તમારી છબીને તેમજ તમારા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. આ માટે, તમારા મગજમાં નકારાત્મક વિચારો ન આવે તે વધુ સારું છે, અને તમારા ફાજલ સમયમાં અહીં અને ત્યાં વાત કરવાને બદલે, ક્યુંબર ખાતી વખતે કોઈ પુસ્તક વાંચો. તમારી ઇચ્છાઓ આ અઠવાડિયામાં પ્રાર્થના અને શુભેચ્છા દ્વારા પૂર્ણ થશે. કારણ કે આ સમય તમને ભાગ્યનો સાથ આપશે, જેના કારણે તમારા પાછલા દિવસની મહેનત પણ ચૂકવાશે અને તમે તમારા દરેક ઋણની ચુકવણી કરવામાં સફળ થશો. આ અઠવાડિયે, ઘરની કોઈ સભ્ય અથવા મિત્ર પ્રત્યે તમારી લાગણી વ્યક્ત કરવાનું ટાળો. નહિંતર, તે વ્યક્તિ તમારી વિશ્વાસનો લાભ લઈને તમને નુકસાન પહોંચાડી શકે છે. તેથી તમારી લાગણીઓને તમારા સુધી મર્યાદિત રાખો, તે તમારા માટે સારું રહેશે. આ અઠવાડિયે, તમે ફરીથી તમારા જૂના પ્રેમીને ચૂકી શકો છો.




**તુલા - (ર, ત) :-** આ અઠવાડિયે, કમિશન, ડિવિડન્ડ અથવા રોયલ્ટીના કામ દ્વારા તમને મોટો ફાયદો મળશે. ઉપરાંત, તમારામાંના ઘણા આવી કોઈ યોજનામાં નાણાં રોકવા માટે તૈયાર હશે, જે નફાની સંભાવના બતાવે છે અને તે વિશેષ છે. આ અઠવાડિયે તમારા વર્તનને જોઈને, અન્ય લોકોને લાગે છે કે તમે ફેમિલી-ફ્રન્ટ પર ખૂબ ખુશ નથી અને તમે તમારા અંગત જીવનમાં આવી ઘણી અડચણોનો સામનો કરી રહ્યા છો. જેના કારણે તમે અંદરથી ગૂંગળામણ અનુભવી રહ્યા છો. તમારા આ વર્તનને લીધે, તમારે તમારા કાર્યક્ષેત્રમાં તમારું મન મૂકવામાં થોડી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. આ અઠવાડિયે પ્રેમમાં ધાર્યા કરતા ઓછા સારા પરિણામ હોવાને કારણે મનમાં થોડી નિરાશાની સંભાવના છે. પરંતુ સારી વાત એ છે કે જો તમે આ સમય દરમિયાન પ્રતિકૂળ સંજોગો હોવા છતાં હિંમત નહીં ગુમાવશો, તો અઠવાડિયાના અંત સુધી, તમે તમારા પ્રેમી પાસેથી પ્રેમ, ટેકો અને રોમાંસ મેળવી શકશો. આ અઠવાડિયે, વેપારીઓને તેમના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે કોઈ મોટો નિર્ણય લેવો પડી શકે છે. જો કે, આ અઠવાડિયામાં કોઈ નિર્ણય લેતી વખતે, તમારા અહમને મધ્યમાં ન આવવા દો. પણ, જરૂર પડે ત્યારે તમારા જુનિયર સાથીઓની મદદ લેવી, અને તેમના વિચારો અને સૂચનો પર ધ્યાન કેન્દ્રિત કરો.




**વૃશ્ચિક - (ન, ય) :-** આ વર્ષે તમારું સ્વાસ્થ્ય સામાન્ય કરતા સારું રહેશે, જેના કારણે તમે તાજગી અનુભવતા હશો. આ તે સમય હશે જ્યારે તમે તમારા ખુશ વલણથી, ખુલ્લેઆમ અન્ય લોકો સાથે મજાક કરતા જોશો. આ અઠવાડિયે શક્ય છે કે તમે ધંધામાં સારો નફો મેળવી શકો, જેથી તમે કોઈ મોટા પૈસા કમાવામાં સફળ થઈ શકો. પરંતુ પૈસાની ઝગઝગાટ સામે, તમારે થોડી કાળજી લેવાની જરૂર રહેશે. આવી ઉતાવળમાં, પૈસાથી સંબંધિત કોઈ નિર્ણય ન લો. ખાસ કરીને જ્યારે મહત્વપૂર્ણ આર્થિક સોદાની વાટાઘાટો કરતી વખતે, તમારે થોડો સમય કાડીને, યોગ્ય રીતે વિચારવાની જરૂર રહેશે. આ અઠવાડિયામાં ઘરે કોઈ સભ્યનું સ્થાન બદલવું શક્ય છે, અથવા સંભવ છે કે તમે તમારા વર્તમાન રહેઠાણ સ્થળથી દૂર જવાનું વિચાર્યું છે. આ અઠવાડિયે તમે તમારી વ્યસ્ત જીવનમાંથી થોડો સમય કાડીને તમારા પરિવાર સાથે સમય વિતાવતા અને સાથે બેસીને અને કુટુંબ સંબંધિત કોઈપણ નિર્ણય અંગે ચર્ચા કરતા જોશો.




**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ સમય દરમિયાન, તમારા સ્વાસ્થ્યમાં ઘણા સારા ફેરફારો જોવા મળે છે. જેમને મેદસ્વીપણાની સમસ્યા હોય તેમના માટે સમય ખાસ સારો રહેશે. કારણ કે તે લોકો તેમની કેટલીક સમસ્યાઓ કાયમ માટે છુટકારો મેળવવામાં સક્ષમ હશે. આ અઠવાડિયે તમારી સામે કોઈ નવી યોજના સાથે કોઈ તમને નવી કરારના ફાયદા બતાવી શકે છે. આવી સ્થિતિમાં, કોઈ મૂર્ખ કાર્ય ન કરો, ઉતાવળથી નિર્ણય લેવાનું ટાળો, કારણ કે તમને તેનાથી અપેક્ષિત લાભ મળશે નહીં. આ રાશિના લોકો આ અઠવાડિયામાં તેમના પરિવારના સભ્યો સાથે સમાધાન કરવાનો પ્રયત્ન કરશે. સંભવ છે કે તેમને પણ આમાં સંપૂર્ણ સફળતા મળશે. પરિણામે, તેઓને પરિવાર સાથે સારો સમય વિતાવવાની અને ઘરેલુ મુદ્દાઓ પર સલાહ આપવાની તક મળશે. તમે આ સમયે ઘરના નાના સભ્યો સાથેના તમારા સંબંધોમાં સુધારો કરી શકશો. જો તમે આ અઠવાડિયામાં તમારા પ્રિયજનને તમારા પરિવાર સાથે રજૂ કરવાના વિચારતા હોવ છો.





**મકર - (ખ, જ) :-**

આખા અઠવાડિયામાં, ડ્રાઇવરોને ખાસ સાવચેતી રાખવાની સૂચના આપવામાં આવી છે, કારણ કે શક્ય છે કે તમારી થોડીક બેદરકારી તમારા માટે નુકસાનકારક સાબિત થાય. નાણાકીય બાજુની દ્રષ્ટિએ આ અઠવાડિયે વધુ સારું રહ્યું છે, પરંતુ આ હોવા છતાં તમારે હમણાં તમામ પ્રકારના નાણાંનું રોકાણ કરવાનું ટાળવું જોઈએ. જો કે, જો કોઈ કારણોસર આવું કરવું શક્ય ન હોય, તો તે તમારા માટે કોઈપણ રોકાણ તરફ તમારા પગલાં ફક્ત ખૂબ જ વિચારપૂર્વક લેવાનું મહત્વપૂર્ણ રહેશે. આ અઠવાડિયામાં પ્રેમ, મિત્રતા અને પરસ્પર બંધનમાં સારી વૃદ્ધિની સંભાવના છે. આ સાથે, કોઈપણ ઇ-મેલ અથવા સંદેશ પરિવાર માટે સારા સમાચાર લાવશે. જેના કારણે તમે તમારા આખા પરિવાર સાથે હસતા જોવા મળશે. પ્રેમ કુંડળી મુજબ આ રાશિ તમારી રાશિના લોકો માટે ખૂબ મહત્વનો સાબિત થશે. કારણ કે તમારી લવ લાઈફમાં કેટલીક સારી ક્ષણો આવશે અને તમે તમારી પ્રેમિકા સાથે સારી જિંદગી પસાર કરી શકશો. જો તમે ભૂતકાળમાં તમારી કારકિર્દીમાં થોડી નિરાશા અનુભવતા હો, તો પછી આ અઠવાડિયામાં વસ્તુઓ પાછો પ્રાપ્ત થવાની શરૂઆત થશે




**કુંભ - (ગ, શ, ષ, સ) :-** આ અઠવાડિયે, જો તમે તમારા સ્વાસ્થ્યમાં સુધારો કરો છો, તો તે દ્રશ્યમાન થશે. પરંતુ આ હોવા છતાં, આ સમય દરમિયાન, તમારે તમામ પ્રકારની લાંબી અંતરની યાત્રાઓ લેવાનું ટાળવું પડશે અને જો કોઈ મુસાફરી જરૂરી હોય તો, તમારી તબીબી તપાસ કર્યા પછી જ કોઈપણ યાત્રા માટે જશો. તમારે આ અઠવાડિયામાં તમારા પૈસાની વધુ બચત કરવાની જરૂર રહેશે, કારણ કે આ અઠવાડિયે કોઈ લેણદાર તમારા દરવાજા પર આવી શકે છે અને તમારી પાસેથી પૈસા માંગી શકે છે. આવી સ્થિતિમાં, જો તમે તેમને નાણાં પરત કરો છો, તો તમે આર્થિક રીતે પટકાઈ શકો છો, અને જો તમે પૈસા નહીં આપો તો તે તમારી પ્રતિષ્ઠાને અસર કરી શકે છે. આ અઠવાડિયે, તમારા પરિવારના સભ્યો તમારા પ્રેમ સંબંધની વચ્ચે આવી શકે છે, તમારા પ્રેમીને દુરૂપયોગ કરે છે. આનાથી તમારા પ્રેમીને જ નુકસાન થશે નહીં, પરંતુ તમારા સંબંધોમાં પણ અંતરની સંભાવના રહેશે. તેથી, પ્રેમીને કારણે શક્ય તેટલું, પરિવારના સભ્યો સાથે દલીલ કરવાનું ટાળો.




**મીન - (દ, ચ, ઝ, થ) :-** આપણું આરોગ્ય જીવનની વાસ્તવિક મૂડી છે, આ વસ્તુને આ અઠવાડિયામાં તમારા જીવનમાં અપનાવી લો, તમે તેને અમલમાં મૂકશો. જેના કારણે તમે ઘરે અને તમારા કાર્યસ્થળમાં વધુ સારું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા માટે, દરેક માનસિક તાણને બાયપાસ કરીને, લોકો સાથે ખુલ્લેઆમ મજાક કરશો. આખા અઠવાડિયા દરમિયાન, તમારે તમારી સંચિત મૂડી સંગ્રહિત કરતી વખતે તેનો ખર્ચ કરવાનું ટાળવું પડશે. કારણ કે શક્ય છે કે આ સમયે તમારો મોટો ફાયદો થાય અને તમારા પરિવારજનો તમારી સાથે વાત કરશે અને તમારી બેંક બેલેન્સ માંગશે. આવી સ્થિતિમાં, જો તેઓને ખબર પડે કે તમે મોટાભાગનો નફો ખર્ચ કર્યો છે, તો તમારે તેમને નિંદા કરવી પડશે, સાથે જ તમે તેમની સામે શરમિંદગી અનુભવો છો. તેની સમસ્યાઓ હંમેશાં દરેક માટે મોટી હોય છે. અને આ અઠવાડિયે તે શક્ય છે કે તમારી સમસ્યાઓ, તમારા માટે ખૂબ મોટી, પરંતુ તમારે એ પણ સમજવું પડશે કે તમારી આસપાસના લોકો તમારી પીડા સમજી નહીં શકે. આ સ્થિતિમાં તેમની પાસેથી વધુ અપેક્ષા રાખવી તમને નુકસાન પહોંચાડી શકે છે. તેથી આ અઠવાડિયામાં અન્ય લોકો પાસેથી વધુ અપેક્ષા કરવાનું ટાળો. શક્ય છે કે આ અઠવાડિયામાં કોઈ કારણોસર પ્રેમી અને તમારે એક બીજાથી દૂર રહેવું પડશે. આવી સ્થિતિમાં, તમારા પ્રિયથી દૂર રહેવાનું દુખ તમને પીડા આપશે. તેથી જો તમે ખરેખર તેમને યાદ કરીને કંટાળી ગયા છો, તો પછી તેમના ફોનની રાહ જોશો નહીં, તેમની પોતાની વર્તણૂક લો. તમને આ અઠવાડિયામાં તમારા ઉપરી અધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ તરફથી સંપૂર્ણ પ્રશંસા અને ટેકો મળશે. આ સિવાય તમારી યાત્રાઓથી તમને ઘણો ફાયદો થશે.

# ગુજરાત ટાઈટન્સે ચેન્નાઈ સુપર કિંગ્સને ૩૫ રનથી હરાવ્યું

## મોહિતની ૩ વિકેટ; સુદર્શન-શુભમનની સદી, GTની પ્લેઓફની આશા જીવંત

મુંબઈ

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની ૫૯મી મેચમાં ગુજરાત ટાઈટન્સે ચેન્નાઈ સુપર કિંગ્સને ૩૫ રનથી હરાવ્યું હતું. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ચેન્નાઈએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ગુજરાતે ૨૦ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ૨૩૧ રન બનાવ્યા હતા. જવાબમાં ચેન્નાઈની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૯૬ રન જ બનાવી શકી હતી.

GTના કેપ્ટન શુભમન ગિલ (૧૦૪ રન)એ IPL ઈતિહાસમાં ૧૦૦મી સદી ફટકારી હતી. ગિલ બાદ સાઈ સુદર્શન (૧૦૩ રન)એ પણ પોતાની કારકિર્દીની પ્રથમ સદી પૂરી કરી હતી. બંનેએ ૨૧૦ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. CSK તરફથી તુષાર દેશપાંડેએ ૨ વિકેટ લીધી હતી.

CSK તરફથી ડેરીલ મિશેલે ૬૩ રન, મોઈન અલીએ ૫૬ રન, એમએસ ધોનીએ ૨૬ રન અને શિવમ દુબેએ ૨૧ રન બનાવ્યા હતા. મોહિત શર્માએ ૩ અને રાશિદ ખાને ૨ વિકેટ લીધી હતી.અને પુત્ર સાથે તળાવમાં કૂદી પડ્યો હતો. જ્યારે કોઈએ પ્રકાશનો મૃતદેહ જોયો તો તેને પોલીસને જાણ કરી. મોડી રાત્રે પ્રકાશ અને તેના પુત્ર રાહુલના મોત થયાનું પ્રકાશમાં આવ્યું હતું. પોલીસે પ્રકાશના પિતાનો મૃતદેહ ઘરમાંથી કબજે કર્યો છે.

# નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સુરક્ષા ઘેરો તોડીને પ્રશંસક ધોની પાસે પહોંચી ગયો



## એક વખત ધોની પણ ફેનને અચાનક તેની પાસે જોઈને ચોકી ગયો

મુંબઈ

IPL 2024માં અમદાવાદમાં ગુજરાત ટાઈટન્સ અને ચેન્નાઈ સુપર કિગ્સ વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સુરક્ષામાં ચુક જોવા મળી હતી. એક પ્રશંસક સુરક્ષા ઘેરો તોડીને ધોની પાસે પહોંચી ગયો હતો.

આ મેચમાં અંતિમ ઓવર દરમિયાન એક પ્રશંસક નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સુરક્ષા તોડીને અંદર પીચ પર પહોંચી ગયો હતો. તે ધોની પાસે પહોંચી ગયો હતો અને તેને ગળે લગાવ્યો હતો અને પગે પડ્યો હતો. થોડી વાર બાદ સુરક્ષાકર્મી તેને બહાર લઈ ગયા હતા. એક વખત ધોની પણ ફેનને અચાનક તેની પાસે જોઈને ચોકી ગયો હતો અને ફેનને જોઈને દોડવા લાગ્યો હતો.


# રોડ પર ચિકન રોલ વેંચતા બાળકને જોઈ અર્જુન કપૂર ભાવુક થયો, મદદ કરવાનો નિર્ણય લીધો

નવીદિલ્હી

ઘણા લોકો સાથે નાની ઉંમરમાં એવી ઘટનાઓ બની જતી હોય જેના વિશે કોઈએ કલ્પના પણ ન કરી હોય. તાજેતરમાં જ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે જેમાં દિલ્હીમાં રહેતો એક ૧૦ વર્ષનો છોકરો રોડ ઉપર ચિકન રોલ વેચીને ઘર ચલાવે છે. આ બાળકની સ્ટોરી એવી છે કે તેના પિતાનું અવસાન થયા પછી તેની માતા તેને અને તેની બહેનને છોડીને જતી રહી. જેથી તેણે પિતાના અવસાનના ૧૦ દિવસ પછીથી રોડ કિનારે રેકડી લગાવીને રોલ વેચવાનો વારો આવ્યો.

આ બાળકની સ્ટોરી અને તેનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં અર્જુન કપૂર પણ તેની સ્થિતી જોઈને ભાવુક થઈ ગયો. વાયરલ વિડીયો ફેમ ૧૦ વર્ષના બાળકને અર્જુન કપૂર મદદ કરવા માંગે છે. અર્જુન કપૂરે તેના સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને જણાવ્યું હતું કે તકલીફ હોવા છતાં આ બાળક ચહેરા પર સ્માઈલ સાથે જીવી રહ્યો છે. પિતાના અવસાનના દસમા દિવસ પછીથી જ તેણે દુકાનનું કામ સંભાળી લીધું. આ આ સાથે જ અર્જુન કપૂરે લખ્યું છે કે આ બાળકની બહેનને ભણાવવા માટે તે મદદ કરવા માંગે છે તેને એવું પણ લખ્યું છે કે જો કોઈ આ બાળકના સંપર્કમાં હોય તો તે અર્જુન કપૂરને જણાવે.

જે બાળકને મદદ કરવા માટે અર્જુન કપૂર તૈયાર થયો છે તે બાળક લાઈમલાઈટમાં ત્યારે આવ્યો જ્યારે એક બ્લોગરે તેનો વિડીયો શેર કર્યો.




# હાર્દિક પંડ્યાના નામે શરમજનક રેકોર્ડ, કેપ્ટન તરીકે પહેલી જ સિઝનમાં મુંબઈ માટે નિષ્ફળતા

મુંબઈ

મુંબઈ ઈન્ડિયન્સે આઈપીએલ ૨૦૨૪માં મોટા ફેરફારો સાથે પ્રવેશ કર્યો. મુંબઈની ટીમે ૫ વખતના ચેમ્પિયન કેપ્ટન રોહિત શર્માની જગ્યાએ હાર્દિક પંડ્યાને ટીમની કમાન સોંપી હતી. પરંતુ મુંબઈ ઈન્ડિયન્સ માટે કેપ્ટન તરીકે હાર્દિક પંડ્યાની પ્રથમ સિઝન ઘણી ખરાબ રહી છે. તેની ટીમ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. આ પહેલા હાર્દિક પંડ્યાએ ૨ સિઝન માટે ગુજરાત ટાઈટન્સની કેપ્ટનશિપ કરી હતી અને બંને વખત ટીમને ફાઈનલમાં પહોંચાડી હતી. એક વખત તે ટીમને ચેમ્પિયન બનાવવામાં પણ સફળ રહ્યો હતો.

મુંબઈ ઈન્ડિયન્સ ટીમ આઈપીએલ ૨૦૨૪માં પ્લેઓફની રેસમાંથી બહાર થનારી પ્રથમ ટીમ છે. તે જ સમયે, આઈપીએલના ઈતિહાસમાં આ માત્ર બીજી વખત છે જ્યારે મુંબઈ ઈન્ડિયન્સની ટીમ પ્રથમ વખત પ્લેઓફની રેસમાંથી બહાર થઈ હોય. આ સાથે જ હાર્દિક પંડ્યા મુંબઈનો બીજો એવો કેપ્ટન બની ગયો છે જેની કપ્તાનીમાં ટીમને પ્લેઓફની રેસમાંથી બહાર થવું પડ્યું છે. જ્યારે આ પહેલા વર્ષ ૨૦૨૨માં રોહિત શર્માની કપ્તાનીમાં ટીમ પ્રથમ વખત પ્લેઓફમાંથી બહાર થઈ હતી. જો કે આ રેકોર્ડ ૫ વખત ટ્રોફી જીત્યા બાદ રોહિતના નામે જોડાઈ ગયો હતો, પરંતુ પંડ્યાને પહેલી જ સિઝનમાં આ ખરાબ દિવસ જોવો પડ્યો છે.મુંબઈ ઈન્ડિયન્સે આ સિઝનમાં અત્યાર સુધી ૧૨ મેચ રમી છે. આ સમયગાળા દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સ માત્ર ૪ મેચ જીતવામાં સફળ રહી છે. તે જ સમયે, મુંબઈ ઈન્ડિયન્સને ૮ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે.

# સ્પેસ સાયન્સમાં ક્રાંતિ, પહેલીવાર પેરાફીન ઈંધણથી ઉડાડ્યું રોકેટ : જર્મન એજન્સીને મળી સફળતા

કૂનીબ્બા,

એક જર્મન કંપનીએ પ્રથમવાર મીણબત્તીમાં ઉપયોગમાં લેવાતા મીણની ઉર્જા વડે રોકેટ અંતરિક્ષમાં મોકલવામાં સફળતા મેળવી છે. આ સફળતા નાના કારોબારીઓ માટે ઓછા ખર્ચે અંતરિક્ષમાં ઉપગ્રહ મોકલવાની દિશામાં મહત્વનું છે. આ રોકેટ ૭ મે ના રોજ સવારે ૫ વાગે દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં કૂનીબ્બા ખાતેની લોંચ સાઈટ પરથી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેનું નામ એઆર ૭૫ રાખવામાં આવ્યું છે.પરીક્ષણમાં ઉપયોગમાં લેવાયેલું રોકેટ ૧૨ મીટર લંબાઈ ધરાવે છે. આ રોકેટની મદદથી ૨૫૦ કિલો વજન ૨૫૦ કિમી દૂર અવકાશમાં લઈ જઈ શકાય છે.

દરિયાની સપાટીથી ૧૦૦ કિમી ઉંચાઈ પર અંતરિક્ષની સીમા શરુ થાય છે. આ રોકેટ ઉર્જા માટે પેરાફીન એટલે કે મીણબત્તી અને તરલ ઓકિસજનનો પ્રથમવાર ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઈંધણ રોકેટમાં વાપરવા માટે માઈનસ ૪૩૨ ડિગ્રી સેલ્સિયસ સુધી ઠંડુ રાખી શકાય છે. રોકેટ તૈયાર કરવાના જર્મન અંતરિક્ષ એજન્સી ડીએલઆરના સ્ટાર્ટઅપમાં ૬૫ લોકો કામ કરી રહયા છે.

અગાઉ અંતરિક્ષ એજન્સીને ઉપગ્રહો અંતરિક્ષમાં મોકલવાના અંદાજે ૧૦ કરોડ યુરોના ઓર્ડર મળી ચુકયા છે. ઉપગ્રહ મોકલવા માટે રોકેટમાં હાઈડ્રોજનના સ્થાને પેરાફીનનો ઉપયોગ કરવાનો એક માત્ર હેતું ઈંધણ ખર્ચ બચાવવાનો છે. પેરાફીન ઈંધણથી આવનારા સમયમાં ઈંધણ ખર્ચમાં ૫૦ ટકા જેટલો ઘટાડો થશે. વર્તમાન સમયમાં ભારતની ઈસરો અને ઈલોન મસ્કની કંપની સ્પેસએકસ કિફાયતી કિંમતે સેવા આપી રહી છે. અમેરિકા,રશિયા,યુરોપ અને ચીન પર ઉપગ્રહ લોન્ચિંગ બજારમાં નામ ધરાવે છે. જર્મન વેબસાઈટ ડીડબ્લ્યુના જણાવ્યા અનુસાર મોટા ભાગના પ્રોજેકટ ખાનગી નાણાથી શરુ કરવામાં આવ્યા છે.

# ડિનોએ જ્હોન-બિપાશા સાથેના સંબંધો પર વાત કરી, મને ક્યારેય બંને પ્રત્યે કડવાશ નહોતી

મુંબઈ,

જ્યારે પણ એક્ટર ડીનો મોરિયાનો ઉલ્લેખ થાય છે ત્યારે તેની સાથે જહોન અબ્રાહમ અને બિપાશા બાસુનું નામ પણ સામે આવે છે. એવું માનવામાં આવતું હતું કે બિપાસાને લઈને જહોન અને ડિનો મોરિયા વચ્ચે દુશ્મનાવટ છે, પરંતુ તાજેતરમાં જ ડિનો આ વિષય પર ખુલીને વાત કરતો જોવા મળ્યો હતો. તેમણે વર્ષો જૂની ગેરસમજને સૌની સામે સ્પષ્ટ કરી. આવો તમને જણાવીએ કે ડિનો મોરિયાએ તેના અને જહોનના સંબંધો વિશે શું કહ્યું.

ડીનો મોરિયા અને જહોન અબ્રાહમ એકસાથે મોડેલિંગમાંથી ફિલ્મો તરફ વળ્યા. તાજેતરના એક ઈન્ટરવ્યુ દરમિયાન જ્યારે ડીનોને જહોન સાથેના તેના સંબંધો વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, 'સૌથી પહેલા હું એક વાત સ્પષ્ટ કરવા માંગુ છું કે મારી જહોન સાથે ક્યારેય કોઈ દુશ્મનાવટ નથી. અમે ત્યારે પણ મિત્રો હતા અને આજે પણ છીએ. તાજેતરમાં જ મેં તેને ફોન કર્યો હતો કે ચાલો સાથે ડ્રાઈવ કરવા જઈએ. ડીનો મોરિયા આગળ કહે છે, 'લોકો વિચારવા લાગ્યા કે મેં બિપાશા સાથે તેના કારણે બ્રેકઅપ કર્યું, પરંતુ તે સાચું ન હતું. જહોન આવે તે પહેલાં અમારો સંબંધ પૂરો થઈ ગયો હતો. 'રાજ' દરમિયાન અમારું બ્રેકઅપ થયું હતું. આ બધું માત્ર અફવા છે.



# શિખર પહાડિયા સાથે તિરુપતિ મંદિરમાં જાહ્નવી કપૂર લગ્ન કરશે ?



મુંબઈ,

બોલિવૂડ એક્ટ્રેસ જાહ્નવી કપૂર છેલ્લા ઘણાં સમયથી શિખર પહાડિયાની સાથે રિલેશનશિપને લઈને ચર્ચામાં રહેતી હોય છે. જણાવવામાં આવી રહ્યું છે કે બન્ને એકબીજાને ડેટ કરી રહ્યા છે. સામાન્ય રીતે બન્ને સાથે સ્પોટ થતા હોય છે. આ વચ્ચે સોશયલ મિડીયામાં એક એવી મજાક ઉડી છે કે જે બધાને વિચારમાં કરી દે છે. આમ, વાત કરવામાં આવે તો જાહ્નવી કપૂર સોશિયલ મિડીયામાં પણ એક્ટિવ રહેતી હોય છે.

એક પૈપરાઝીએ ઈન્સ્ટાગ્રામ પેજ પર પોસ્ટ શેર કરતા લખ્યુ છે કે જાહ્નવી કપૂર બોયફ્રેન્ડ શિખર પહાડિયા સાથે લગ્ન કરવાની છે. પોસ્ટમાં એ પણ લખ્યુ છે કે એક્ટ્રેસ તિરુપતિ મંદિરમાં લગ્ન કરશે. લગ્ન દરમિયાન જાહ્નવી કપૂર ગોલ્ડન સાડી પહેરશે. જ્યારે આ પોસ્ટ પર જાહ્નવી કપૂરનું ધ્યાન જતા કોમેન્ટમાં જવાબ આપ્યો છે કે કંઈ પણ..આ રીતે જાહ્નવી કપૂરે કન્ફોર્મ કરી દીધુ છે કે શિખર પહાડિયા સાથે લગ્નની વાત ખોટી છે.

થોડા સમય પહેલાં કરણ જોહરના પોપ્યુલર ચેટ શો કોફી વિથ કરણના એક એપિસોડમાં જાહ્નવી કપૂરે જણાવ્યું હતુ કે એની સ્પીડ ડાયટ લિસ્ટમાં ત્રણ લોકો છે

# હૈદરાબાદ સામે ટીમના પ્રદર્શનથી નારાજ એલએસજીના માલિક સંજીવ ગોએન્કાએ કેપ્ટનની ક્લાસ લગાવી

હૈદરાબાદ,

સનરાઈઝર્સ હૈદરાબાદે બુધવારે લખનૌ સુપરજાયન્ટ્સ સામે ઐતિહાસિક જીત નોંધાવી હતી. ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માના તોફાનમાં લખનૌનો કોઈ બોલર પોતાની વિશ્વસનીયતા બચાવી શક્યો નહોતો. બંને બેટ્સમેનોએ વિસ્ફોટક પ્રદર્શન કરીને ટીમને ૧૦ વિકેટે જીત અપાવી હતી. આ જીત સાથે હૈદરાબાદ પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. મેચ બાદ લખનૌના માલિક સંજીવ ગોએન્કાએ કેપ્ટન કેએલ રાહુલને ફટકાર લગાવી હતી. તેણે ટીમના પ્રદર્શન પર નારાજગી વ્યક્ત કરી હતી, જેનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

સનરાઈઝર્સ હૈદરાબાદે લખનૌ સુપર જાયન્ટ્સને ૧૦ વિકેટે હરાવ્યું. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરીને લખનૌએ ૨૦ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ૧૬૫ રન બનાવ્યા હતા. હૈદરાબાદની ટીમે ૧૬૬ રનનો ટાર્ગેટ ૧૦ ઓવરમાં એટલે કે ૯.૪ ઓવરમાં હાંસલ કર્યો હતો. હૈદરાબાદે ૬૨ બોલ બાકી રહેતા મેચ જીતી લીધી હતી. ટ્રેવિસ હેડે ૩૦ બોલમાં આઠ ચોગ્ગા અને આઠ છગ્ગાની મદદથી ૮૯ રન અને અભિષેક શર્માએ ૨૮ બોલમાં આઠ ચોગ્ગા અને છ છગ્ગાની મદદથી ૭૫ રનની અણનમ ઈનિંગ રમી હતી. અભિષેકે મેચનો અંત સિક્સર સાથે કર્યો હતો.

લખનૌ સુપર જાયન્ટ્સે સનરાઈઝર્સ હૈદરાબાદને ૧૬૬ રનનો ટાર્ગેટ આપ્યો છે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરીને લખનૌએ ૨૦ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ૧૬૫ રન બનાવ્યા હતા.

# ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા ડાયરેક્ટર સંગીત સિવાનનું નિધન : બોલિવૂડને ઘણી સુપરહિટ ફિલ્મો આપી છે

મુંબઈ,

બોલિવૂડને ગણી સુપરહિટ ફિલ્મ આપી ચૂકેલા ડાયરેક્ટર સંગીત સિવાનનું નિધન થઈ ગયું છે. સંગીત સિવાનના નિધન પર બોલિવૂડના સ્ટાર્સે શોક પ્રગટ કર્યો છે. સંગીત સિવનની ઉમર માત્ર ૬૫ વર્ષ જ હતી. હજુ સુધી તેમના મૃત્યુનું કારણ સામે આવ્યું નથી.

ડાયરેક્ટર સિવાનના નિધન પર બોલિવૂડ સહિત ફિલ્મી સિતારાઓ એમને શ્રદ્ધાંજલિ અર્પી છે. સંગીત સિવાને બોલિવૂડને ઘણી સુપરહિટ ફિલ્મો આપી છે. 'ક્યાં કૂલ હે હમ' અને અપના સપના મની મની' જેવી કોમેડી ફિલ્મો પર સિવાને બનાવી હતી. હવે સિવાનના નિધનથી સમગ્ર ફિલ્મ જગત શોક છવાઈ ગયો છે. બોલિવૂડ એક્ટર રિતેશ દેશમુખે એમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.રિતેશ દેશમુખે પોતાના સોશિયલ મીડિયા પર તસવીર શેર કરી એક ભાવુક નોટ લખી છે. જેમાં રિતેશે લખ્યું છે, 'સંગીત સિવાન સર હવે નથી રહ્યા, આ ખબરે અંદર સુધી દુઃખી કરી દીધો છે.એક નવા એક્ટર હોવાથી દરેક ઈચ્છે છે કે એમના પર વિશ્વાસ કરવામાં આવે અને એમને કામ કરવાની તક આપવામાં આવે. મને ક્યાં કૂલ હે હમ અને અપના સપના મની મનીના દિવસો આજે પણ યાદ છે, ખુબ સારા વ્યક્તિ, નરમ લહજા અને શાનદાર વ્યક્તિત્વ. આ નિધનની ખબરે અંદર સુધી હલાવી નાખ્યો છે.



# ફોન પર વાત કરતા યુવતીએ એવી વસ્તુ ખાઈ લીધી કે ગુમાવવો પડ્યો જીવ!

અંગમાલી,

ઘણી વખત આપણે ફોન પર વાત કરીએ છીએ ત્યારે આપણે તેમાં એટલા મગ્ન થઈ જઈએ છીએ કે આપણે શું કરી રહ્યા છીએ તેના પર ધ્યાન પણ નથી આપતા. વાત કરતા કરતા કે ફોનમાં જોતા જોતા ઘણી વખત આપણે અહીં અને ત્યાં ચાલવાનું શરૂ કરીએ છીએ . ઘણી વાર તો શું કરતા હોઈએ છીએ એ જ ખબર નથી હોતી. પણ આ બેધ્યાનપણું ઘણું ભારે પડી શકે છે, આવી જ એક ઘટના કેરળમાં બની છે. એક છોકરી તેના ઘરના બગીચામાં ફરતી હતી અને તેના પરિવારના સભ્યો સાથે વાત કરી રહી હતી. તેણી તે એટલી મગ્ન હતી કે તેણીએ ક્યારે ફૂલ તોડીને ચાવવા માટે મોઢામાં મૂક્યું તેનું ભાન ન રહ્યું (. ફૂલના થોડા ટીપા જેવું પેટમાં પ્રવેશ્યા અને તેનું મૃત્યુ થઈ ગયું.

હા, તમને જાણીને નવાઈ લાગશે કે ફૂલના થોડા ટીપાં કોઈની જિંદગી કેવી રીતે ખર્ચી શકે છે! હકીકતમા આ કોઈ સામાન્ય ફૂલ નહોતું, તે ખૂબ જ ઝેરી ફૂલ હતું, જેનું નામ ઓલિએન્ડર ફૂલ છે. ન્યૂ ઈન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝ વેબસાઈટ અનુસાર, ૨૪ વર્ષની સુર્યા સુરેન્દ્રન કેરળના અલપ્પુઝા જિલ્લામાં રહેતી હતી. તેને બ્રિટનમાં નર્સ તરીકે નોકરી મળી હતી માટે ત્યાં જવા એ રવિવારે કોચી એરપોર્ટ પહોંચી હતી પરંતુ ત્યાં અચાનક તે બેભાન થઈ ગઈ હતી.

યુવતીને તાત્કાલિક અંગમાલી શહેરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી પરંતુ સોમવારે તેનું મૃત્યુ થયું હતું. અલપ્પુઝા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં તેનું પોસ્ટમોર્ટમ ચાલી રહ્યું છે. હરિપદ સ્ટેશન હાઉસ ઓફિસર કે. અભિલાષકુમારના જણાવ્યા અનુસાર અરલીનું ફૂલ ચાવવાથી યુવતીનું મોત થયું હતું. મરતા પહેલા યુવતીએ તેના પરિવારજનો અને હોસ્પિટલના ડોક્ટરોને જણાવ્યું હતું કે રવિવારે સવારે જ્યારે તે ઘરે હતી ત્યારે તે તેના સંબંધીઓ અને મિત્રો સાથે ફોન પર વાત કરી રહી હતી અને તેમને તેની મુસાફરી વિશે જણાવી રહી હતી. તે જયારે બગીચામાં હતી ત્યારે તેને બેધ્યાન પણે ફૂલની પાંખડી ચાવીન લીધી અને તેને તરત જ ફૂલની પાંખડી થૂંકી દીધી હતી

# રાજકોટ લોકસભા ચૂંટણી સ્ટાફને હજુ મહેનતાણુ નહીં ચૂકવાતા નારાજગી

## રૂા.દોઢ કરોડની ગ્રાંટ મંજૂર પણ ફાળવણીમાં વિલંબ થતાં રકમ ચૂકવણીમાં વિલંબ

રાજકોટ,


રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીના ત્રણ દિવસ જેવો સમય પસાર થવા છતા ચૂંટણી સ્ટાફને તેમના મહેનતાણાની રકમ હજુ નહી ચૂકવાતા કર્મચારીઓમાં દેકારો બોલી જવા પામ્યો છે.

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં ૨૨૩૬ બુથો પર ૧૧૦૦૦થી વધુ કર્મચારીઓએ આ વખતે ફરજ બજાવી છે. ચૂંટણી સ્ટાફને ચૂંટણીપંચ દ્વારા બે દિવસની ફરજનું મહેનતાણુ ચૂકવવામાં આવે છે જેમાં પ્રીસાઈડીંગ ઓફીસરને ૨૦૫૦ પોલીંગ ઓફીસરને ૧૫૫૦, પટ્ટાવાળા કર્મચારીને રૂા.૮૫૦ ચૂકવવામાં આવે છે. એક બુથ દીઠ રૂા.૭૫૫૦ મહેનતાણાની રકમ કર્મચારીઓને ચૂકવવામાં આવે છે.

આ ઉપરાંત તાલીમના અલગથી રૂા.૩૫૦-૨૫૦ જેવી રકમ ચુકવવામાં આવે છે. કર્મચારીઓને આ મહેનતાણાની રકમ તેમના બેંક એકાઉન્ટમાં જ ડાયરેકટ જમા કરાવવામાં આવે છે. કર્મચારીઓને મહેનતાણુ ચુકવવા માટે ચૂંટણી પંચ દ્વારા ૧.૫૦ કરોડની ગ્રાન્ટ મંજુર કરી દેવામાં આવી છે. પરંતુ ફાળવણીમાં વિલંબ થતા કર્મચારીઓને મહેનતાણાના રકમ હજુ સુધી મળી નથી.

આ અંગે સુત્રોએ જણાવ્યું હતું કે ટુંક સમયમાં આ ગ્રાન્ટ મળે તુરંત જ કર્મચારીઓને તેમના બેંક ખાતામાં મહેનતાણાની રકમ જમા થઈ જશે.

# વેરાવળ દર્શન સાયન્સ શાળાનું ઝળહળતું પરિણામ



વેરાવળ,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી જાહેર થયેલ ધોરણ ૧૨ સાયન્સના પરીણામમાં વેરાવળની દર્શન સાયન્સ શાળાનું ઝળહળતું પરિણામ આવેલ છે. જેમાં દર્શન સાયન્સ સ્કુલની વિધાર્થીની બારીયા હિતેશ્વરી ૯૫.૮૨ સાથે પ્રથમ ક્રમાંકે, માંડલિયા વત્સલ ૮૪.૭૯ સાથે દ્રિતિય ક્રમાંકે, સિરોદરીયા યુગ ૮૪.૩૦ સાથે તૃતીય ક્રમાંકે ઉત્તીર્ણ થયેલ છે. દર્શન શાળા સંસ્થાનાં પ્રમુખ વિઠલાણીએ આ તમામ વિદ્યાર્થીઓને તથા સ્ટાફને આવકારેલ.





# વૈભવી સંદીપભાઇ બગથરીયાની ઝળહળતી સિધ્ધી : ધો.૧૦ ની પરીક્ષામાં ૯૪ પી.આર.

રાજકોટ તા. ૧૧ : 'અકિલા' ના સીનીયર મોસ્ટ ફોટોગ્રાફર અશોકભાઈ બગથરીયાની પૌત્રી અને રાજકોટ પ્રેસ ફોટોગ્રાફર એસોસીએશનના પ્રમુખ સંદીપ બગથરીયાની લાડકવાયી પુત્રી ચિ. વૈભવી બગથરીયાએ ધો.૧૦ ની પરીક્ષામાં ૯૪ પી.આર. મેળવતા ચોમેરથી અભિનંદનવર્ષા થઈ રહી છે. પંચશીલ સ્કુલની વિદ્યાર્થીની એવી વૈભવી એન.સી.સી. માં પણ સારો દેખાવ કરે છે. શાળાકીય કાર્યક્રમોમાં પણ મોખરે રહે છે. ઈતર શોખમાં તેને વાંચન પ્રત્યે અપાર રૂચી છે. તેની આ ઝળહળતી સિધ્ધી બદલ શાળાના પ્રિન્સીપાલ ડી. કે. વાડોદરીયા તેમજ શાળા સ્ટાફે શુભેચ્છા પાઠવી છે. પરિવારમાંથી દાદા અશોકભાઈ, દાદી સગુણાબેન, પપ્પા સંદીપભાઈ, મમ્મી પુનમબેન, ભાઈ પ્રિન્સ અને અભિજીતે પણ અનહદ ખુશી સાથે શુભેચ્છાઓ વર્ષાવી છે.

# રાજકોટ સરગમ લેડીઝ કલબ દ્વારા સમર ટ્રેઈનીંગ કલાસનો પ્રારંભ

રાજકોટ,

વેકેશનના સમય ગાળામાં બહેનો રોજગારલક્ષી તાલીમ લઈને આત્મનિર્ભર બને તે માટે સરગમ લેડીઝ કલબ દ્વારા સમર ટ્રેઈનીંગ કલાસિસનું આયોજન કરાયું છે. ઉદઘાટન સમારોહમાં રાજકોટના મહિલા મેયર નયનાબેન પેઢડીયાએ કહ્યું હતું કે, હું યુવાવસ્થામાં હતી ત્યારે સરગમ લેડીઝ કલબના સમર ટ્રેઈનીંગ કલાસમાં શીખવા માટે જતી હતી અને આજે વિવિધ કામમાં નિપુણતા મેળવીને મેયરપદ સુધી પહોંચી છું. તેમણે આ આયોજન બદલ સરગમ પરિવારને અભિનંદન પણ આપ્યા હતા. ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, રાજકોટ કેળવણી મંડળના ટ્રસ્ટી નવીનભાઈ ઠક્કર, મહાવીર સેવા ટ્રસ્ટના ચંદ્રકાંતભાઈ શેઠ, જોહર




કાર્ડવાળા યુસુફભાઈ માંકડા, ભાજપના ઉપપ્રમુખ કાશ્મીરાબેન નથવાણી રેણુબેન યાજ્ઞિક, ચંદ્રિકાબેન ધામેલીયા, આશાબેન શાહ, સુધાબેન ભાયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દર્શીતાબેને કહ્યું હતુ કે, આ પ્રકારના કલા સ મારફત બહેનો પોતાની આગવી ઓળખ ઉભી કરી શકે છે અને આત્મકનિર્ભર પણ બની શકે છે. શ્રી નવીનભાઈ ઠક્કરે સરગમ કલબની સેવા પ્રવતિને બિરદાવી હતી અને શુભેચ્છા પણ આપી હતી. જયારે ચંદ્રકાંતભાઈએ સરગમ લેડીઝ કલબને અભિનંદન આપ્યાન હતા. શ્રી ગુણવંતભાઈ ડેલાવાળાએ સમગ્ર કાર્યક્રમની માહિતી આપી હતી. આભારવિધિ ડો. ચંદાબેન શાહે કરી. સંચાલન ડો. માલાબેન કુંડલીયાએ કર્યું હતું.

મોટી ટાંકી ચોકમાં આવેલી કોટક સ્કુલમાં યોજાયેલા આ કલાસ તા.૧૯ સુધી ચાલશે બહેનોને વિવિધ પ્રકારના ૧૫ થી વધુ વિષયોમાં નિષ્ણાનતો દ્વારા તાલીમ આપવામા આવી રહી છે. રાજ બેંક, બાન લેબ, મહાવીર સેવા ટ્રસ્ટ, રાધિકા જવેલર્સ અને જોહર કાર્ડનો સહયોગ મળ્યો છે.

આ ઉપરાંત મૌલેશભાઈ પટેલ, નીલુબેન મહેતા, જસુમતીબેન વસાણી, અલ્કાકબેન કામદાર, સુધાબેન ભાયા, ગીતાબેન હિરાણી, અલ્કા બેન ધામેલીયા, છાયાબેન દવે, ચેતનાબેન સવજાણી, ભાવનાબેન મહેતા, મધુરિકાબેન જાડેજા, જયશ્રીબેન વ્યામસ, વૈશાલીબેન શાહ, હેતલબેન થડેશ્વરે પણ જહેમત ઉઠાવી રહ્યા છે.

# ગુજરાતના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૨ રાજ્યોની ટીમ ટકાશે

## આર.એ.આર ફાઉન્ડેશન રીબડાનાં રાજદીપસિંહ જાડેજાનું જાજરમાન આયોજન

## ચેમ્પિયન ટીમને ૧૧ લાખ અને રનર્સ અપને પાંચ લાખનું ઈનામ

રાજકોટ

આર.એ.આર ફાઉન્ડેશનના રાજદીપસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા (રીબડા)ના ઉપક્રમે ગુજરાતના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ઑલ ઈન્ડિયા કક્ષાની આર.એ.આર કપ ૨૦૨૪ ટેનિસ ક્રિકેટ ટી -૨૦ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. એસ.જી.વી.પી ઈન્ટરનેશનલ સ્કૂલ ગ્રાઉન્ડ, રીબડા, રાજકોટ ખાતે આયોજિત આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મધ્યપ્રદેશ, કેરલા, હૈદરાબાદ, ગુજરાત, તમિલનાડુ, ત્રિપુરા સહિત બારરાજ્યોની ટીમ આપસમાં ટકરાશે.

તારીખ ૧૮થી ૨૧ મે સુધી આયોજિત આ ટેનિસ બોલ ક્રિકેટ ટી ૨૦ની મેચમાં ચેમ્પિયનને ૧૧ લાખ રૂપિયાનું અધ..ધ..ધ, પ્રાઇઝ મની અને રનર્સઅપ ટીમને પાંચ લાખ, બેસ્ટ બેટ્સમેનને ૫૦,૦૦૦ અને બેસ્ટ બોલરને પણ ૫૦૦૦૦નું મની પ્રાઇસ આપવામાં આવશે. આ ઉપરાંત મેન ઓફ ધ સીરીઝને એક અત્યાધુનિક સપોર્ટ બાઈક પુરસ્કાર સ્વરૂપ આપવામાં આવશે.



(તસ્વીર દિલીપ ગોહેલ)

ગુજરાતના રમત-ગમતના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ઓલ ઈન્ડિયાની બેસ્ટમાં બેસ્ટ ટેનિસ ક્રિકેટ ટીમના ખેલાડીઓ સૌરાષ્ટ્રના નાના એવા રીબડા ગામમાં રમાવવા જઈ રહી છે, જેમાં આઇ,પી,એલ.ની તર્જ પર અને એવા જ ફોર્મેટથી ટેનિસ ક્રિકેટ ટી ૨૦ ટુર્નામેન્ટ આર.એ.આર. કપ ૨૦૨૪ નું ધમાકેદાર આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર ટુર્નામેન્ટનું લાઈવ પ્રસારણ ટેનિસ ક્રિકેટ,ઈન યુ.ટ્યુબ ચેનલ પર કરવામાં

આવશે. આજે આ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે ૧૨ ટીમોના ટીશર્ટનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. બિલકુલ આઇ.પી.લ. જેવું ફોર્મેટ ધરાવતી આ ક્રિકેટ ટુર્નામેન્ટ સૌરાષ્ટ્રવાસીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બની રહેશે તેમાં કોઈ બેમત નથી.

# જુનાગઢમાં રાજગોર મહિલા મંડળ આયોજીત કથાનો પ્રારંભ

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,

પૂ. મુકતાનંદબાપુના આશિર્વાદથી શ્રી રાજગોર બ્રાહ્મણ મહિલા મંડળના પ્રમુખ મીનાક્ષીબેન મહેતા અને તેની ટીમ દ્વારા તા. ૯ ને ગુરૂવારથી તા. ૧૫ મે બુધવાર સુધી જુનાગઢના બિલનાથ મંદિર ખાતે શાષી પ્રો. ડો. જગતભાઇ તેરૈયાના વ્યામસાસને દરરોજ બપોરે ૩ થી ૭ શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરેલ છે. જેમાં ગઈકાલે અક્ષર મંદિરથી વાજતે ગાજતે પોથીયાત્રા નિકળી હતી. જેમાં પૂ. ગણેશાનંદબાપુ શાષી જગતભાઇ તેરૈયા માજી ધારાસભ્યિ ભીખાભાઈ જોષી કેળવણીકાર અશોકભાઈ પંડયા, રમેશભાઈ મહેતા, જગદીશભાઈ ભરાડ, યોગેશભાઈ મહેતા, જીજ્ઞેશ મહેતા, રાઘવજીભાઈ



સાંકળીયા તેમજ મહિલા મંડળના સમગ્ર બહેનો જોડાયા હતાં. અને વાજતે ગાજતે પોથીયાત્રા કથા સ્થજળે પહોંચી હતી. અને જગતભાઈ એ કથાનું રસપાન કરાવતા આજના બાળકોને રાક્ષસ રૂપી મોબાઈલથી દુર રાખવા અપીલ કરી હતી.

# રાજકોટ વિરાણી બહેરા મુંગા શાળાનું૯૦% પરિણામ



રાજકોટ,

છ.શા.વિરાણી બહેરા મૂંગા શાળામાં નર્સરી થી ધોરણ-૧૨ સુધીનો અભ્યા.સ ચાલે છે જે હર હંમેશ દિવ્યાંયગ મૂક-બધિર બાળકોનાં સર્વાંગી વિકાસ માટે સતત કાર્ય કરતી રહે છે. ધોરણ-૧૨ સામાન્યુ પ્રવાહનું પરિણામ પત્રક જાહેર થયેલ. જેમાં આ શાળાનું ધોરણ ૧૨ના સામાન્યહ પ્રવાહનું ૯૦% રીઝલ્ટય મળેલ છે. સંસ્થા ના માનદમંત્રી પ્રમુખ તથા ટ્રેઝરર તથા તમામ ટ્રસ્ટી ઓ દ્વારા બાળકોને અભિનંદન પાઠવાયા હતા.

# મેંગો માર્કેટમાં ફૂડ શાખા ઉતરી પડી:કાર્બાઈડ-કેમીકલથી કેરી પકવવાના ધંધા રોકવા દરોડા શરૂ

## ખાણીપીણી સહિતના ૧૫ ધંધાર્થીને ફૂડ વિભાગની નોટીસ

રાજકોટ:

ઉનાળામાં કેરીનું ધુમ વેંચાણ શરૂ થઇ ગયું છે ત્યારે મહાપાલિકાની ફૂડ શાખાએ કાર્બાઇડ અને અન્ય જોખમી કેમીકલના ઉપયોગ અંગે ચેકીંગ શરૂ કરી દીધુ છે. તંત્ર દ્વારા રૈયા રોડ, સદર, કિસાનપરાની કેરી બજારમાં ચેકીંગ ડ્રાઇવ કરીને સૂચનાઓ આપવામાં આવી છે. ગરમીની સિઝનમાં હાફુસ કેરી ખુબ વેંચાઇ રહી છે. કેસર કેરીની આવક પણ વધી છે ત્યારે કૃત્રિમ રીતે કેરી પકવવાના ધંધા રોકવા ડ્રાઇવ શરૂ કરી દેવામાં આવી છે. વર્તમાન સિઝનને અનુલક્ષીને કેરીનું વેચાણ કરતાં એકમોમાં કેલ્શિયમ કાર્બાઈડ તથા અન્ય અમાન્ય કેમિકલના ઉપયોગ અંગે ચેકિંગ ડ્રાઈવ કરીને ફૂડ વિભાગ દ્વારા ૧૯ એકમોની તપાસ કરી, લાયસન્સ તથા યોગ્ય જાળવણી અંગે સૂચના અપાઇ હતી.

જે જગ્યા ચેકીંગ કરાયું તેમાં (૧)ન્યુ ભારત ફ્રુટ્સ -અલ્કા પૂરી, રૈયા રોડ. (૨)કિસ્મત ફ્રૂટ્સ-છોટુંનગર મેઇન રોડ, હનુમાનમઢી ચોક પાસે. (૩)બાલાજી -છોટુંનગર મેઇન રોડ, હનુમાનમઢી ચોક પાસે. (૪)નવરંગ સીઝન સ્ટોર, પંચનાથ પ્લોટ. (૫)રામનાથ સીઝન સ્ટોર, પંચનાથ પ્લોટ. (૬)ગેલેક્સી ફ્રુટ્સ, પંચનાથ પ્લોટ. (૭)જે કે સીઝન સ્ટોર, સદર ચોક, (૮)સાઈનાથ સીઝન સ્ટોર, સદર ચોક. (૯)શ્રીનાથજી ફ્રુટ એન્ડ કોલ્ડ્રીંક્સ, સદર ચોક. (૧૦)ભગત ભાઈ એન્ડ સન્સ, સદર બજાર મેઇન રોડ, (૧૧)શ્રીજી સીઝન સ્ટોર્સ, સદર મેઇન રોડ, (૧૨) ઠક્કર કેરી, સદર મેઈન રોડ. (૧૩)ફેમસ સીઝન સ્ટોર, સદર મેઈન રોડ. (૧૪)પ્રતીક સિઝન સ્ટોર, સદર મેઈન રોડ. (૧૫) કલ્પના કેરી ભંડાર, સદર મેઈન રોડ. (૧૬)ભોલેનાથ કેરી ભંડાર, સદર મેઈન રોડ, (૧૭)જય ગુરુદેવ મેંગો ફાર્મ, કિસાન પરા ચોક, (૧૮)પટેલ મેંગો ફાર્મ, (૧૯)શ્રીરામ મેંગો ફાર્મ, કિસાનપરા ચોકનો સમાવેશ થાય છે. ફૂડ વિભાગની ટીમે સેફટી વાન સાથે શહેરના હનુમાનમઢી ચોકથી રૈયા રોડ તથા સાધુવાસવાણી રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૩૯ ધંધાર્થિઓને ત્યાં તપાસ કરતા ૧૫ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપી ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરી હતી. હનુમાનમઢી ચોક થી રૈયા રોડ તથા સાધુવાસવાણી રોડ વિસ્તારમાં આવેલ (૧)પારસ ફરસાણ, (૨)જય હિંગળાજ રેસ્ટોરેન્ટ (૩)હરસિધ્ધિ ફૂડ ઝોન (૪)માં અન્નપૂર્ણા ભોજનલાય (૫)આશીર્વાદ સેલ્સ એજન્સી (૬)શ્રીનાથજી ફરસાણ (૭)સિયારામ આઇસ્ક્રીમ (૮)હિમાલય સોડા શોપ (૯)ગોલા પોઈન્ટ (૧૦)ભૂમી નાસ્તા હાઉસ (૧૧)ભોલેનાથ ડેરી ફાર્મ (૧૨)શ્રી રવિ પ્રોવિઝન સ્ટોર (૧૩) બંસી ફરસાણ (૧૪)જય ઝૂલેલાલ દાળપકવાન (૧૫)જય અંબે દાળપકવાનમાં ચેકીંગ કરીને નોટીસ અપાઇ હતી




# ક્રોમ્પ્ટનએ તેની વડોદરાની સવલતમાં બિલ્ટ-ઈન-કિચન એપ્લાન્યસીસ માટે નવી ઉત્પાદન લાઈનની સ્થાપના કરી

વડોદરા,

ભારતમાં અગ્રણી કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ કંપની ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (ક્રોમ્પ્ટન)એ તેની વડોદરા ખાતેની ઉત્પાદન સવલતમાં બિ લ્ટ - ઈ ન - કિ ચ ન એપ્લાન્યસીસના ઉત્પાદન અને એસેમ્બલી ઓપરેશન્સના પ્રારંભની ઘોષણા કરી હતી. ૨૩ એકર્સમાં ફેલાયેલી આ સવલત ક્રોમ્પ્ટનના 'મેક ઈન ઈન્ડિયા'ની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે અને કંપનીને ઉપભોક્તાઓને પોતાના નવીન પ્રોડક્ટ પોર્ટફોલિયો વધુ અસરકારક રીતે પૂરો પાડવા સશક્ત બનાવે છે. આ બાબત કંપનીની ગુણવત્તા અને ઓપરેશનલ શ્રેષ્ઠતાને આગળ ધપાવવા માટે ઈન-હાઉસ ઉત્પાદન સવલતમાં રોકાણ કરવાની વ્યૂહરચના સાથે મેળ ખાય છે. અદ્યતન સવલતમાં ચડીયાતી ક્ષમતાઓ અને ડિજીટલ પ્રક્રિયાનો સમાવેશ કરાયો છે જેથી કાર્યક્ષમતા અને ગુણવત્તાને મહત્તમ બનાવી શકાય. નવી એસેમ્બલી લાઈન્સ ન્યૂનતમ ચેન્જઓવર ટાઈમ ધરાવે છે જે અંતરાયમુક્ત સંક્રાંતિને સક્ષમ બનાવે છે અને ડાઉનટાઈમને દૂર કરે છે. અદ્યતન એસેમ્બલી પ્રોસેસ અને ફીચર્સથી જેમ કે ઈન-બિલ્ટ ફ્રિ-રૂફ (ક્ષતિમુક્ત) અને ઓટોમેટેડ નિરીક્ષણ સિસ્ટમથી સજ્જ છે જેથી ઉચ્ચ ગુણવત્તા ધોરણો સુનિશ્ચિત કરી શકાય. ઉત્પાદન માળખાને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને વડોદરા ગુજરાતમાં ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડની નેતૃત્વ ટીમની હાજરીમાં ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ. માળખાના ઉદઘાટન સમયે બોલતા એમડી અને સીઈઓ શ્રી પ્રોમીત ઘોષએ જણાવ્યું હતુ કે, "કિચન એ ક્રોમ્પ્ટન માટે એક વ્યૂહાત્મક જગ્યા છે અને તે અમારી ભવિષ્યની વૃદ્ધિ માટે અગત્યનું ચાલક રહેશે.

# માખાવડના આંગણે "રામચરીત માનસ" શુભારંભ કરાવતા મોરારીબાપૂ

રાજકોટ:મોગલધામ ખરેડાના વ્યવસ્થાપક કિશોરભાઈ ગજેરા જણાવતા કહે છે કે, માખાવડ આંગણે ગૌધામ ગૌશાળાના લાભાર્થે આઈ શ્રી જાહલમાં મોગલધામ આશ્રમ ખરેડા આયોજીત, શ્રી રામચરીત માનસ જ્ઞાનયજ્ઞ નુ તા.૯ થી ૧૭ સુધી આયોજન કરવામા આવ્યુ છે જેનુ ગઈ કાલે તા.૯ ના પ્રથમ દિવસે પોથીયાત્રા યોજીને વિધ્વાન તેમજ આંતરરાષ્ટ્રીય કથાકાર એવા વક્તા ડો. મહાદેવપ્રસાદ મહેતાને ઢોલ-નગારા તેમજ બેંડની સુરાવલી સાથે પોથી અર્પણ કરી યજમાનો, દાતાઓ તેમજ ગ્રામજનોએ અભીવાદન ઝીલ્યુ હતુ.આવા વિશેષ ભવ્યાતીત તેમજ દિવ્યાતીત સપ્તાહના આયોજનમા વિશ્વવંદનીય સંત, રામ કથાના પ્રણેતા તેમજ જેઓ રામ મંદિર નિર્માણ કાર્ય માટે હરહંમેશ તત્પર રહ્યા એવા વિરલ વ્યકતીત્વ એટલે કે પૂ. મોરારી બાપુ. તેઓ તલગાજરડા થી છેક રાજકોટના માખાવડ ગામે હેલિકોપ્ટર મારફતે




પહોંચ્યા હતા ત્યારે કથા સ્થળ એ ફૂલહાર પહેરાવી યજમાન પરીવારે તેમને આવકાર્યા હતા તેમજ તેમના વરદ્ હસ્તે દિપ પ્રાગટય યોજાયુ ત્યારે જાણે ચાર ચાર "મ એટલે કે પ્રેરણા મોગલધામની, આયોજન માખાવડનુ, ઉપસ્થીતી મોરારીબાપુની, વક્તા મહાદેવપ્રસાદ નુ સમન્વય થયુ હોય એવુ લાગી રહ્યુ હતુ.જેમને ૫૦ વર્ષ કરતા પણ વધુ સમયથી રામ ચરીત માનસની કથા કરી હોય એવા પૂ.બાપુ કે જેમની કથામા આધ્યાત્મિક સામર્થ્ય અને સાહિત્યિક કુશળતાનું સંમળાઈ હોય છે એવા બાપુના કંઠે રામચરીત માનસનુ મહત્વ સમજાવાતા બોલ્યા હતા કે, "રામચરિત માનસ" હનુમાનજીના શક્તિ અને આદર્શોનું માનવ પ્રકાર છે. તે સંસ્કૃત મહાકાવ્ય છે જે વાલ્મીકિ દ્વારા રચાયું હતું.તેનું મુખ્ય વિષય રામાયણ, ભગવાન રામની જીવન વાતે આવતું છે. આ ગ્રંથ હિંદુઓની ધાર્મિક સાહિત્ય માં એક મહત્વની સ્થાનિકતા ધરાવે છે અને ભારતીય સંસ્કૃતિનું ભવ્ય અંગ હોવાનું માનીતું છે. તે જ્ઞાન, ધર્મ, નીતિ, અને આદર્શોની માનવતાને સંમાનની સૂચી છે. તેની વાણીમાં રામની વીરતા, ધર્મનિષ્ઠતા, અને સહૃદયતાનું મહત્વપૂર્ણ સંદેશ છે જે માનવતાને આધ્યાત્મિક સંપત્તિ અને આદર્શોની દિશામાં મોક્ષ અને શાંતિ મળવાનું સિદ્ધ કરે છે. રામચરિત માનસ માનવ સમાજ માટે આધ્યાત્મિક અને નૈતિક માર્ગદર્શનનો એક મૂળભૂત સ્રોત છે.આ તકે કિશોરભાઈ પૂ. નિર્મળ સ્વામી, ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણી, જીલ્લા આગેવાન નાગદાનભાઈ ચાવડા વિગેરે આગેવાનો ઉપસ્થીત રહ્યા હતા.

# રાજકોટના પૂર્વ મેયર ધનસુખ ભંડેરી અને પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણીને પંજાબ લોકસભા ચૂંટણીમાં પ્રભારી તરીકે જવાબદારી સોંપાઇ

રાજકોટ,

રાજકોટ સહિત ગુજરાતમાં ત્રીજા તબક્કામાં તા. ૭મેના લોકસભાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થતા ભાજપ દ્વારા સિનિયર આગેવાનોને અન્યં રાજયમાં વિવિધ બેઠકની જવાબદારી આપવામાં આવી રહી છે.

દરમિયાન રાજકોટ શહેરના પૂર્વ મેયર ધનસુખ ભંડેરી (મો. ૯૯૦૯૦ ૩૧૩૧૧)ને પંજાબની ગુરદાસપુર લોકસભા અને શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી (મો. ૯૭૧૪૭



૦૭૧૧૩)ને પંજાબની સનગુરુર લોકસભા બેઠક પર પ્રભારી તરીકે નિયુકિત કરવામાં આવી છે. પંજાબમાં અંતિમ સાતમા તબક્કામાં તા. ૧ જુને ચૂંટણી યોજાશે. બંને આગેવાનો રવિવારે પંજાબ જવા રવાના થશે.

# રાજકોટમાં સ્વનિર્ભર શાળાના સંચાલક મંડળ દ્વારા જળસંચય અભિયાનના શુભારંભ

## પાણીની જરૂરિયાતને ધ્યાને લઇને જળસંચય જરૂરી: મ્યુનિ.કમિશનર




રાજકોટ,
સ્વનિર્ભર શાળાના સંચાલક મંડળ દ્વારા જળસંચય અભિયાનના શુભારંભ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવેલ કારણ કે આજની સ્થિતિએ વોટર સ્કેરસિટી, કલાયમેટ ચેન્જની અસરો, વધતી વસ્તી તેમજ પાણીની જરૂરિયાતને ધ્યાને લઈને જળસંચય કરવું જરૂરી બને છે.

આ કાર્યક્રમના ઉદ્‌ઘાટક તરીકે માનનીય કમિશ્નર આનંદ પટેલ સાહેબ ઉપસ્થિત રહેલ તેઓએ રાજકોટ મહાનગરપાલિકાના પાસાઓ વિશે પરિચય આપેલ તેમજ આ અંગે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભૂસ્તરનો વૈજ્ઞાનિક અભ્યાસ કરીને તૈયાર કરવામાં આવેલ તેની વિગતો તેમજ મહાનગરપાલિકા દ્વારા જળ સંચય વિભાગની રચના કરીને બોર રીચોજ, ચેક ડેમો બનાવવા,ડ્રેનેજ નું રીટ્રીટેડ પાણીનો વપરાશ કરવો તેમજ રાજકોટ મહાનગરપાલિકાના ભવિષ્યના આયોજન અંગેની તમામ બાબતો વિશે જીણવટ ભરી વિગતો તેઓ દ્વારા આપવામાં આવેલી હતી.

આ કાર્યક્રમમાં સ્વર નિર્ભર શાળાના પ્રમુખ ડી.વી મહેતા સાહેબ, ન્યુ એરા સ્કૂલના સંચાલકશ્રી અજયભાઈ પટેલ, અમદાવાદથી આવેલ આર્કિટેક તેમજ પર્યાવરણ વિજ્ઞય લોકેન્દ્ર બાલાસરીયા સાહેબ, ગીર ગંગા ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા તેમજ ઉપસ્થિત વક્તાઓ દ્વારા જળસંચય અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ.

આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના જળસંચય વિભાગના એ.એમ.મિત્રા (સીટી એન્જીનીયર), કે.પી.દેથરીયા, એચ.એમ. છૈયા તથા શ્રી એલ.આર. વિરમગામા ઉપસ્થિત રહેલ.

# ગુજરાતના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૨ રાજ્યોની ટીમ ટકરાશે

## આર.એ.આર ફાઉન્ડેશન રીબડાનાં રાજદીપસિંહ જાડેજાનું જાજરમાન આયોજન : ચેમ્પિયન ટીમને ૧૧ લાખ અને રનર્સ અપને પાંચ લાખનું ઈનામ



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ
આર.એ.આર ફાઉન્ડેશનના રાજદીપસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા (રીબડા)ના ઉપક્રમે ગુજરાતના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ઑલ ઈન્ડિયા કક્ષાની આર.એ.આર કપ ૨૦૨૪ ટેનિસ ક્રિકેટ ટી -૨૦ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. એસ.જી.વી.પી ઈન્ટરનેશનલ સ્કૂલ ગ્રાઉન્ડ, રીબડા, રાજકોટ ખાતે આયોજિત આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મધ્યપ્રદેશ, કેરલા, હૈદરાબાદ, ગુજરાત, તમિલનાડુ, ત્રિપુરા સહિત બાર

રાજ્યોની ટીમ આપસમાં ટકરાશે.

તારીખ ૧૮થી ૨૧ મે સુધી આયોજિત આ ટેનિસ બોલ ક્રિકેટ ટી ૨૦ની મેચમાં ચેમ્પિયનને ૧૧ લાખ રૂપિયાનું અધ..ધ..ધ, પ્રાઈઝ મની અને રનર્સઅપ ટીમને પાંચ લાખ, બેસ્ટ બેટ્સમેનને ૫૦,૦૦૦ અને બેસ્ટ બોલરને પણ ૫૦૦૦૦નું મની પ્રાઈસ આપવામાં આવશે. આ ઉપરાંત મેન ઓફ ધ સીરીઝને એક અત્યાધુનિક સપોર્ટ બાઈક પુરસ્કાર સ્વરૂપ આપવામાં આવશે.

ગુજરાતના રમત-ગમતના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ઓલ ઈન્ડિયાની બેસ્ટમાં બેસ્ટ ટેનિસ ક્રિકેટ ટીમના ખેલાડીઓ સૌરાષ્ટ્રના નાના એવા રીબડા ગામમાં રમાવવા જઈ રહી છે, જેમાં આઈ,પી,એલ.ની તર્જ પર અને એવા જ ફોર્મેટથી ટેનિસ ક્રિકેટ ટી ૨૦ ટુર્નામેન્ટ આર.એ.આર. કપ ૨૦૨૪ નું ધમાકેદાર આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર ટુર્નામેન્ટનું લાઈવ પ્રસારણ ટેનિસ ક્રિકેટ,ઈન યુ.ટ્યુબ ચેનલ પર કરવામાં

આવશે. આજે આ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે ૧૨ ટીમોના ટીશર્ટનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. બિલકુલ આઈ.પી.લ. જેવું ફોર્મેટ ધરાવતી આ ક્રિકેટ ટુર્નામેન્ટ સૌરાષ્ટ્રવાસીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બની રહેશે તેમાં કોઈ બેમત નથી.

# ક્રોમ્પ્ટનએ તેની વડોદરાની સવલતમાં બિલ્ટ-ઈન-કિચન એપ્લાન્યસીસ માટે નવી ઉત્પાદન લાઈનની સ્થાપના કરી

વડોદરા,
ભારતમાં અગ્રણી કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ કંપની ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (ક્રોમ્પ્ટન)એ તેની વડોદરા ખાતેની ઉત્પાદન સવલતમાં બિલ્ટ-ઈન-કિચન એપ્લાન્યસીસના ઉત્પાદન અને એસેમ્બલી ઓપરેશન્સના પ્રારંભની ઘોષણા કરી હતી. ૨૩ એકર્સમાં ફેલાયેલી આ સવલત ક્રોમ્પ્ટનના 'મેક ઈન ઈન્ડિયા'ની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે અને કંપનીને ઉપભોક્તાઓને પોતાના નવીન પ્રોડક્ટ પોર્ટફોલિયો વધુ અસરકારક રીતે પૂરો પાડવા સશક્ત બનાવે છે. આ બાબત કંપનીની ગુણવત્તા અને ઓપરેશનલ શ્રેષ્ઠતાને આગળ ધપાવવા માટે ઈન-હાઉસ ઉત્પાદન સવલતમાં રોકાણ કરવાની વ્યૂહરચના સાથે મેળ ખાય છે. અદ્યતન સવલતમાં ચડીયાતી ક્ષમતાઓ અને ડિજીટલ પ્રક્રિયાનો સમાવેશ કરાયો છે જેથી કાર્યક્ષમતા અને ગુણવત્તાને મહત્તમ બનાવી શકાય. નવી એસેમ્બલી લાઈન્સ ન્યૂનતમ ચેન્જઓવર ટાઈમ ધરાવે છે જે અંતરાયમુક્ત સંક્રાંતિને સક્ષમ બનાવે છે અને ડાઉનટાઈમને દૂર કરે છે. અદ્યતન એસેમ્બલી પ્રોસેસ અને ફીચર્સથી જેમ કે ઈન-બિલ્ટ 'ક્ષ-ર્રૂ (ક્ષતિમુક્ત) અને ઓટોમેટેડ નિરીક્ષણ સિસ્ટમથી સજ્જ છે જેથી ઉચ્ચ ગુણવત્તા ધોરણો સુનિશ્ચિત કરી શકાય. ઉત્પાદન માળખાને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને વડોદરા ગુજરાતમાં ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડની નેતૃત્વ ટીમની હાજરીમાં ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ.

# રાજકોટ સરગમ લેડીઝ કલબ દ્વારા સમર ટ્રેઈનીંગ કલાસનો પ્રારંભ




રાજકોટ,
વેકેશનના સમયગાળામાં બહેનો રોજગારલક્ષી તાલીમ લઈને આત્મનિર્ભર બને તે માટે સરગમ લેડીઝ કલબ દ્વારા સમર ટ્રેઈનીંગ ક્લીસનું આયોજન કરાયું છે. ઉદઘાટન સમારોહમાં રાજકોટના મહિલા મેયર નયનાબેન પેઢડીયાએ કહ્યું હતું કે, હું યુવાવસ્થામાં હતી ત્યારે સરગમ લેડીઝ કલબના સમર ટ્રેઈનીંગ ક્લાસમાં શીખવા માટે જતી હતી અને આજે વિવિધ કામમાં નિપુણતા મેળવીને મેયરપદ સુધી પહોંચી છું. તેમણે આ આયોજન બદલ સરગમ પરિવારને અભિનંદન પણ આપ્યા હતા. ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, રાજકોટ કેળવણી મંડળના ટ્રસ્ટી નવીનભાઈ ઠક્કર, મહાવીર સેવા ટ્રસ્ટના ચંદ્રકાંતભાઈ શેઠ, જોહર કાર્ડવાળા યુસુફભાઈ માંકડા, ભાજપના ઉપપ્રમુખ કાશ્મીરરાબેન નથવાણી રેણુબેન યાજ્ઞિક, ચંદ્રિકાબેન ધામેલીયા, આશાબેન શાહ, સુધાબેન ભાયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દર્શીતાબેને કહ્યું હતુ કે, આ પ્રકારના ક્લા સ મારફત બહેનો પોતાની આગવી ઓળખ ઉભી કરી શકે છે અને આત્મકનિર્ભર પણ બની શકે છે. શ્રી નવીનભાઈ ઠક્કરે સરગમ કલબની સેવા પ્રવતિને બિરદાવી હતી અને શુભેચ્છા પણ આપી હતી. જયારે ચંદ્રકાંતભાઈએ સરગમ લેડીઝ કલબને અભિનંદન આપ્યાન હતા. શ્રી ગુણવંતભાઈ ડેલાવાળાએ સમગ્ર કાર્યક્રમની માહિતી આપી હતી. આભારવિધિ ડો. ચંદાબેન શાહે કરી. સંચાલન ડો. માલાબેન કુંડલીયાએ કર્યું હતું.

મોટી ટાંકી ચોકમાં આવેલી કોટક સ્કુલમાં યોજાયેલા આ ક્લાસ તા.૧૯ સુધી ચાલશે બહેનોને વિવિધ પ્રકારના ૧૫ થી વધુ વિષયોમાં નિષ્ણાનતો દ્વારા તાલીમ આપવામા આવી રહી છે.` રાજ બેંક, બાન લેબ, મહાવીર સેવા ટ્રસ્ટ, રાધિકા જવેલર્સ અને જોહર કાર્ડનો સહયોગ મળ્યો છે. આ ઉપરાંત મૌલેશભાઈ પટેલ, નીલુબેન મહેતા, જસુમતીબેન વસાણી, અલ્કાકબેન કામદાર, સુધાબેન ભાયા, ગીતાબેન હિરાણી, અલ્કા બેન ધામેલીયા, છાયાબેન દવે,ચેતનાબેન સવજાણી, ભાવનાબેન મહેતા, મધુરિકાબેન જાડેજા, જયશ્રીબેન વ્યામસ, વૈશાલીબેન શાહ, હેતલબેન થડેશ્વરે પણ જહેમત ઉઠાવી રહ્યા છે.

# કાલે રાજકોટમાં માનવ કલ્યાણ યુવક મંડળ દ્વારા સમુહલગ્નોત્સવ

## પાંચ નવયુગલો પ્રભુતામાં પગલા પાડશે, કરીયાવરમાં ૧૦૦ વસ્તુઓની ભેંટ

રાજકોટ,
સ્વ.કાંતીભાઇ જાદવ માનવ કલ્યાણ યુવક મંડળ દ્વારા સર્વજ્ઞાતિય સમુહ લગ્નોતસવનું આયોજન કરેલ છે. તા. ૧૨ રવિવારે જાન આગમન સવારે ૦૮ કલાકે સામૈયા સવારે ૯ કલાકે, હસ્તમેળાપ સવારે ૧૧ કલાકે, દાતાઓનું સન્માન સવારે ૧૦ થી ૧૧ કલાકે, સંતો મહંતોના રૂડા આશિર્વચન બપોરે ૧૨ કલાકે, ભોજન સમારંભ બપોરે ૧૨ કલાકે યોજાશે. આ સમુહલગ્નમાં પાંચ નવ યુગલો પ્રભુતામાં પગલા પાડશે. દિકરીઓને કરીયાવરમાં ૧૦૦ થી વધુ વસ્તુઓ આપવામાં આવશે. આ પ્રસંગે ગુજરત સરકાર મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય શ્રીમતિ ડો. દર્શિતાબેન શાહ, શ્રી ઉદયભાઇ કાનગડ અને શ્રી રમેશભાઇ ટીલાળા, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડે. મેયર શ્રી નરેન્દ્ર સિંહ જાડેજા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન શ્રી જયમીનભાઇ ઠાકર, શાસક પક્ષ નેતા શ્રીમતી લિલુબેન જાદવ, શાસક પક્ષ દંડક શ્રી મનીષભાઇ રાડીયા વિ. ઉપસ્થિત રહેશે. સ્થેળ : ઉગતાના પોરની મેલડી માતાના મંદિર પાસે, રામાપીર ચોક, મોરબી રોડ, ઓવરબ્રીજ નીચે, રાજકોટ, વધુ વિગત માટે (અશોકભાઇ જાદવ મો. ૯૦૩૩૨ ૯૬૨૪૪) (મહેન્દ્ર ભાઇ જાદવ મો. ૮૧૫૩૮ ૮૨૭૭૨). આયોજનને સફળ બનાવવા અશોકભાઇ જાદવ, હંસાબેન ધમર, ચાંદનીબેન પરમાર, રાજ ધામેલીયા, રાજડાંગર વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટમાં અઢી વર્ષના બાળકની શ્વાસનળીમાં ફસાયેલા પથ્થરને તબીબે બહાર કાઢી નવજીવન આપ્યું

રાજકોટ,
: નાના બાળકો અવાર નવાર રમતા રમતા કાંઈક ને કંઈક મોં મા નાખી દેતા હોય છે અને ત્યારબાદ કેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે તેવો જે એક કિસ્સો તાજેતરમાં રાજકોટ વિદ્યાનગર રોડ સ્થિોત ડો. હિમાંશુ ઠક્કર ની હોસ્પિ ટલમાં નોંધાયો માધવ સરેસીયા નામ નું બાળક જેની ઉમર અઢી વર્ષ હતી ગામ ખેરડી બાળક ના પિતા કેતન ભાઈ ના જણાવ્યા મુજબ તેને છેલ્લા દોઢ મહિનાથી થી ઉધરસ અને કફ મટતો ન હતો અનેક ડોક્ટ રો પાસે તપાસ કરાવી અને રિપોર્ટ કરાવ્યાં પરંતુ કોઈ ફરક ન જણાતા ફેફસાં નો એક્સ –રે કરવા મા આવ્યોન તેમાં માલુમ પડયું કે બાળક ની શ્વાસનળી મા જમણી બાજુ છેક ઊંડે ફેફસાં ની નજીક કાંઈક ફસાયેલ છે પિતા કેતન ભાઈ ના જણાવ્યાી મુજબ તે આશરે દોઢ મહિના પહેલા પથ્થર ગળી ગયો હતો આવી પરિસ્થિતિમાં બાળક ના વાલીઓ ને શ્વાસનળી મા દૂરબીન થી તપાસ કરવા માટે સમજાવી તુરંત ડો. હિમાંશુ ઠક્કરે બાળક ને ઓપરેશન માટે લઈ શ્વાસનળી મા દૂરબીન વડે તપાસ કરી છેક ઊંડે ફસાયેલા ફોરેન બોડી પથ્થર જે દોઢ મહિનાથી ફસાયેલા હતો અને જે શ્વાસનળી ની દિવાલ સાથે ચોંટી ગયો હતો તે દૂરબીન વડે કાઢી આપી બાળક નો જીવ બચાવ્યો હતો. અનેક ઓપરેશન કુનેહ પૂર્વક પાર પાડવા મા માહિર એવા ડો. હિમાંશુ ઠક્કરે તેમની ૨૨ વર્ષ ની કારકિર્દી મા અનેક સફળ ઓપરેશન કરી નાના નાના માસુમ બાળકો ના જીવ બચાવ્યોક છે ફરી એકવાર સફળ ઓપરેશન કરી એક માસુમ બાળકે ને નવજીવન આપ્યું હતું, ડો. હિમાંશુ ઠક્કર ના જણાવ્યાવ મુજબ વાલીઓ માટે ખૂબજ ચેતવણી રૂપ કિસ્સોઆ નાના બાળકો આવી કોઈ વસ્તુક મોં મા ન નાખી દે તેનું ધ્યાચન રાખવું અને બાળક ના પિતા કેતન ભાઈ ભાઈ એ હદય પૂર્વક આભાર માન્યોન હતો, હોસ્પિટલ નું સરનામું ડો. હિમાંશુ ઠક્કર ડો. ઠક્કર ઈ એન્ટી ડેન્ટલ હોસ્પિટલ ૨૦૨ લાઈફ લાઈન બિલ્ડિંગિ વિદ્યાનગર રોડ રાજકોટ

# રાજકોટ પુજીત ટ્રસ્ટના વિદ્યાર્થીઓનો ધો. ૧૨ના ઉજ્જવળ દેખાવ



રાજકોટ,
તાજેતરમાં ધો. ૧૨ કોમર્સ-સાયન્સટનું પરિણામ બહાર પડતાં પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટય અંતર્ગત ચાલતા જ્ઞાનપ્રબોધિની શૈક્ષણિક પ્રોજેક્ટ ધો. ૧૨ કોમર્સના બે બાળકો બોર્ડમાં ચમક્યાર છે. જેમાં માલકિયા જયદીપ ૯૯.૯૩ પીઆર સાથે બોર્ડમાં સાતમું સ્થાસન અને ભીમજીયાણી ખુશી ૯૯.૯૧ પીઆર બોર્ડમાં નવમું સ્થાપન પ્રાપ્તક કરતા ટ્રસ્ટ્ના ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી શ્રીમતી અંજલીબેન રૂપાણીએ અભિનંદન પાઠવી ઉચ્ચન કારકિર્દી માટે શુભેચ્છાર પાઠવેલ છે. સતત ૨૪માં વર્ષે આ પ્રોજેક્ટ અંતર્ગત અભ્યાએસ કરતા બાળકોનું ૧૦૦% પરિણામ આવેલ છે. આ અગાઉ પણ આ ટ્રસ્ટતના બાળકો બોર્ડમાં નંબર મેળવી ચૂક્યાય છે. આ વર્ષે પણ આ પરંપરા જાળવી રાખી છે. છેલ્લા ૨૪ વર્ષથી ભણવામાં તેજસ્વી પરંતુ આર્થિક રીતે જરૂરિયાતમંદ બાળકો માટે જ્ઞાનપ્રબોધિની પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે. કોપોરેશનની શાળાઓ તથા ખાનગી શાળાઓમાં ધો. ૭માં ૮૫% કે તેથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓ આ પ્રોજેક્ટમાં પસંદગી પામવા પ્રવેશ પરીક્ષા આપવા હકદાર બને છે. પસંદગી પામનાર વિદ્યાર્થીઓને શહેરની શ્રેષ્ઠ સ્કુાલોમાં એડમીશન અપાવી ધો. ૮ થી ધો. ૧૨ સુધી તેઓની તમામ શૈક્ષણિક, યુનિફોર્મ, સાયકલ તેમજ મેડિકલ જવાબદારી ટ્રસ્ટી ઉઠાવે છે. ધો. ૧૨ના પરિણામમાં ટ્રસ્ટષના ૨૧ વિદ્યાર્થીઓમાંથી ૧૧ વિદ્યાર્થીઓએ કોમર્સ અને ૧૦ વિદ્યાર્થીઓએ સાયન્સઠમાં પરીક્ષા આપી હતી આ બધા જ વિદ્યાર્થીઓ ખૂબ સારા માર્કસ મેળવી ઉતિર્ણ થયા છે. તેમના સારા પરિણામ માટે ટ્રસ્ટીપ મંડળના ડો.મહુલભાઇ રૂપાણી, મહેશભાઇ ભટ્ટ તથા કમીટી મેમ્બેર્સ જયેશભાઇ ભટ્ટ, હિંમતભાઇ માલવિયા, હસુભાઇ ગણાત્રા, સી.કે.બારોટ, ભારતીબેન બારોટ, મીરાબેન મહેતા, ગીતાબેન તન્નાા તથા વહીવટી અધિકારી ભાવેનભાઇ ભટ્ટે અભિનંદનની વર્ષા કરી હતી.


# કાલે રાજકોટમાં ધો.૧૨ વિજ્ઞાન પાસ કરનાર છાત્રો માટે માર્ગદર્શન સેમિનાર

રાજકોટ,
ધોરણ ૧૨ ના વાલીઓ અને વિધાર્થીઓને અનેક પ્રશ્નો મૂંઝવતા હોય છે.ત્યારે હર હંમેશ સામાજિક દાયિત્વ નિભાવતી સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ સેલ્ફ ફાઈનાન્સ ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજ-વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ, સર્વપ્રથમ આર્કીટેકચર કોલેજ શ્રી ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેક્ચર તથા કીચ સ્કૂલ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન દ્વારા તારીખ ૧૨ મે, રવિવારનાં રોજ સવારે ૯:૩૦ વાગ્યે, હેમુ ગઢવી હોલ, ખાતે ઉપરોક્ત વિષયોને આવરી લેતા સેમીનારનું વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એ.સી.પી.સી. પ્રવેશ પ્રક્રિયા, નાટાની માહિતી, વિવિધ સ્કોલરશીપ, વિવિધ બ્રાંચ અને તેમાં ઉપલબ્ધ તકો ગુજરાતમાં ઉપલબ્ધ કોલેજ-બ્રાંચ અને સીટ, યુનિવર્સિટી-કોલેજ-બ્રાંચની પસંદગી, ગુજરાત બહાર ઉપલબ્ધ તકો વગેરે પ્રશ્નો ના સચોટ, સત્ય અને તલસ્પર્શી જવાબો મળી રહેશે.

સેમિનારમાં ૨૫ વર્ષોના અનુભવી તજજ્ઞો દ્વારા આ સેમીનારમાં માર્ગદર્શન આપવામાં આવશે. આ તકે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીના પૂર્વ વાઈસ ચાન્સેલર ડો. નવીનભાઈ શેઠ પણ ખાસ ઉપસ્થિત રહેશે.

વીવીપી માં એડમિશન ને લગતી વધુ માહિતી માટે નંદનભાઈ દવે- ૬૩૫૧૯૭૫૦૬૪, રજનીભાઈ રૂપારેલિયા- ૯૪૨૮૨૦૦૬૯૮ નો સંપર્ક કરવા જણાવાયું છે.સેમીનારની સફળતા માટે આચાર્ય ડો. તેજસ પાટલીયાના માર્ગદર્શન હેઠળ ડો. અલ્પેશ આડેસરા, ડો . નીરવભાઈ મણિયાર તથા તમામ વિભાગીય વડાઓ, પ્રાધ્યાપક ગણ જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટમાં સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશનના ઉપક્રમે સારવત સન્માન સમારંભ યોજાયો




રાજકોટ,
સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશનના ઉપક્રમે પ્રિન્સિપાલ ડી.પી. જોશી પબ્લિક લાઈબ્રેરી, રાજકોટ દ્વારા ૩૦૦મી ગ્રંથગોષ્ઠિ 'સારસ્વત સન્મા?ન સમારંભ'નું આયોજન ઈન્ટિ્ ટયુટ ઓફ કવોલિટી એજયુકેશનના મધ્યસ્થગ ખંડમાં કરવામાં આવેલ. આ ૩૦૦મી ગ્રંથગોષ્ઠિ સારસ્વત સન્માન સમારંભમાં અધ્યક્ષ તરીકે ગુજરાત રાજયના નિવૃત આઈ.એ.એસ. અધિકારી, તેમજ ગુજરાત સાહિત્ય એકેડમી, ગાંધીનગરના અધ્યધક્ષ શ્રી ભાગ્યેનશભાઈ જહાં ઉપસ્થિત રહેલ. કાર્યક્રમના પ્રારંભે ગ્રંથગોષ્ઠિ પ્રવૃત્તિના મુખ્ય સંવાહક દીપકભાઈ જોશીએ પ્રસંગ પીરચય તથા અધ્ય ક્ષનો પીરચય રજૂ કર્યો હતો. આ સારસ્વંત સન્માન સમારંભમાં ગ્રંથગોષ્ઠિગમાં વકતાઓ તરીકે સેવા આપનાર ૭૦ જેટલાં વકતાઓનું ભાગ્યેશભાઈ જહાના શુભ હસ્તે શાલ, પુસ્તક તથા ખાદીનો રૂમાલ અર્પણ કરી સન્માવન કરવામાં આવેલ. તેમજ ગ્રંથગોષ્ઠિત પ્રવૃત્તિના સંવાહકોનું પણ શ્રી ભાગયેશભાઈ જહાના શુભ હસ્તે શાલ, પુસ્તાક, તેમજ ખાદીનો રૂમાલ અર્પણ કરીને સન્માન કરવામાં આવેલ. સંસ્થાની પ્રણાલિ મુજબ સંસ્થાના ટ્રસ્ટી તથા આત્મીયજન બળવંતભાઈ દેસાઈ દ્વારા ભાગ્યેશભાઈ જહાને શાલ ઓઢાડી તથા પુસ્તક અને રૂમાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમને અંતે આભારદર્શન દૂરદર્શન કેન્દ્ર, રાજકોટના પ્રોગ્રામ પ્રોડયુસર તથા વિદ્વાન વકતા સલીમભાઈ

# રાજકોટની કેન્સર હોસ્પિટલમાં બાળકોમાં થતાં કેન્સરની સારવાર ઉપલબ્ધ બની




રાજકોટ,
શરીરમાં થતાં કેન્સરની ચેતવણીના લક્ષણો જેવા કે તાવ, ગંભીર અને સતત માથાનો દુખાવો, હાડકામાં દુખાવો અને વજન ઘટવું એ કેન્સર માટેનું પ્રથમ લક્ષણ છે. જેનું યોગ્ય નિદાન અને સારવાર કરવી અત્યંત જરૂરી છે.

રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ) માં દરેક વયના કેન્સરના દર્દીઓ માટે નિદાન અને સારવાર માટે જાણીતી છે, જેમાં કેન્સર માટેની જટીલ સર્જરીઓ, કિમોથેરાપી, રેડીયોથેરાપી વગેરે સુવિધાઓ એક છત્ર હેઠળ કેન્સરના દર્દીઓને મળી રહે છે.આધુનિક સાધનોથી સુસજ્જ લેબોરેટરી તથા રેડીયોલોજી વિભાગમાં સ્ઈૈં, ઝ્ જીઝ્રછદ્ગ,, સોનોગ્રાફી, તથા ડીજીટલ એક્સ-રે વગેરેની સુવિધા બાળકોમાં કેન્સર ના નિદાન માટે ઉપલબ્ધ છે.

બાળકોમાં થતા કેન્સરના રોગ તથા જટીલ સારવારને ધ્યાનમાં રાખીને રાજકોટ કેન્સર સોસાયટી દ્વારા કેન્સરનું વહેલું નિદાન અને સારવાર થાય એ માટે અનુભવી મેડીકલ ઓક્રોલોજીસ્ટ, રેડિયેશન ઓક્રોલોજીસ્ટ, બાળરોગ નિષ્ણાંત તથા આઈ.સી.યુ. ના નિષ્ણાંત તબીબોની ટીમ બાળકોમાં થતા કેન્સરની સારવાર માટે ઉપલબ્ધ છે.

રાજકોટ કેન્સર સોસાયટીના મેડીકલ ડાયરેકટર ડો.ખ્યાતી વસાવડા એ જણાવેલ હતુ કે રાજકોટ કેન્સર સોસયટી ખાતે બાળકોમાં થતા કેન્સરની સારવાર માટે સુવિધાઓ ઉપલબ્ધ થતા હવે ભાગ્યેજ કેન્સરના દર્દીઓને અમદાવાદ કે મુંબઈ જવાની જરૂર પડશે.

# 'સિનિયર કાર્યકરોની ઉપેક્ષા બંધ કરો' ભાજપ હાઈકમાન્ડની નીતિ-રીતિ સામે અમરેલીમાં બળાપો

## ગુજરાતીમાં સારી રીતે વાત ન કરી શકે તેને ટિકિટ એ મતદારોનો દ્રોહ,અમરેલીમાં નિરસ મતદાન પાછળ કાર્યકરોની નારાજગી જવાબદાર: નારણ કાછડિયા






અમરેલી: ભાજપમાં સીનીયર કાર્યકરોની હળાહળ ઉપેક્ષા થઈ રહી છે. અમરેલી લોકસભા બેઠક ઉપર ઓછા મતદાન માટે સૌથી વધુ જવાબદાર છે. કાર્યકરોની નારાજગી. આ પ્રકારની વિગતો સાથે અહીનાં ભાજપનાં અગ્રણી તેમજ સાંસદ નારણ કાછડિયાએ ભાજપ હાઈકમાન્ડની નીતિ રીતિ સામે બળાપો કાઢયો હતો. તેઓએ જણાવ્યું હતું કે, અમરેલીમાં લોકસભામાં યોગ્ય ઉમેદવારની પસંદગી નહી કરીને ભાજપે મતદારો સાથે દ્રોહ કર્યો છે.અમરેલીમાં ભાજપનાં કાર્યકરોની નારાજગીનાં કારણો અને હાઈકમાન્ડની કાર્યપધ્ધતિ સહિતનાં મુદા અંગે ભાજપનાં અગ્રણી નારણ કાછડીયાએ જણાવ્યું હતું કે, હું ભાજપમાં ૩૦થી ૪૦ વર્ષથી જોડાયેલો રહ્યો છું. પરંતુ ભાજપમાં સ્થાનિક સંનિષ્ઠ કાર્યકરોની ઉપેક્ષા કરીને આયાતી ઉમેદવારને સવારે ટીકીટ આપી બપોરે મંત્રી પદ કે અન્ય હોદા આપવાની પધ્ધતિ ખોટી છે. ભાજપનાં કાર્યકર્તાને સાઈડ લાઈન કરીને હોદ્દા કે પદની લ્હાણી યોગ્ય નથી. આપણે રૂલીંગ પાર્ટી છીએ. સામે કોઈ નેટવર્ક નથી. આપણી પાસે સબળ વ્યવસ્થા છે. તેની પાછળ કાર્યકર્તાની શક્તિ જવાબદાર છે.વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, અમરેલી લોકસભા બેઠકમાં મતદાન દરમિયાન ભાજપનાં કમીટેડ વોટર્સનાં દોઢ લાખ મથ ઓછા પડયા તેનું કારણ મતદારોની નિરસતા અને કાર્યકરોની ઉદાસીનતા જવાબદાર છે. આપણી પાસે વર્ષ ૨૦૧૯માં એકપણ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત કે ધારાસભા ન્હોતી ત્યારે બેલાખ મતથી જીત્યા હતાં. પરંતુ આ વખતે ભાજપ પાસે સીનીયર આગેવાનો હોવા છતાં ગુજરાતીમા 'સારી રીતે બોલી ન શકે તેવી વ્યક્તિને ટીકીટ આપીને તમે દ્રોહ કર્યો છે. તેમ કહેવામાં જરાપણ અતિશ્યોક્તિ નથી. તેમ તેઓએ જણાવ્યું હતું. ભાજપનાં કાર્યકરોની અવગણના કરી અન્ય પાર્ટીમાંથી આવેલા સ્ટેજ ઉપર બેઠા હોય ભાજપ વિશે વાણી વિલાસ કર્યો હોય તેને જ ભાજપમાં પ્રવેશ આપી પાદ આપી ટીકીટ આપવામાં આવે ત્યારે કાર્યકરની આંતરડી કકળતી હોય છે. આ સ્થિતિમાં જીતવા માટે ખુબ મહેનત કરવી પડી છે. તેમ કહી તેઓએ ભાજપ જીતશે પણ લીડ નહી મળે ટારગેટ પુરો નહી થઈ શકે તેમ જણાવ્યું હતું. બીજીતરફ ભાજપનાં નેતા ડો. ભરત કાનાબારે પણ ભાજપ ઉમેદવારનાં સિલેકશનમાં થાપ ખાઈ ગઈ હોય તેવું બની શકે છે. તેમ જણાવ્યું હતું. આમ અમરેલીમાં સ્થાનિક નેતાઓએ ભાજપનાં હાઈકમાન્ડની નીતિ રીતી સામે સવાલો ઉઠાવતા રાજકીય વાતાવરણ ગરમાયું હતું.

## કાછડીયાના નિવેદન બાદ કોંગ્રેસનો ભાજપ પર પ્રહાર



અમરેલી: અમરેલી લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર જેની ઠુમ્મરે કાછડીયાના નિવેદન બાદ તેમને અભિનંદન પાઠવ્યા હતા. કહ્યું હતું કે, હું ભાજપના પૂર્વ સાંસદને હૃદયપૂર્વકના ધન્યવાદ અને અભિનંદન પાઠવું છે. કારણ કે તે લોકોની સામે સત્ય લાવ્યા કે, ભાજપની અત્યારની આંતરિક પરિસ્થિતિ શું છે? હાથના કર્યા હૈયે વાગે છે. આ એ જ ભાજપ છે જેને કોંગ્રેસને ભાંડવામાં કંઈ બાકી નથી રાખ્યું. ભાજપના નેતાઓ કોંગ્રેસ પાર્ટી અંગે જે નિવેદનો કરતા હતા તે હવે ભાજપની સ્થિતિને લઈને પણ નિવેદન આપે.

# આજે આસ્થાનો દિવસ: સોમનાથ મંદિરે આજે ૧૨૧ તોપોની સલામી સાથે પ્રાણપ્રતિષ્ઠા થઈ હતી



પ્રભાસપાટણ: ઘૂઘવતા અરબી સમુદ્રના કાંઠે બિરાજતા ભગવાન સોમનાથ મહાદેવ શિવાલયમાં આજે એટલે કે તા. ૧૧ મે ૧૯૫૧ ના રોજ ભારતના રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદના હસ્તે ધાર્મિક વિધિવિધાન સાથે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.એ દિવસે ગુજરાતી પંચાગ મુજબ વૈશાખ સુદ પાંચમ અને શકસંવત ૧૮૭૩ હતું આજે આ પ્રસંગને યાદ કરીને સોમનાથ શિવાલયમાં ખાસ વિશેષ પુજા કરવામાં આવશે.

સોમનાથ મહાદેવ અને પ્રભાસક્ષેત્રને મધ્યમાં રાખી અનેક આધ્યાત્મિક અને ઐતિહાસિક ઘટનાઓ બની ચૂકી છે. આ ભૂમિમાં ભગવાન સોમનાથે ચંદ્રને કલંકમાંથી શાપમુકત કર્યો હતો. તો ભગવાન શ્રીકૃષ્ણે આ ભૂમિને જ દેહોત્સર્ગ માટે પસંદ કરી હતી. એક જમાને આ મંદિરની ભારે જાહોજલાલી હતી.આખુ મંદિર સુવર્ણમય હતુ.જે જાહોજલાલી હવે પાછી આવી રહી છે. આ મંદિરના ધ્વસ્ત અને નવનિર્માણ એમ સર્જન અને વિસર્જન પ્રક્રિયા વચ્ચે પણ સોમનાથ મહાદેવ શિવાલયનો સમગ્ર ભારતભરમાં ખુબજ દબદબો છે. હાલના ડિજિટલ યુગમાં લોકો રોજ રોજ મોબાઈલ ફોનના માધ્યમથી અને સોશિયલ મીડિયાના માધ્યમથી દર્શન લાભ લઈ રહ્યા છે. આ મંદિરના નવ નિર્માણમાં સરદાર વલ્લભભાઈ પટેલનો સિંહફાળો છે. એણે મંદિરની ગરિમા પરત લાવવા દરિયાકાંઠે જળ અંજલી લઈને નવનિર્માણનો દ્રઢ સંકલ્પ કર્યો હતો. એ પછી ૧૧ મે ના રોજ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ થયો હતો. એ દિવસ શુક્રવાર હતો.જે તે સમયમહાદેવજીને ભારતની ૧૦૮ નદીઓ, સાત સાગરોના જળથી જળાભિષેક કરાયો હતો. સવારે ૯-૪૬ મિનિટે પ્રાણપ્રતિષ્ઠા થઈ હતી. શાસ્ત્ર અનુસાર હીરા માણેક રત્નો નાંખવામાં આવ્યા હતા.રાજેન્દ્રબાબુએ ગર્ભગૃહમાં બેસીને સપત્ની પુજા કરી હતી. એ વખતે સુવર્ણ શલાકા સોનાની ચાર ઈંચની બારીક સળીથી ખાસ વિધિ કરવામાં આવી હતી. અને વેદમંત્રોથી શિવલિંગમાં પ્રાણ પૂર્યા હતા. અને એની સાથે દેવત્વ પ્રગટ થયું હતુ. આ જ સમયે આ સમયે સાગર પર રાખેલી નૌકાઓમાં જય સોમનાથના ગગનભેદી અવાજો ઉઠયા હતા. મંદીર નજીક ૧૨૧ તોપોના ધડાકા સાથે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. આજે પણ આ મંદિરના ગર્ભગૃહને સુવર્ણમંડિત કરવામાં આવ્યું છે. દ્વારશાખ અને આગળના સ્તંભો ,નૃત્ય મંડપ,સભાગૃહના કળશો સુવર્ણજડિત બન્યા છે. મંદિર નાગર શૈલીના મહામેરૂપ્રસાદ દેવાલય છે. આ મંદિરને સાત માળ છે.

## અજાણ્યા વાહન હડફેટે ૪ વર્ષનાં બાળકનું મૃત્યુ

જૂનાગઢ:માંગરોળ પંથકમાં રોડ ક્રોસ કરતા અજાણ્યા વાહન હડફેટે ૪ વર્ષનાં બાળકનું મૃત્યુ નિપજતા શ્રમિક પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતું. માંગરોળ તાલુકાના શેપા ગામ બુધેચા રોડ પર આવેલ મનીષભાઈ મોરીની વાડીએ ખેત મજુરી કામ કરતા મધ્યપ્રદેશના દેરામ ભુમસિંગ બરડેનો ૪ વર્ષનો દીકરો સાવન ૭ એપ્રિલના રોજ બપોરે વાડીની બાજુમાંથી નીકળતો બુધેચા રોડ ક્રોસ કરી રહ્યો હતો ત્યારે પૂર ઝડપે આવેલા અજાણ્યા વાહને સાવનને હડફેટમાં લેતા ગંભીર ઈજા થવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ માંગરોળ અને બાદમાં જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો જૂનાગઢથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવતા ત્યાં બાળકનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત બાદ વાહન ચાલક નાસી જતા પોલીસે તેની શોધખોળ હાથ ધરી હતી.

# પરશુરામ ભગવાનની શોભાયાત્રા વખતે ઘોડો દોડતાં ૬ને ઈજા



જૂનાગઢ: જૂનાગઢમાં પરશુરામ જયંતિ નિમીતે ભૂદેવોની શોભાયાત્રા નિકળે છે. આ શોભાયાત્રા આજે વણઝારી ચોક પહોંચી ત્યારે અચાનક એક ઘોડો દોડ્યો હતો. આથી શોભાયાત્રામાં ભાગદોડ મચી ગઇ હતી. જેને લીધે કુલ ૬ મહિલાઓને ઈજા પહોંચી હતી. તેઓને ૧૦૮ માં સારવાર માટે ખસેડાઇ હતી. શોભાયાત્રાના ઘોડા હજી પણ સાથે હોઇ દોડેલો ઘોડો બહારનો હોવાનું બ્રહ્મ યુવા સંગઠનનાં પ્રમુખે જણાવ્યું હતું.તળાવ દરવાજા પાસે આવેલા જાગનાથ મંદિરેથી બપોરે ૪ વાગ્યે શરૂ થયેલી શોભાયાત્રા સુખરૂપ રીતે આગળ વધી રહી હતી. જેમાં એક બગી અને ૪ ઘોડા હતા. ચારેય પર જુદા જુદા લોકો સવાર હતા. ત્યારે વણઝારી ચોક પાસે મજમુદારના ડેલાથી અચાનક જ એક ઘોડો દોડવા લાગ્યો હતો જે પુનિત શોપીંગ સેન્ટર સુધી દોડ્યો હતો. જોકે, દોડ્યો એ ઘોડા પર કોઇ નહોતું બેઠું. પણ તેના દોડવાને લીધે દેકારો મચી ગયો હતો અને ભાગદોડ થઇ ગઇ હતી. જેમાં કુલ ૬ મહિલાઓને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તો પૈકી ૪ ને સિવિલ હોસ્પિટલમાં અને ૨ ને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જોકે, આ ઘટના બાદ શોભાયાત્રા બાદમાં શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઇ હતી. જોકે, ઈજાગ્રસ્તો પૈકી ૩ મહિલાઓ રોડ પરથી પસાર થઇ હતી ત્યારે થયેલી ભાગદોડમાં તેમને ઈજા થઇ હોવાનું જાણવા મળ્યું છે.જે ઘોડો દોડ્યો એ તો શોભાયાત્રાનો હતોજ નહીં. કારણકે, એ ચારેય પર તો બધા બેઠા હતા તેઓ સલામત છે. એ ચારેય છેક ભૂતનાથ મંદિરે શોભાયાત્રા પૂર્ણ થઇ ત્યાં સુધી સાથેજ રહ્યા છે. આથી જે બહારનો ઘોડો દોડ્યો એ ક્યાંથી અને કેવી રીતે આવ્યો એ પ્રશ્ન છે. જોકે, એની અમે તપાસ કરીશું. - જયદેવ જોષી, સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનરીટાબેન રાજુભાઇ જોષી (ઉ. ૫૦, રે. ગિરનાર દરવાજા), પુષ્પાબેન કોટેચા (ઉ. ૮૦, રે. વણઝારી ચોક), અરૂણાબેન શેઠ (ઉ. ૭૫), કંચનબેન જોટાણીયા સહિત છનો સમાવેશ થાય છે.

# ઈફકો મુદ્દે ભાજપ મોવડીઓ સામે સહકારી નેતાઓનો મોરચો: સંઘાણી ફરી ચેરમેન

## સી.આર.પાટિલને સંઘાણીએ સંભળાવી દીધું:સવારે કોંગ્રેસમાં, બપોરે ભાજપમાં આવી ટિકીટ મેળવે તે ઈલુ ઈલુ કહેવાય

## જયેશ રાદડીયાએ કહ્યું હું બળવાખોર કઈ રીતે? પહેલા ફોર્મ મેં ભર્યું, બીપીન પટેલ પછી આવ્યા, આમાં મેન્ડેટ ન હોય







રાજકોટ: ઈ.સ. ૧૯૬૭માં સ્થપાયેલ દેશમાં ખાતર ઉત્પાદન-વેચાણમાં નં.૧ ગણાતી ઈન્ડીયન ફાર્મર્સ ફર્ટીલાઈઝર્સ કોઓપરેટીવ લિ. અર્થાત્ ઈફકોના ડાયરેક્ટર પદે ગઈકાલે ભાજપના પૂર્વમંત્રી, ધારાસભ્ય જયેશ રાદડીયા ભાજપના સત્તાવાર મેન્ડેટવાળા ઉમેદવાર બીપીન પટેલને હરાવીને વિજેતા થયા બાદ પ્રદેશ નેતાગીરીને આડે હાથ લેનાર દિલિપ સંઘાણી પણ આજે ઈફકોના ચેરમેન પદે ફરીવાર બીનહરીફ ચૂંટાઈ આવ્યા છે. અગાઉ બીનહરીફ થયેલ ઈફકોની આ વખતની ચૂંટણીથી સૌરાષ્ટ્રના સહકારી ક્ષેત્રના ભાજપના નેતાઓનો ભાજપના દિગ્ગજ નેતાઓ સામે સામે માંડેલો મોરચો ખુલ્લો પડયો છે અને આ મોરચો માંડીને ભાજપના કેટલાક વગદાર નેતાઓની ઈચ્છા વિરૂધ્ધ ધારેલી સફળતા મેળવી છે. ઈફકોમાં સમગ્ર દેશમાંથી ૨૧ ડિરેક્ટરો ચૂંટવાના હોય છે અને આ ચૂંટણી કોઈ સિમ્બોલ ઉપર કે પક્ષના ઉમેદવાર તરીકે લડવાની હોતી નથી. ત્રીસ વર્ષથી જ્યાં ખેતી કરી હોય, વાવ્યુ હોય ત્યાં બીજાને થોડા આવવા દઈએ તેવી વાત સાથે જયેશ રાદડીયાએ અમદાવાદના બીપીન પટેલ (ગોતા)વિરૂધ્ધ ઉમેદવારી કરતા ચૂંટણી યોજાઈ તેમાં પોલ ખુલી ગઈ છે. રાદડીયાને રાજકોટ,મોરબી જિલ્લાના ૯૮ મતો ઉપરાંત ૪૫ મતો અન્ય જિલ્લામાંથી જેમાં ૨૫ મતો તો સૌરાષ્ટ્ર બહાર ગુજરાતમાંથી પણ મળ્યા છે જે બીપીન પટેલને મેન્ડેટ આપનાર ભાજપ માટે જડબાતોડ જવાબ છે. જ્યારે અમિત શાહની નજીક ગણાતા હોવા છતાં બીપીન પટેલને માત્ર ૬૭ મતો જ મળ્યા છે. આ મતો એ સહકારી મંડળીઓએ મુકેલા ડેલીગેટ્સના હોય છે અર્થાત્ સહકારી ક્ષેત્રે કોનુ કેટલું વજન તે આ પરિણામ નક્કી કરે છે. રાદડીયા સામે ભા્જપના બળવાખોરનું બીરૂદ લાગી જતા આજે તેણે જણાવ્યું કે હું ગત ચૂંટણીમાં બીનહરીફ ચૂંટાયો હતો, સૌરાષ્ટ્રની સહકારી મંડળીઓના ૯૮ પ્રતિનિધિઓનું તો પહેલેથી જ મને સમર્થન છે અને આ વખતે મેં તા. ૨૪ના જ ઉમેદવારી નોંધી દધી હતી અને ત્યારે બીપીન પટેલનું કોઈ નામ ન્હોતું. બાદમાં તેણે ફોર્મ ભર્યું અને મેન્ડેટની વાત આવી પરંતુ, આવો કોઈ મેન્ડેટ મને અપાયો જ નથી. બળાબળના પારખામાં મારો જંગી બહુમતિએ વિજય થયો છે. ઉલ્લેખનીય છે કે જો આ વખતે પણ રાદડીયા બીનહરીફ થઈ ગયા હોત તો તો બીપીન પટેલ અને તેનું નામ પસંદ કરનાર ભાજપના દિગ્ગજ નેતાઓનું સહકારી ક્ષેત્રે ચાલતુ નથી તે વાત પણ ખુલ્લી ન થઈ હોત. પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટિલે બે વર્ષ પહેલા સહકારી ક્ષેત્રે ભાજપના નેતાઓ ઉપર અવિશ્વાસ મુકીને તેઓ કોંગ્રેસના નેતાઓ સાથે ઈલુ ઈલુ કરે છે તેમ કહીને મેન્ડેટ આપવાનું શરૂ કર્યું હતુ જે સામે આમ પણ સૌરાષ્ટ્રમાં વિરોધ હતો. આજે દિલિપ સંઘાણી બીજા પાંચ વર્ષ માટે ઈફકોના ચેરમેન તરીકે બીનહરીફ ચૂંટાયા તે પહેલા ગઈકાલે જ ભાજપના નેતાઓમાં પણ તેનો એક વિડીયો વાયરલ થયો હતો જેમાં સંઘાણીએ પક્ષપલ્ટા,ભરતીમેળા સામે ગંભીર આક્ષેપો કરીને કહ્યું કે સવારે કોંગ્રેસમાં હોય, બપોરે ભાજપમાં આવે અને તેને ટિકીટ મળી જાય તેને ઈલુ ઈલુ કહેવાય. રાદડીયાએ ફોર્મ ભર્યા પછી બીપીન પટેલ ફોર્મ ભરે તે પાર્ટીમાં સંકલનનો અભાવ કહેવાય.એકંદરે ભાજપના મેન્ડેટની જાણ નથી તેમ કહીને ભાજપના જ સત્તાવાર ઉમેદવાર સામે સહકારી ક્ષેત્રે ચૂંટણી જંગ જીતતા રાજકીય ક્ષેત્રે ઘેરા પ્રત્યાઘાતો પડયા છે અને આ હજુ શરૂઆત હોવાનું અને ભવિષ્યમાં સહકારી ચૂંટણીમાં પણ તેની અસર પડે તેવી શક્યતા છે. ભાજપના ભરતી મેળાથી અને નેતાઓ,કાર્યકરોને વિશ્વાસમાં લીધા વગર ઉપરથી કોઈને પદ માટે પસંદ કરી દેવાની પ્રવૃતિ સામે સૌરાષ્ટ્ર ભાજપમાંથી મજબૂત અવાજ ઉઠયો છે.

# ધારી તાલુકાના જીરામાં યુવકે ગળેફાંસો ખાઈ લીધો

અમરેલી:ધારી તાલુકાના જીરામા રહેતા એક યુવકને કુટુંબી ભાઇના પત્ની સાથે પ્રેમસંબંધ હોય અગાઉ બંનેએ સજોડે ઝેર પીધુ હતુ જેમા મહિલાનુ મોત નિપજયું હતુ. અને યુવકને સારૂ થઇ ગયુ હતુ. જો કે બાદમા યુવકને મનમા લાગી આવતા તેણે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો.યુવકના આપઘાતની આ ઘટના ધારી તાલુકાના જીરામા બની હતી. અહી રહેતા અશ્વિનભાઇ ભરતભાઇ ચારોલીયા (ઉ.વ.૨૦) નામના યુવકને તેના કુટુંબી ભાઇના પત્ની સોનલ સાથે પ્રેમસંબંધ હોય આજથી એકાદ માસ પહેલા બંનેએ માધુપુરની સીમમા ઝેરી દવા પી લીધી હતી. જેમા સોનલનુ સારવાર દરમિયાન મોત નિપજયું હતુ. અને અશ્વિનને સારૂ થઇ ગયુ હતુ.જો કે પ્રેમસંબંધના કારણે મનમા લાગી આવતા અશ્વિને ગઇકાલે દોરડા વડે ગળાફાંસો ખાઇ જીવન ટુંકાવી લીધુ હતુ. બનાવ અંગે ભરતભાઇ માવજીભાઇ ચારોલીયાએ ધારી પોલીસ મથકમા જાણ કરી હતી. વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ એસ.બી.ખાચર ચલાવી રહ્યાં છે.

### નાતના પટેલ થવાનો બહુ શોખ છે કહી યુવકને માર માર્યો

જાફરાબાદમા રહેતા એક યુવકને તને નાતના પટેલ થવાનો બહુ શોખ છે કહી અહી જ રહેતા એક શખ્સે બોલાચાલી કરી ઢીકાપાટુનો મારમારી ઈજા પહોંચાડી ધમકી આપતા આ બારામા જાફરાબાદ ટાઉન પોલીસ મથકમા ફરિયાદ નોંધાવાઇ છે.સકીલભાઇ અબ્દુલસતારભાઇ મન્સુરી (ઉ.વ.૪૭) નામના યુવકે જાફરાબાદ ટાઉન પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે શહેરીયાર ઉર્ફે શેરૂ આદમભાઇ દરબાન નામના શખ્સે કહેલ કે ગઇકાલના જૈદને તે પોલીસ ફરિયાદ કરાવેલ છે કહી બોલાચાલી કરી હતી.આ શખ્સે કહેલ કે તને નાતના પટેલ થવાનો બહુ શોખ છે કહી ઢીકાપાટુનો મારમારી ઈજા પહોંચાડી હતી. તેમજ મારી નાખવાની ધમકી પણ આપી હતી. બનાવની વધુ તપાસ એએસઆઇ ભોળાભાઇ ચલાવી રહ્યાં છે.

# ઈફકોના ચેરમેનનું રવિવારે ૧૦૧ સંસ્થા દ્વારા અભિવાદન કરાશે



અમરેલી:ઈફકોના નવા વરાયેલા ચેરમેન દિલીપભાઈ સંઘાણી રવિવારે જીવનના સાત દાયકાની સફર પુર્ણ કરતા હોય પ્રગતિ મંડળી તથા અભિવાદન સમિતી દ્વારા વિવિધ ૧૦૧ સંસ્થા દ્વારા તેમના અભિવાદનનો કાર્યક્રમ યોજાશે.કાર્યક્રમ અંગે શ્રી પ્રગતિ ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટીના ચેરમેન ભાવેશ રાદડીયા અને દિલીપ સંઘાણી નાગરિક અભિવાદન સમિતીના કન્વીનર ભરત કાનાબારે જણાવ્યું હતુ કે ૧૨મી તારીખે સાંજે ૬ કલાકે લાઠી રોડ પર ગણેશ પાર્ટી પ્લોટ ખાતે આ કાર્યક્રમ યોજાશે. દિલીપભાઇ સંઘાણી જીવનના ૭૦ વર્ષ પુર્ણ કરી ૭૧ વર્ષમા પ્રવેશી રહ્યાં હોય તેમની કારર્કિદીનુ ધ્યાને લઇ આ કાર્યક્રમનુ આયોજન કરાયુ છે.તેઓ આજે જ ઈફકોના ચેરમેન પદે બિનહરિફ ચુંટાયા હતા. અમરેલી જિલ્લામા કાર્યરત જુદીજુદી ૧૦૧ સંસ્થાઓ દ્વારા અહી તેમનુ અભિવાદન કરવામા આવશે. સાત પગલા આકાશમા નામથી યોજાનારા આ કાર્યક્રમમા કેન્દ્રીય મંત્રી પુરૂષોતમ રૂપાલા અને મનસુખભાઇ માંડવીયા ઉપરાંત પુર્વ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલ, આર.સી.ફળદુ તથા ભુપેન્દ્રસિંહ ચુડાસમા ખાસ હાજરી આપશે.આ પુર્વે શનિવારે સાંજે વિશેષ ગીત સંગીતનો કાર્યક્રમ માર્કેટયાર્ડમા રાત્રે ૯ કલાકે યોજાશે. જેમા હંસાબેન ગજ્જર, સુનીલ પંજવાણી અને સિકંદરખાન પઠાણ સુર રેલાવશે.

# ઝઘડાનું મનદુ:ખ રાખી યુવક પર પથ્થર વડે હુમલો

અમરેલી:સાવરકુંડલામા જેસર રોડ પર વિંઝુડાવાસમા રહેતા એક યુવકને અગાઉ થયેલ ઝઘડાનુ મનદુખ રાખી પાંચ શખ્સોએ છુટા પથ્થરના ઘા મારી ઈજા પહોંચાડતા તેણે આ બારામા સાવરકુંડલા ટાઉન પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે.મળતી વિગત મુજબ,મેહુલભાઇ જેન્તીભાઇ વાઘ (ઉ.વ.૨૨) નામના યુવકે સાવરકુંડલા ટાઉન પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે એક વર્ષ પહેલા ઝઘડો થયો હોય તે મુદ્દે મનદુખ રાખી રાજુભાઇ અને તેમના બહેન તેમજ તનાભાઇ, મણીબેન અને શાંતીબેન નામના શખ્સોએ બોલાચાલી કરી હતી.આ શખ્સોએ ગાળો આપી હતી તેમજ પોતાના ધાબા પરથી છુટા પથ્થરના ઘા મારી માથાના ભાગે ઈજા પહોંચાડી હતી.

### જુગાર રમતી ૫ મહિલા ઝડપાઇ!

જૂનાગઢમાં પોલીસે જાહેરમાં લાઈટના અજવાળે જુગાર રમતી ૫ મહિલાને ઝડપી લીધી હતી. શહેરમાં બિલખા રોડ પર આવેલ હનુમાન ચોક પાસે જાહેર રોડ ઉપર લાઈટના અજવાળે જુગાર રમી રહેલ હેમીબેન બચુભાઈ ચુડાસમા, રંજનબેન મોહનભાઈ રાઠોડ, નીમુબેન દિનેશભાઈ ચાવડા, કિરણબેન દિનેશભાઈ ગોહિલ અને કમળાબેન રાજેશભાઈ રાઠોડને પોલીસે રૂપિયા ૪૫૧૦ની રોકડ સાથે પકડી પાડી કાર્યવાહી કરી હતી.

# રાજુલા: ૧૦જેટલી આંગડિયા પેઢીઓ બંધ રહેતા હાલાકી

રાજુલા: રાજયના અમદાવાદ અને સુરતમાં જેવા શહેરમાં આંગડિયા પેઢીઓ પર તપાસ એજન્સીઓ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે રાજુલામાં પણ ૧૦ જેટલી આંગડિયા પેઢી બંધ રહી હતી. જેના કારણે લાખો રૂપિયાના ટર્નઓવર ઠપ્પ થયા હતા.તપાસ એન્જસી દ્વારા અમદાવાદ અને સુરતમાં આંગડિયા પેઢીઓમાં દરોડા પાડ્યા હતા. અહીં ચેકીંગ હાથ ધર્યું હતું. દરોડાની અસર રાજુલાની આંગડિયા પેઢીઓમાં જોવા મળી હતી. અહીં ૧૦ જેટલા આંગડિયા પેઢીઓ ગઈકાલથી સંપૂર્ણપણે બંધ છે. આંગડિયા પેઢીઓને તપાસ એન્જસીઓનો ભય સતાવી રહ્યો છે. જેના કારણે લાખોના ટર્નઓવર ઠપ્પ થઈ ગયા હતા.રાજુલા આંગડિયા પેઢીના માલિકે જણાવ્યું હતું કે ઉપરથી જ વ્યવહાર બંધ થઈ ગયો છે. જેના કારણે આંગડિયા પેઢીઓને તાળા લાગી ગયા છે. ખોટું તપાસમાં ઉતરવું તેના કરતા આંગડિયા પેઢીને બંધ કરી દેવી હિતાવ લાગી છે. આંગડિયા પેઢીઓ બંધ થતા બેંકમાં લાઈનો લાગી છે. ત્યારે આંગડિયા પેઢીઓ ક્યારે ખુલે તે હજુ કોઈ નક્કી નથી. ત્યારે રાજુલામાં આંગડિયા પેઢીઓ બંધ થઈ જતા લોકોના વ્યવહાર અટકી પડ્યા હતા અને પરેશાની વેઠવી પડી હતી.